કુમાર

સંસ્થાપક: રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક





વર્ષ ૪૮મું · અંક ૧લો

સળંગ અંક

૫૬૫.

જાન્યુઆરી

૧૯૭૧

તંત્રી

બચુભાઈ

રાવત







માનવતા ઉપર ત્રાસી રહી
રણાંગણે શોણિતપુષ્પ
નિચેરે વીર ગાંધી જનાંલા
બાલાંમુખારવિંદ ગુદા!
(ક. ત્રિવેદી)







તૃષિત

શ્રી બેન્દ્રેની સંતર્પક કલા

'કલાકાર જે સમાજમાં રહે છે એ સમાજ પ્રત્યે એનું ઋણ છે; અને મને લાગે છે કે કલાકારનાં સર્જનોનો આસ્વાદ એ સમાજ પામે, પોતાનાં સર્જનના આનંદના ભાગીદાર એ સમાજ બને એ જોવાનું કલાકારનું કર્તવ્ય છે.'...ગયા માસમાં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી તરફથી અમદાવાદમાં યોજાએલા, પોતાનાં ચિત્રોના પ્રદર્શનના ઉદ્ઘાટન વેળા જાણીતા કલાકાર શ્રી એન. એસ. (નારાયણ શ્રીધર) બેન્દ્રએ ઉપર્યુક્ત હૃદયભાવ વ્યક્ત કર્યા હતા. ✪ 'કુમાર'ના ૨૮૭-મા અંકમાં એમના પરિચય સાથે છપાએલાં ચિત્રો પૈકી બે પાછલા પૂઠામાં આપ્યાં છે. તે પછી એમની પીંછી ઇમ્પ્રેશનિઝમ, એક્સ્પ્રેશનિઝમ આદિની લીલા ધારણ કરતી રહીને કદીક હૃદયગત ન થાય એવાં સર્જનો સુધી પહોંચી ગઈ હતી. પણ થોડા સમય પર પાવાગઢમાં ચાલેલા કલાશિબિર વખતે કરેલા સ્કેચો પરથી સર્જાએલાં આ ૧૭ ચિત્રો વાતાવરણની હવા જમાવવાની રંગની જે પારદર્શી રમણા, સંયોજનાનું બાહુલ્ય અસ્પષ્ટમાંથી સ્પષ્ટ થતી હૃદયસ્પર્શી માધુરી ધરાવતાં હતાં તે સંપૂર્ણતયા સંતર્પક હતાં; ને એના ઉદ્ઘાટન પ્રસંગે ઉચ્ચારાએલા કલાકારના શબ્દોને સાર્થ કરતાં હતાં. આ પહેલાં મુંબાઈની તાજ આર્ટ ગૅલેરીમાં પ્રદર્શિત થતાંવાર એ બધાં જ વેચાઈ ગયાં હતાં એમાં આશ્ચર્ય નથી.



યાત્રિક



રસ્તો બનાવનારા→

અનુક્રમ

જાન્યુઆરી ૧૯૭૧ • અંક ૫૬૫

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫.

વાચકો લખે છે....

ડિસેમ્બર અંકમાં 'ચાર્લ્સ ડિકન્સ'નો લેખ ખૂબ જ ગમ્યો. સૌથી વિશેષ 'વાંસ' લેખમાં વાંસની વિશેષતા ને માહિતી ગમી. જાપાનની કલાના નમૂના ગમ્યા. એક પ્રશ્ન પૂછવાનું મન થાય છે: 'વાંસ અંગે એવી વાત સંભળાય છે કે વાંસ જ્યારે જમીનમાંથી નીકળે ત્યારે કડાકા સાથે નીકળે છે. શું આ સત્ય છે?

વળી કેટલાક વાંસ ખૂબ જ પહોળા હોય છે–ત્યાં સુધી કે આસામ તરફ લોકો વાંસમાં અનાજ ભરે છે. આ વાત કેટલે અંશે સત્ય છે?

'કુમાર'ની વિવિધતા, સચોટતા, ઝીણવટ ને ગોઠવણી જોઇને આશ્ચર્ય થયા વિના રહેવું નથી. ખરેખર એ સર્વાંગ સંપૂર્ણ માસિક છે જ.

(સુરેન્દ્રનગર) —વિનોદ પટેલ

[● બહાર આવતા ફણગાનો પોતાનો તો કોઈ અવાજ નહિ થતો હોય પણ એના જોરથી બહાર આવવાથી જમીન પરના અવરોધ ખસેડાવાનો અવાજ આવતો હશે. આસામના પહોળા વાંસ અનાજ ભરવાની કોઠી જેટલા નહિ, પણ આપણી જૂની 'પાલી' જેટલા હશે.]

૫૬૪મા અંકમાં 'અભ્યાસ કેમ કરવો?' એ લેખમાં 'રિવિઝન' શબ્દ છે. સરદાર પટેલ યુનિ. તરફથી પ્રકટ થએલી ડિક્ષનેરીમાં આ શબ્દનો ઉચ્ચાર 'રીવીઝન' છાપ્યો છે. ઓક્સફર્ડ ડિક્ષનેરીમાં 'રીવીઝન' ઉચ્ચાર જ આપ્યો છે. તો આપના માસિકમાં આમ ઉચ્ચારભેદ કેમ?


(મહિસા) —અ. ચુ. દવે

[● Revision, Vision, Measure વગેરે શબ્દોમાં થતો ઉચ્ચાર આમણા 'ઝાડ'ના 'ઝ' જેવો નથી; પરંતુ તાલુસ્થાનમાંથી ઉચ્ચારાતો હોઈ તાલવ્ય 'શ'ની નજીકનું સ્વરૂપ છે. ઑક્સફર્ડ ડિક્શનેરીમાં તેનો ઉચ્ચાર દર્શાવ્યો છે ત્યાં એકલો 'z' નથી પણ 'zh' જણાવ્યો છે, તે પણ એ જ ફરક દર્શાવવા માટે. zooમાં બોલાતા 'ઝ'નો ઉચ્ચાર. 'ગઝલ-ગજલ'માં બોલાય છે તેવો (જઝ જેવો) થાય છે; visionનો 'રૂઝ' થાય છે અને આપણા 'ઝાડ'નો શુદ્ધ 'ઝ' થાય છે, એ ત્રણે આ રીતે જુદા છે.]

ડિસેમ્બર અંકમાં યહૂદી મેનુહીનના ફોટા નીચે તેમનો જન્મ ૨૨મી એપ્રિલ ૧૯૧૬માં થયેલ છાપ્યું છે. મારી પાસે મ્યૂઝિક લવર્સ એન્સાઈક્લોપીડિયા છે તેમાં જાન્યુઆરી ૨૨, ૧૯૧૭ છે. જો 'કુમાર'માં છપાયું છે ને ભૂલ જ હોય તો સુધારો થવો જોઇએ.


(મુંબાઈ-૧૯) —ડી. ડી. રાઠોડ

[● અમારું સાધન Adam and Charles Black પ્રકાશિત Who's Who છે. કોણ સાચું તે અમે કહી શકતા નથી.]





પીનિયલ ગ્રંથિ



પિચ્યુટરી ગ્રંથિ



[illegible] ભાગના સ્રાવનું પ્રમાણ વધે તો [illegible] જાય ને જો ઘટે તો માણસ ઠીંગણો રહે છે.

અંતઃસ્રાવી ગ્રંથિઓ

કાયા-કરામત-૩૩

૧) પીનિયલ ગ્રંથિ [illegible] માં આવેલી આ ગ્રંથિ [illegible] ભજવે છે. એમાં ગંડ [illegible] કોમાં અકાળ પ્રૌઢત્વ આ[illegible] જાતિનેય વિકાસને અંકુ[illegible]

૨) પિચ્યુટરી ગ્રંથિ તાળવાની [illegible] જના તળ ભાગમાં એનું સ્થાન છે. [illegible] ભગ વટાણા જેટલું પણ માનવદેહને ઉપ[illegible] એવા અનેક સ્રાવ સ્રવે છે. એના પાછળના ભાગના સ્રાવ પિચ્યુટ્રિન લોહીનું દબાણ અને મૂત્રનું પ્રમાણ વધારે છે, અન્નમાર્ગની આકુંચન લહરીને વેગ આપે છે. એના આગલા ભાગના સ્રાવ પ્રજનન-ગ્રંથિના સ્રાવ પર સહ-નિયમન ધરાવે છે. એના વધુ સ્રાવથી અકાળે જાતીય પ્રૌઢતા ને ઓછા સ્રાવથી જાતીય ક્ષણપણ પેદા થાય છે. માણસની લાગણીઓ પર પણ આ ગ્રંથિ સ્રાવનો પ્રભાવ છે.

અચંબો યે... / ભાનુપ્રસાદ પંડયા

· શિખરિણી-સૉનેટ ·

ગયા, ને ગે ઊડી પરિઘ અહીં બે કંકણ તણા
સમાએલી લીલા તડતડ થતી, રોજ હીબકે
ધકેલાતું નાનું સુખ સહુ અને સાવ સમીપ
ઉખેડાયું પેલું નજર તણું સૌ નંદનવન!
સમેટાઈ મારા રજની, દિન ને માસ પછી ત્યાં
બન્યાં નિશ્વાસોનું સમીકરણ–જુદું જ ગણિત!

હતી ના જેનાથી ત્વરિત તવ સંગે ઊડી શકી,
વસેલો જે ત્યારે ઉદર અહીં તે ભાર અવ શાં
નિહાળું અંકે ત્યાં ફરી ભૂલી પડું કેશગૂંથણે
તથા એ તેજીલાં નયન થકી ભૂરો પરિચય
પુરાણો આમંત્રે! ક્વચિત બીડી મોંફાડ ઊઘડયે
થતું : ન્હોતી થાશે વળી રસિકતા? આશી ભ્રમણા?
અરે, આ તે કેવું! કંઈક છતું ને કૈંક અછતું
અચંબો ય આવ્યું રૂપ મમ ગૃહે આમ દયિત!

આવો / માધવ રામાનુજ

· શિખરિણી-મંદાક્રાન્તા ·

ઘરે આવો પાછા, સમજણ લઈને સફરની
ઘરે પાછા આવો; ગમગીન બનીને સફરને
ન લંબાવો! પંથે ક્ષિતિજ નમતી જોઈ સતત
અને સંભારીને સતત નમતી વેળ...અટકો!

ન શું ફોરી ઊઠે ઘર, ફળિયું ને ગામ શમણે?
વસેલા હૈયાની નિકટ ધૂળિયા પંથ સીમના,
અને માળે બાંધ્યા કલરવભર્યું ખેતર ઊંડે
નહીં શ્વાસેશ્વાસે, સ્મરણ બનીને? પંથ તમને
કદી યે ના ચીંધે નીરવ રવનું ગાન નભનું–
અહીં શેઢે બેસી નિત નિરખતાં જે ભળકડે?
વળી સંધ્યાટાણે ઘણ રણકતું–ઝાલર સમું
વળે ખીલે પાછું...વિવશ ન કરે કોઈ તમને!
આવો ત્યારે કહીશ નહિ: આવો, પધારો અતિથિ!
–ઊભી હું તો અગણિત યુગોથી અહીં રાહ જોતી.

શાપ / ચીનુ મોદી

· ગાન ·

આંગણામાં ઊભી હું વેઢા ગણું ને છતાં વેઢાથી નીકળે ના માપ,
તુલસીનો છોડ હતો એક વ્હેંત જેવડો તે એક હાથ થાય એનો વ્યાપ;
નેણલાંનાં નીર જઈ સાગર સમાય અને ઊંડેરાં થાય આપોઆપ.
આંગણામાં...

ઓસરતી વેળા અને સૂરજના ડૂબવામાં જોવાનાં હોય જો એંધાણ,
વીંઝાતા વાયરાની પીઠે ચડીને ધૂળ, પળમાં બને છે જાણે રહાણ;
આંગળીની જેમ મેં તો સાચવી છે વીંટી છતાં અણજાણ્યા જેવા થયા આપ
આંગણામાં....

અવળાસવળા તે મને શમણાંઓ મૂંઝવે ને મૂંઝવણનું વિસ્તરતું રાન,
સફળાતાં બારણાં ને સુનાં છે આંગણાં ને આંગણાંમાં તૂટેલાં પાન;
તૂટેલા પાંદડાને ડાળી થઈ જોવાનો પામી છું આ તે કેવો શાપ!
આંગણામાં...

દુર્લભ ક્ષણો / મૌન બલોલી

· કટાવ ·

અહીં ધૂંસરે ઝૂલેલો હું,
ભીંતે ભીંતે તાણેલાં મેં સાચાં ખોટાં નામ,
નિહાળી હરખાવું'તું વ્હાલપ કેરું ગામ.

વળી આ મહાદેવની છાયામાં મેં
કૈંક ઠીંગલા કૈંક ઠીંગલીના પાલવડે
બાંધી બાંધી, કૈંક વળાવી વ્હેલ.
ગોંદરે રચ્યા હતા જે ગ્હેલ રેતના
એમાં વસતો કેટકેટલો આજે એ વસ્તાર!
હજી યે એનો છે અણસાર.

ચીભડાં વાડે વાડે છીંડાં પાડી
ચોર્યાં એનો હજી સળવળે સ્વાદ.
વચોવચ તળાવમાં પેઠેલાં પાણી પીવા બ્હાને
એ ઢોરુને બ્હાર કાઢવાના ડચકારા હજી સાંભળું.

ગોફણિયે વીંઝેલા પથરા ચબૂતરે આવીને પડતાં
કબૂતરાં શૈશવનાં ભોળાં ઊડી ગયાં જે
હજી ન પાછાં આવ્યાં,–
એનો શમ્યો નથી ઘુઘવાટ;
વાટમાં કદી કદી પડછાયા જોવા મળે પાંખનાં
નીડ તરસતાં રહ્યાં આંખનાં.

મળે / આઝમ કરીમી

· ગઝલ ·

પુણ્યનું–કે પાપનું કંઈ ફળ મળે;
આપના દીદારની જો પળ મળે.

પાછલા રસ્તા બધા સૂના હતા;
જોઇએ–કે શું હવે આગળ મળે.

કોઈ પ્યાસી હાથ લાંબો નહિ કરે;
માગીએ પાણી અને મૃગજળ મળે.

મોતનું કારણ ભલે કંઈ હોય ના,
જીવવાની કોઈ તો અટકળ મળે!

મહેરબાન છે / સૈયદ 'રાઝ'

· ગઝલ ·

એથી વધુ જરૂર નથી એનું ભાન છે,
નીચે ધરા છે, માથા ઉપર આસમાન છે.

શંકા થઈ રહી છે મને મારા દુઃખ વિષે,
જેને મળું છું, મારા બધા મહેરબાન છે.

આપી રહ્યો છું દાદ હું મારા નસીબને,
મારી છે નૌકા, એમને હસ્તક સુકાન છે.

રૂપકમાં જિંદગીની હકીકતને હું કહું?
જાણે કોઈ સ્વમાનીએ ત્યાગેલું દાન છે.

સારું થતે જો એનો સહજ ભાસ પણ થતે,
સૌને ભરમ છે 'રાઝ' ઘણો ભાગ્યવાન છે.

આજની મૂંઝવણ

આરતી પરેરા

'શાળા કે કૉલેજનું શિક્ષણ લેવાથી શું માણસ મહાન બની જતો હશે? કેટલા બધા માણસો ઓછું ભણેલા હોય છે—અરે અભણ હોય છે, અને છતાં ય ઘણા હોશિયાર હોય છે. ઘણા તો ખૂબ આગળ વધેલા, અને કેટલાક તો પોતાના ક્ષેત્રમાં મહાન છે, તેનું શું!

કેટલા બધા ગ્રૅજ્યુએટો આજે બેકાર રખડે છે. અને કેટલા બધા ઓછું ભણેલા માણસોએ સિદ્ધિનાં ઊંચાં શિખરો સર કર્યાં છે! ભણ-અભણનો ભેદ આજે રહ્યો છે જ ક્યાં! અમે આટલી બધી મહેનત કરીએ છીએ ને ઊંઘ વેચીને ઉજાગરા લઈએ છીએ, અમારાં માબાપ આટલો બધો ખર્ચ ને અમારે માટે આટલી બધી ચિંતા કરે છે, અમારા જીવનનાં કેટલાં બધાં કિંમતી વર્ષોનો અમે શિક્ષણમાં વ્યય કરીએ છીએ; પણ આ બધાંનો અર્થ શો? બેકારી, હતાશા ને છેવટે...'

તમારામાંના ઘણાને આજે આવા વિચારો આવતા હશે. પણ કેવળ આપણે ત્યાં જ નહિ, દુનિયાના બધા જ દેશોમાં આજે એવી સામાજિક ને રાજકીય પરિસ્થિતિ પ્રવર્તે છે, એવા બનાવો બની રહ્યા છે, ને તે એવી રીતે બની રહ્યા છે કે દુનિયાની પ્રજાઓ જીવનનાં ઉચ્ચ મૂલ્યોમાંથી શ્રદ્ધા ગુમાવી બેઠી છે, અને એને પરિણામે માનવીની સ્થિતિ પાયા વગરના ઘર જેવી, કેવળ વાંસના છાપરા જેવી થતી જાય છે. વિચારનું એક વાવાઝોડું આવતાંની સાથે એ હવામાં ઊડી જાય છે. આજના જગતનો મુખ્ય સવાલ જીવનમાં શ્રદ્ધા પ્રેરવાનો છે.

કોઈ પણ માણસ 'મહાન' હોય છે તો તેનો અર્થ એટલો જ કે એ જન્મથી જ એવો હતો. એની કુદરતી શક્તિઓ વિશિષ્ટ હતી, એના સંજોગો ખાસ હતા, ને એનો સદુપયોગ કરીને આગળ વધવા માટેનો એનો પુરુષાર્થ પણ આગવો જ હતો. કોઈ શિક્ષણસંસ્થા એવો દાવો કરતી નથી કે અમારે ત્યાં શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓ 'મહાન' બની જશે. શાળા કે યુનિવર્સિટી એવી કોઈ ટંકશાળ નથી કે જ્યાંથી દર વરસે મહાન પુરુષો રૂપી સિક્કાઓ સેંકડોની સંખ્યામાં બહાર પડ્યે જ જાય. આપણે જેને ઓછું ભણેલા કે અભણ માનીએ છીએ તેમને ઉચ્ચ શિક્ષણ નથી મળ્યું અથવા તો શાળામાં જવાનું નથી બન્યું એટલું જ; આમ [illegible] પણ તેઓ ઘણા આગળ છે. તેનો ખુલાસો એ [illegible] કે તેઓ જન્મથી જ મહાન હતા; એમના સંજોગો ને એમનો પુરુષાર્થ મહાન હતો; પોતાની જાતને એમણે પોતે જ કેળવણી આપી હતી. જીવનની દેવતા કોઈને એમ ને એમ મહાન વરદાનો આપતી નથી.

જેમ મહાનતાને અને શિક્ષણને કોઈ સીધો સંબંધ નથી એ જ રીતે શિક્ષણને અને બેકારીને પણ કોઈ જ સીધો સંબંધ નથી. માણસ નોકરીમાં હોય કે વેપારધંધામાં, આગળ વધવા માટે બીજી અનેક શક્તિઓની જરૂર રહે છે. એકલું શિક્ષણ મેળવવાથી બધો અર્થ સરી જતો નથી. દરેક માણસે આવકનાં સાધનો શોધી કાઢવાં જોઈએ ને બને તેટલી વધારે સંપત્તિ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ એ તો સૌકોઈ સમજે છે. પણ શિક્ષણ ઉપરાંત માણસમાં સ્ફૂર્તિ, સાવધાની ને, સાહસબુદ્ધિ હોવાં જોઈએ. વળી દેશની રાજકીય કે સામાજિક સ્થિતિ મુશ્કેલ હોય તો એવા સંજોગોમાં દરેક જણે થોડુંઘણું સહન કરવું પડે છે. એટલે શિક્ષિતોની બેકારી માટે શિક્ષણને દોષ દઈ શકાય નહિ. વધારે ભણેલો માણસ ઓછું કમાતો હોય તો તે માટે બીજાં ઘણાં કારણો હોઈ શકે.

જીવન પોતે જ એક રહસ્યમય ઘટના છે. **Life is not a straight line; it is a curved line.** જિંદગી એ કંઈ ભૂમિતિની સીધી લીટી નથી કે એના ઉપર ૯૦ અંશને ખૂણે બીજી સીધી લીટી દોરીએ એટલે બે સરખા કાટખૂણા થઈ જાય. જીવનની ગતિ અટપટી છે. કયા માણસના જીવનમાં કયે વખતે કેવા સંજોગો ઊભા થશે તેનું કશું કહી શકાય નહિ. કયો માણસ કેટલો આગળ વધશે ને કોણ કેટલું પાછળ રહી જશે તેની ત્રિરાશી અહીં કોઈ માંડી શક્યું નથી, ને એવા દાખલા ગણનારાઓને કોઈ દહાડો સાચો જવાબ મળ્યો નથી. કૃષ્ણ અને સુદામા એક જ ગુરુના વિદ્યાર્થી હતા. સુદામાનો અભ્યાસ કૃષ્ણ કરતાં કદાચ વધારે સારો પણ હતો. આમ છતાં સુદામાને કૃષ્ણ પાસે હાથ લંબાવવા જવું પડવાની સ્થિતિ આવે છે ને એ લાચાર બનીને વિચારે છે:

'એ થઈ બેઠો પૃથ્વીપતિ,
મારે તુંબડી ને લાકડી!'

'ઉત્તરરામચરિત' નાટકમાંના કવિ ભવભૂતિના નીચેના શ્લોક જુઓ:

ગુરુજી શીખવે એવી રીતે ગુણી જડ બેઉને,
પ્રહણ કરવે શક્તિ દે ના, ન ઓછી કદી કરે;
ફરક ફળમાં તો યે મોટો પડે નજરે નમી,
વિમલ મણિ લે ઝીલી તેવું સુબિંબ ન ઠીકરી.

ગુરુ તો સૌ વિદ્યાર્થીઓને સરખીરીતે શીખવે છે; કોઈની શક્તિમાં વધારોઘટાડો નથી કરતા. છતાં કેટલાક વિદ્યાર્થી તેજસ્વી હોય છે ને કેટલાક નબળા હોય છે, કેમ કે બધાની ગ્રહણશક્તિ સરખી નથી હોતી. મણિ સૂર્યનું બિંબ ઝીલીને તેજસ્વી પ્રતિબિંબ પાડી શકે છે, એ શક્તિ ઠીકરીમાં નથી હોતી.

ચારે બાજુના સંજોગો જોઈને આપણે થાકી જઈએ, હારી જઈએ, ને નિરાશાવાદી બનીને નકારાત્મક દલીલો કર્યા કરીએ એમાં આપણી શોભા નથી, કે નથી કશો ભલીવાર વળવાનો. એક તરુણ તરીકે આપણે હમેશાં એમ માનવું જોઈએ કે આપણે સ્વતંત્ર છીએ, આપણે કોઈના દબાણથી શિક્ષણ લેતા નથી. જે રાહ આપણે અપનાવ્યો છે તે બહુ વિચાર કરીને અપનાવ્યો છે, ને એનું પરિણામ સારું જ આવવાનું છે.

આપણને કૉલેજમાં આવવાનું મળ્યું છે, તક મળી છે, તો યથાશક્તિ જે કંઈ ગ્રહણ કરી શકાય તે કરી લેવું જોઈએ. જે સંસ્થામાં બેસીને આપણે ભણીએ છીએ તેના તરફ ઋણબુદ્ધિ ને માન હોવાં જોઈએ. જેમની સામે બેસીને ભણીએ છીએ તેમના માટે આદર હોવો જોઈએ. ખામીઓ ક્યાં નથી? કોનામાં નથી? સંપૂર્ણતા તો ઈશ્વર સિવાય બીજે ક્યાં છે? અભ્યાસક્રમો, પાઠ્યપુસ્તકો, પરીક્ષાની પદ્ધતિઓ, તે અંગેનાં સાધનો, તેના ઉપયોગ, અધ્યાપકોની લાયકાતો ને તેમનાં પગારનાં ધોરણો ને વિદ્યાર્થીઓની ફી વગેરે પ્રશ્નો ને તેમાં સુધારા કરવાના પ્રયત્નો આજથી નહિ છેલ્લા પચાસ વર્ષથી ચાલી રહ્યા છે. અને જે ચીલે જીવાતા જીવન સાથે અસંગત છે તેમણે જવું જ પડશે,—આજે નહિ તો કાલે. પણ એવા મુશ્કેલ પ્રશ્નોની ચિંતા માથે વહોરી લઈને, તમારા સ્વીકૃત કર્તવ્યમાંથી ચાતરીને 'હઇસો હઇસો'માં પડવાનું નથી કે દુનિયાના કાજી થઈને તેની ફિકરમાં દૂબળા પડવાનું નથી. તમારી સાચી ચિંતા તમારા અભ્યાસ વિષે, તમારા હાથ પરના કર્તવ્ય વિષે, તમારા પ્રાપ્ત ધર્મ વિષે હોવી જોઈએ. □

અનુસંધાન]**અભ્યાસ કેમ કરવો**[પૃ.૨૫થી

તેનો અભ્યાસ કરવો પડે છે! અને એ બધું શિક્ષણ પૂરું કર્યા પછી નોકરી મળશે જ તેની શી ખાતરી?

તમારામાંના ઘણાને આજે આવા વિચારો આવે છે. પણ આ વિચારસરણી તર્કશુદ્ધ નથી. આજે સામાન્ય વાતચીતમાં શિક્ષણને ઉતારી પાડવા માટે જે દલીલો કરવામાં આવે છે તેના જવાબ આ ઉપરના લેખમાં આપ્યા છે તે મુજબ હોઈ શકે. □

‘ગઈ કાલની પહેલાંના અને આવતીકાલ પછીના પુરુષ’નું બિરુદ પામનાર

ફ્રાન્સનો પરાક્રમપુરુષ

જનરલ ચાર્લ્સ દ ગૉલ

વિશ્વયુદ્ધમાં શરણાગતિની બદનામીમાંથી અને બીજી વાર આંતરવિગ્રહ-માંથી—એમ બબ્બે વાર જેણે પોતાના પૌરુષપ્રભાવ વડે ફ્રાન્સને બચાવ્યું —અને ફ્રાન્સની ભવ્યતા અને પ્રતાપ માટે જે જીવનભર મથ્યા



‘કીર્તિ ને ઐશ્વર્ય એમને જ વરે છે જેઓ સદા એનાં સ્વપ્નાં સેવે છે.’

લીઓનાર્દો દ વિન્ચી, જુલે વર્ન અને એચ. જી. વેલ્સે જે કલ્પના કરી હતી તે લોખંડી કિલ્લેબંધીવાળી વિનાશક રણગાડી ‘ટૅન્ક’ રૂપે મૂર્ત થઈ ને જ્યારે પહેલા વિશ્વયુદ્ધમાં યુદ્ધના મેદાનમાં ઊતરી ત્યારે બ્રિટન અને ફ્રાંસના એ નવતર બખ્તરિયા વાહને જર્મન યુદ્ધહરોળની બધી આડશો-અવરોધોને કચડી હાહાકાર મચાવી દીધો. ત્યારથી મુકાએલા તણખાએ તે પછીનાં વર્ષોમાં જર્મનીનાં કારખાનાંઓમાં જે આગ પેટાવી તેના ભડકા ઉત્તરોત્તર વિસ્તરતા જ ગયા; અને અંતે, દુનિયા ડઘાઈ જાય એટલા અફાટ પોલાદી બખ્તરધારી જર્મન સૈન્યે યુદ્ધભૂમિની ચીલાચાલુ સંરક્ષણ-રચનાઓને છિન્નભિન્ન કરી નાખીને ઑસ્ટ્રિયા, બોહેમિયા ને પોલૅન્ડના માર્ગે કૂચ કરી એક પછી એક દેશો ધમરોળવા માંડયા. બીજા વિશ્વયુદ્ધનો એ આરંભ હતો.

અગાઉ પોતે જેનાથી રોળાયા હતા એ ટૅન્કોને જર્મનો ભૂલ્યા નહોતા. પણ જર્મનીને હરાવનાર રાષ્ટ્રો વિજયના કેફમાં બેફામ રહ્યાં. એ કાળે હિટલરના નેતૃત્વમાં જર્મની જે ભીષણ તૈયારી કરી રહ્યું હતું તેનું ભાન જે થોડા જણને હતું તેમાં એક ફ્રૅન્ચ લશ્કરી અફસર પણ હતો.

એ યુવાન તે હમણાં ગયા નવેમ્બરમાં જેનું અવસાન થયું તે જનરલ ચાર્લ્સ દ ગૉલ. યુદ્ધકાલીન મહાન પંચાયતનમાંના ત્રણ અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટ, રશિયાના સરમુખત્યાર સ્ટૅલિન ને બ્રિટનના તારણહાર ચર્ચિલ પછી ફ્રાંસના આ પરાક્રમ-પુરુષ દ ગૉલના અવસાનથી જગતના રાજનૈતિક ઇતિહાસના એક વધુ પ્રકરણનાં પાનાં પૂરાં થયાં છે.

ઇ.૧૮૯૦ની ૨૨મી નવેમ્બરે ફ્રાંસના લિલે નામના નાના નગરમાં એનો જન્મ થએલો. ચાર્લ્સ આંદ્રે જૉસેફ મારી દ ગૉલ એ એનું પૂરું નામ. ઓગણીસમી સદીના એ અંતિમ દસકામાં તો ફ્રાંસ સુખ શાંતિ ને સમૃદ્ધિમાં આળોટતું હતું. ઈ. ૧૮૭૦-’૭૧ના પ્રશિયન વિગ્રહમાં વેઠવી પડેલી મુશ્કેલીઓ હવે ભુલાઈ જવા માંડી હતી, અને સૈન્યની પુનરંચના, વિદેશી વસાહતોમાં સીમા વિસ્તાર ને ઘરઆંગણે કલાવિજ્ઞાનના વિકાસની વસંત બહેકતી હતી. તેવા સમયમાં ઊછરતો નાનો ચાર્લ્સ વડીલો પાસેથી અવારનવાર પ્રશિયન સૈન્યોએ ફેલાવેલા આતંકની જે વાતો સાંભળતો તે પોલાદની અણીએ તેના અંતરમાં કોતરાઈ જતી.

ઇતિહાસ, ફ્રૅન્ચ સાહિત્ય અને મહાપુરુષોનાં જીવનચરિત્રોના લેખકો તરીકે દ ગૉલ પરિવાર ફ્રાંસમાં જાણીતો હતો. ઘરમાં જ્ઞાન-વિજ્ઞાનનાં સંખ્યાબંધ પુસ્તકો હતાં. પિતા હાંરી (હેન્રી) દ ગૉલ કૅથલિક સંપ્રદાયના ચુસ્ત અનુયાયી હતા. પુત્રને એ ઘણી વાર દેવળમાં ઑર્ગન સાંભળવા કે પ્રાર્થનાસભાઓમાં સાથે લઈ જતા. એ પારી(સ)ની વિખ્યાત જેસ્યુઈટ કૉલેજમાં દર્શનશાસ્ત્ર ને ફ્રૅન્ચ સાહિત્યના પ્રાધ્યાપક હતા એટલે ચાર્લ્સને માટે પારી(સ) એ બીજું ઘર હતું.

આવા સમૃદ્ધ ને સાંસ્કારિક વાતાવરણમાં ઊછરતા છતાં ચાર્લ્સને તો માત્ર એક જ મનેચ્છા હતી: સૈનિક બનવાની. એ માટે જરૂરી પ્રવેશ-પરીક્ષા ઘણી સારી રીતે પસાર કરીને ફ્રાંસની ખ્યાતનામ ‘મિલિટરી અકાદમી ઑાવ સેન્ટ સાયર’માં વીસ વર્ષની વયે માનભેર પ્રવેશ મેળવ્યો. ત્યાં એની છ ફૂટ ચાર ઇંચની ઊંચાઈ મિત્રોમાં રમૂજનું કારણ બનતી.

એક વખત સમગ્ર યુરોપને હચમચાવી દેનાર સમ્રાટ નેપોલિયને સ્થાપેલી એ સૈનિકશાળામાં કૉર્સિકન યુદ્ધરીતિ સાથે તેણે નેપોલિયનના સમયનો પણ ઊંડો અભ્યાસ કર્યો અને એ પૂરો થતાં સેકન્ડ લેફ્ટેનન્ટના હોદ્દા સાથે એ સૈન્યમાં જોડાયો. ત્યાર પછીની વારંવારની બદલી ને સ્થળાંતરોને કારણે ફ્રાંસના ખૂણેખૂણાનો એને પરિચય મળ્યો.

પણ ચાર્લ્સને હજી ચોવીસ વર્ષો પૂરાં નહોતાં થયાં ત્યાં તો પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. તેત્રીસમી પાયદળ રેજિમેન્ટમાં એને લેફ્ટેનન્ટ તરીકે બઢતી મળી અને ત્યાર પછીના એના જીવનમાં અનેક રીતે અગત્યનો ભાગ ભજવનાર ત્યારના કર્નલ પેતાના ગાઢ પરિચયમાં એને આવવાનું થયું. ચાર્લ્સની શક્તિ જોઈ કર્નલ પેતાંએ તેને પોતાની રેજિમેન્ટમાં કંપની કમાન્ડરનું પદ આપ્યું.

એ યુદ્ધનાં પહેલાં બે વર્ષમાં મળેલા અનુભવો તેને એણે પોતાના પુસ્તકમાં બહુ સચોટ રીતે ઉતાર્યા છે. યુદ્ધભૂમિ પર ખોદેલી ખાઈઓમાં ગાળવા પડેલા એ દિવસો સંભારતાં એણે લખ્યું છે: ‘આક્રમણ તો શું, આત્મરક્ષણ માટે પણ અશક્ત એવા ખખડીને લોથ થઈ ગએલા અમે એ ખાઈઓમાં અકડાઈ ને જડ જેમ ભરાઈ રહેતા.:: ખાઈઓની લડાઈમાં અજબ સાહસિકતા, કાર્યકુશળતા ને યુદ્ધકૌશલનું બંને પક્ષે દર્શન થવું; ટૂંકી-સાંકડી જગ્યાઓમાં મહિનાઓ સુધી ચાલતી લડાઈઓમાં બેશુમાર વીર સૈનિકો માર્યા જતા અને બીજું અનર્ગળ



જર્મન સૈન્ય ફ્રાન્સની ધરતીને ધમરોળતું ધપી રહ્યું હતું; પારી(સ)નું પતન હાથવેંતમાં હતું; તેના માર્શલ પેતાંએ શરણાગતિ કરી હતી; ફ્રાન્સ નિરાશા ને નામોશીની ગર્તામાં ગળચિયાં ખાતું હતું. એ હતાશાની પળે એક હિંમતભર્યું પગલું ભરીને લંડન પહોંચેલા દ ગોલનો અવાજ આકાશવાણી પર ગર્જી ઊઠ્યો : 'ફ્રાન્સના યોદ્ધાઓ! ફ્રાન્સની સરકારને શત્રુને શરણે જવાનો કોઈ અધિકાર નથી ...ફ્રાંસ એકલું નથી...તે સ્વતંત્ર બનશે જ, ને વિજયી બનીને જ રહેશે...બધા જ મુક્ત ફ્રાંસવાસીઓ લડતા રહો. જ્યાં હો ત્યાં લડો; જેમ લડી શકાય તેમ લડો; દેશભરમાં ઠેરઠેર મુક્તિસેનાઓ ઊભી કરો...ફ્રાંસના પ્રતિકારની જ્વાળા હરગીઝ બુઝાવી ન જોઈએ.'

નુકસાન થતું. રાત્રે જો કે કંઈક રાહત રહેતી, છતાં માથે ભય તો ઝઝૂમતો જ રહેતો; એના ઓળા નીચે ત્યારે બીજા દિવસની તૈયારીઓ તથા દારૂગોળા ને ખોરાકની હેરફેર ચાલતી, અને ઘાયલોને પાટાપિંડી પણ ત્યારે જ થઈ શકતાં. પછી એક નવી સવાર ઊગતી, ધીરે રહીને એકાદ તોપગોળો વછૂટતો—જાણે નિશાન બરાબર છે કે નહિ તેની ચકાસણી થતી હોય તેમ, ને પછી ફરી સામસામે કરોડો ગોળીઓની તડાતડી ચાલુ થઈ જતી. અને એ તાસીરા વચ્ચે બંને પક્ષની હરોળો જ્યાં હોય ત્યાં ખોડાઇ રહેતી—કંઈ પણ નિર્ણય વિના. હજારોનાં બલિદાનો આમ દેવાઈ જતાં—કંઈ પણ વિજય વિના.' લેખન તો એનામાં પેઢીઉતાર હતું ને? આમ, યુદ્ધભૂમિ પર એનું ઘડતર પરિપક્વ બન્યું.

ઈ. ૧૯૧૪ના ઑગસ્ટમાં બેલ્જિયમમાં ડિનાન્ટ મુકામે એ ઘવાયા. પણ એ ઘા પૂરા રુઝાય તે પહેલાં તો ફરી એ શૅમ્પેન મુકામે હુર્લસની લડાઈમાં હાજર થઈ ગયા. ત્યાં ફરી ઘાયલ થયા, ને તેમાંથી ઊઠી વર્દૂની ભયંકર લડાઈમાં પહોંચી ગયા. ત્યાં ફરી એક તોપગોળાએ એમને પાડી દીધા. ફ્રેંચ સૈનિકોએ તો એમને મરેલા જ માની લીધા, પણ પાછળથી જર્મન ચોકિયાતોને હાથે ચડી જતાં એમણે એમને જર્મની મોકલી આપ્યા, જ્યાં આરામ થતાં કેદ છાવણીમાં લઈ જવામાં આવ્યા. જ્યારે પોતાના દેશબાંધવો સ્વદેશ માટે લડી રહ્યા હોય ત્યારે ચાર્લ્સને પરદેશમાં શત્રુઓના કેદી તરીકે રહેવું કેમ ગમે! પાંચપાંચ વાર એમણે નાસવાના પ્રયાસો કર્યા, ને પરિણામે વધુ ને વધુ બંધનો ને સજા પામતા રહ્યા.

અંતે ઈ. ૧૯૧૮ની ૧૧મી નવેમ્બર એમને માટે આનંદની ઊગી. તે દિવસે યુદ્ધ બંધ થયું. તે દિવસે ફ્રાંસ વિજયી ઠર્યું. થોડા જ સમયમાં એ સ્વદેશ પાછા ફર્યા. કેદ-છાવણીએ એમની તબિયત તો ભાંગી નાખી હતી છતાં ઘેર પહોંચતાં જ એ ફરી ફરજ પર હાજર થઈ ગયા. ત્રણ વર્ષ બાદ ૧૯૨૧માં પોલૅન્ડમાં એમની નિમણૂક થઈ જ્યાં તેઓ ત્યાંના તારણહાર વિખ્યાત માર્શલ પિલ્સુદ્સ્કીના નિકટ પરિચયમાં આવ્યા.

ત્યાં તો એમની પેલી પેઢીઉતાર શક્તિએ એમને એક નવી જ નિમણૂક અપાવી : ભાષાની શૈલી, વક્તવ્યની છટા અને વિચારોની રજૂઆત પરના એમના પ્રભુત્વને લીધે પારી(સ)માં લશ્કરના જનરલ સ્ટાફ માટેની વિખ્યાત સૈનિકશાળા 'ઇકોલ દ ગ્યૂરે'માં એ અધ્યાપક તરીકે નિમાયા, જ્યાં તેઓ યુદ્ધકૌશલ ને વ્યૂહરચનાઓનું શિક્ષણ આપતા.

અહીં ફરી એક વાર એમના જીવનમાં માર્શલ પેતાં આવ્યા. ફ્રેંચ સૈન્યની આદર્શ મૂર્તિ અને વર્દૂના વિજેતા એ પેતાંના 'એઈ દ કાંપ' તરીકે એમની નિમણૂક થઈ, ને જ્યાં સુધી પેતાં કમાન્ડર ઈન ચીફ રહ્યા ત્યાં સુધી તેઓ સતત એમની પાસે જ રહ્યા.

હવે મેજર બનેલા દ ગૉલને તે પછી હાઈનલૅન્ડમાં રાખેલી એક ફ્રેન્ચ બટૅલિયનના કમાન્ડર તરીકે ટ્રાએર જવું પડ્યું. ત્યાં લોકમાનસની પોતાની પરખ, મુત્સદ્દીગીરી અને જર્મન ભાષાના જ્ઞાન વડે તેમણે ત્યાંના જર્મન અધિકારીઓ સાથે ઘણી સરળતા સ્થાપી. એ યુદ્ધોત્તર કાળમાં ફ્રાંસના ઘણા લશ્કરી અમલદારોને કેટલીક વાર રાજનૈતિક ફરજો પણ બજાવવી પડતી. દ ગૉલને પણ નજીક-પૂર્વના દેશોની સ્થિતિ તપાસવા માટે ખાસ મોકલવામાં આવ્યા. આ વળી નવો જ અનુભવ હતો.

ઇજિપ્ત, અરબસ્તાન અને ઈરાનમાં ઘણું ફ્રેન્ચ હિત સંકળાએલું હતું. ઠેક નેપોલિયનના કાળથી ફ્રેન્ચ ભાષાથી સુપરિચિત એ મુસ્લિમ દેશો હવે ધીરેધીરે બ્રિટિશ હિતનાં વર્તુળોમાં સરી રહ્યા હતા. એવા એ કાળમાં દ ગૉલે ત્યાં ફ્રેન્ચ હિતની સંભાવના જોવાની હતી. આ નિમિત્તે તે એલેપ્પો, દમાસ્કસ ને બગદાદ વગેરે સ્થળે જે ત્રણ વર્ષ રહ્યા તેના અનુભવોને પણ એમણે ગ્રંથસ્થ કર્યા છે.

ત્યાંથી પાછા ફરતાં ઈ. ૧૯૩૨માં સંરક્ષણ ખાતામાં જનરલ સેક્રેટરી તરીકે એ નીમાયા, જે જવાબદારી એમણે ચાર વર્ષ સંભાળી. દરમિયાન સૈન્યમાં ટૅન્કો અને અન્ય યાંત્રિક સામગ્રી વધારવાના એમના આગ્રહથી તેના વધુ અભ્યાસાર્થે એમને મોકલવામાં આવ્યા ને પછી ૧૯૩૭માં મેટ્ઝ મુકામે ૫૦૭મી ટૅન્ક રૅજિમેન્ટના કમાન્ડર તરીકે એમની નિમણૂક થઈ.

આ અગત્યની ગૅરિસનમાં તેઓ ૧૯૩૯ સુધી રહ્યા તે દરમિયાન, વર્ષોથી જેનો તેમને અંદાજ હતો એ જર્મન સૈન્યની વિસ્તાર-પ્રવૃત્તિઓ ને તેના યુદ્ધસરંજામની તૈયારીઓનો તેમને પાકો ખયાલ મળવા લાગ્યો. હવે પછીનું યુદ્ધ જર્મની કઈ રીતે લડશે તેની તેમને લગભગ ખાતરી થઈ ગઈ. આ અંગે વારંવાર એમણે પોતાના ઉપરી અધિકારીઓને ચેતવ્યા, ફ્રેંચ સૈન્યને પણ એ રીતે સજ્જ કરવા એમણે અનેક વખત આગ્રહ કર્યો, પણ પોતાના જૂના ખયાલોમાં રાચતા એ અધિકારીઓને મન આ માણસ ઊલટો અકારો બની ગયો.

અંતે જે નિશ્ચિત હતું તે થયું જ. ૧૯૩૯માં જર્મનીએ પડકાર ફેંક્યો અને હજારોની સંખ્યામાં ટૅન્કો ને બખ્તરિયા વાહનોનું જાણે કે પ્રલય-પૂર વહેતું મૂક્યું. ચાર્લ્સ દ ગૉલે સેવેલો ભય અંતે ખરો પડ્યો.

પોતાની અભેદ માનેલી મૅગિનોટ હરોળના વ્યૂહ પર મુસ્તાક સેનાનાયકોને દ ગૉલે અનેક વાર ચેતવીને ફ્રાંસના સૈન્યને યંત્રાધાર આપવા આગ્રહ કરેલો. ટીકાકારોએ ત્યારે એને 'મિસ્ટર મોટર' કહી હસી કાઢેલા. ફ્રાંસની લશ્કરી દૃષ્ટિ ત્યારે માત્ર સંરક્ષણાત્મક જ હતી. આક્રમણની એને કોઈ ઇચ્છા નહોતી. યુદ્ધની જાણે હવે કોઈ સંભાવના જણાતી ન હતી. પરંતુ દ ગૉલના યુદ્ધસિદ્ધાંતો ખરા પડ્યા; અને છેવટે જ્યારે એને બખ્તરી ડિવિઝન સોંપાયું ત્યારે એણે બહાદુરીથી સામનો કર્યો, દ ગૉલની જુનીઅર કૅબિનેટ મિનિસ્ટર તરીકે બઢતી થઈ.

પણ એ બધું હવે બહુ મોડું હતું. યુદ્ધની લગામ જેને સોંપાઈ હતી એ, આગલા યુદ્ધના વીર નેતા રેનૉડ પણ હવે પારી(સ)નું પતન અટકાવી શકે તેમ નહોતા. હિંમત હારી રેનૉડે રાજીનામું આપ્યું ને 'વર્દૂના વિજેતા' માર્શલ પેતાં વડા પ્રધાન બન્યા. એ પણ ભાંગી (અનુ. પૃ. ૩૭)

શેક્સપીઅરનાં નાટકોનાં વાર્તાંતર અને સંસ્કૃત નાટકોનાં કથાસ્વરૂપની પેઠે હવે

ગ્રીક ટ્રૅજેડીનાં વાર્તારૂપ

['ટ્રૅજેડી' માટે અનેક ગુજરાતી શબ્દો વપરાય છે. 'શોકાન્તિકા' ન ચાલે, કારણ કે 'અન્ત' એ જ 'ટ્રૅજેડી'નું નિર્ણાયક તત્ત્વ નથી; વળી, 'ઇડિપસ ઍટ કૉલોનસ' જેવા નાટકમાં, જ્યાં ઇડિપસને, આખરે, માગ્યું મોત મળે છે ત્યાં, અંત શોક-પર્યવસાયી નથી. 'કરુણાન્તિકા' કે 'કારુણિકા'થી ચલાવી શકાય, પણ એમાં 'ટ્રૅજેડી' દ્વારા વ્યક્ત થાય છે તે બધી અર્થ-છાયાઓ વ્યક્ત થતી નથી. એટલે જેમ સૉનેટ શબ્દ અપનાવાયો તેમ 'ટ્રૅજેડી' શબ્દ અપનાવવો જ રહ્યો એમ હું માનું છું.]

કનુભાઈ જાની



સૉફોક્લિસ

પ્રાક્-કથન

વિશ્વના ઉત્તમ નાટ્યસાહિત્યનો વિચાર કરતાં જ યાદ આવે ૧૯મી સદીના ઉત્તરાર્ધનું ઈબ્સન-સ્ટ્રીન્ડબર્ગ-પ્રભાવિત સ્કૅન્ડિનેવિયન નાટક, ૧૭મીનું મૉલિયેર-રેસિન-પ્રભાવિત ફ્રેન્ચ નાટક, એલિઝાબેથન કાળનું શેક્સપીરીઅન નાટક, એથી સુદૂરનું પોણા બે-એક હજાર વરસજૂનું કાલિદાસ-શૂદ્રકનું ભારતીય નાટક અને અઢીએક હજાર વરસ-જૂનું એસ્કિલસ-સોફોક્લિસ-યૂરીપીડિસ-ઍરિસ્ટોફેનસનું ગ્રીક નાટક. જૂનામાં જૂનાં ઉપલબ્ધ નાટકો એ ગ્રીસનાં. તેમાં ય એક જ નગર-ઍથેન્સનાં. એ દૃષ્ટિએ ઍથેન્સ વિશ્વનાટ્યનું તીર્થસ્થળ.

ત્યાં ઉદ્‌ભવેલી 'ટ્રૅજેડી' તે 'કરુણાન્ત નાટક' નહિ, એક આગવું જ તત્કાલીન ગ્રીક નાટ્યસ્વરૂપ;—એવું, કે જેમાં નાટ્ય, નૃત્ય, સંગીત ને કવિતા ચારેયનો સુમેળ સધાયો હતો. પૌરાણિક પાત્ર-પ્રસંગને સજીવ કરીને એ કોઈ ગંભીર રહસ્યને રજૂ કરતું. પીટર આર્નોલ્ડે સારું સ્પષ્ટીકરણ કર્યું છે: ' The Greek used 'tragedy' rather in the sense of a serious treatment of some moral question as personified in characters of myth or legend."

આવી 'ટ્રૅજેડી'ઓમાં સર્વશ્રેષ્ઠ તો સોફોક્લિસની. જણ ભારે ભાગ્યશાળી. ઈ. સ. પૂ. ૪૯૫માં શ્રીમંત પિતાને ત્યાં જન્મ્યો. ત્યારે ઍથેન્સનું ઈરાન સાથેનું યુદ્ધ ચાલુ હતું. એની પહેલાંનો એસ્કિલસ બીચારો ત્રીસ વરસથી એ યુદ્ધમાં જોડાએલો, છેક ૪૫નો થયો ત્યારે એણે સ્વાતંત્ર્ય જોયું; પણ ત્યારે, એ વિજયોત્સવની કૂચને દોરનાર હતો એક ૧૫ વર્ષનો સ્વરૂપવાન, સુદૃઢ બાંધાનો, નૃત્યાભિનય-સંગીત-કુશળ, અનાવરિત દેહે Attic Bee જેવો લાગતો કિશોર. એ જ સોફોક્લિસ. માત્ર ૨૮ની ઉમરે નાટ્યસ્પર્ધામાં ભાગ લીધો ત્યારે વૃદ્ધત્વે પહોંચેલા પ્રસિદ્ધ નાટ્યકાર એસ્કિલસ પર એણે પ્રથમ પ્રયત્ને જ વિજય મેળવ્યો—જે મેળવતાં એસ્કિલસને ૪૧ વર્ષ ને યૂરીપીડિસને ૪૪ વર્ષ ગાળવાં પડેલાં. આવી તો ૩૧ સ્પર્ધાઓનો એ વિજેતા એમાંથી ૨૪માં પ્રથમ, ને બાકીનીમાં દ્વિતીય આવેલો. એસ્કિલસ માત્ર ૧૩વાર ને યૂરીપીડિસ માત્ર પાંચજ વાર જીતેલા. વૃદ્ધત્વ સુધી—મૃત્યુ સુધી એની કારયિત્રી પ્રતિભા નવનવોન્મેષ દાખવતી જ રહી. એની પછીના નાટ્યકાર યૂરીપીડિસનું મૃત્યુ થયું તે ય એણે જોયું એટલું દીર્ઘાયુ—૯૦ વર્ષનું એ પામ્યો. ઍથેન્સના રાજ્યમાં ટ્રેઝરર જેવી ઉચ્ચ મહત્ત્વની પદવી પણ પામ્યો. અને ગ્રીસની પડતીનો કાળ મંડાય તે પહેલાં જ એ મૃત્યુ પામ્યો. ગ્રીસનાં સુખ, શાન્તિ, વિકાસ ને સમૃદ્ધિનો સર્વશ્રેષ્ઠ કાળ તે એના જીવનકાળ. છતાં એણે પોચટ લાગણીઓ રમાડી નથી! સમૃદ્ધિની છોળો વચ્ચે એણે ઍન્ટિગોનીની એકલતા અનુભવી; ક્રિયોનને તે શાસનને રસ્તેથી અભિમાન તરફ ને ત્યાંથી પાછા ન વળી શકાય તેવી વેદનામાં જીવતો દટાતો જોઈ શક્યો. માનવ-જીવનની વિપરીત સ્થિતિ કરુણા છલકતે કલ્પનાનેત્રે જોઇને એણે ગાયું:

Never to have been born is much the best.

અહીં જન્મ્યા જ ન હોત તો કેવું સારું થાત! વેદનાડૂબ્યા માનવી સાથેના હૃદયસાયુજ્યે ઉદ્‌ભવ્યો કરુણાવતાર-ટ્રૅજેડીનો.

એણે નાટકો તો લખ્યાં છે એકસોવીસ જેટલાં, પણ મળ્યાં છે આખાં સાત જ. એમાં રાજા ઇડિપસના વંશને લગતાં ત્રણ નાટકો છે: 'ઇડિપસ ધ કિંગ', 'ઇડિપસ ઍટ કૉલોનસ' અને 'ઍન્ટિગોની'. એ સિવાયનાં ચાર તે 'એજેક્સ', 'મેઈડન્સ ઓ' ટ્રેઈકીઝ', 'ઇલેક્ટ્રા' અને 'ફિલોક્ટેટસ'. એક સૅટાયર-પ્લે (કટાક્ષ નાટિકા)નો ખંડ પણ મળ્યો છે- 'ટ્રૅકર્સ'. એને નાટ્યવિદો જગતનું પ્રથમ ડિટેક્ટિવ નાટક ગણે છે. 'ઑન ધ કોરસ' એ ચર્ચાગ્રન્થ એણે લખ્યાનું અને એ કાળે ચર્ચાવર્તુળ ચલાવ્યાનું મિ. લુકાસ નોંધે છે, પણ એને કાંઈ આધાર નથી.

સોફોક્લિસનું બીજું અવિસ્મરણીય પ્રદાન રંગભૂમિને. ત્રીજું પાત્ર ઉમેરીને નાટકને એણે સંકુલ વસ્તુવાળું, વ્યવસ્થિત ગતિયુક્ત નાટ્યાત્મક સંવાદોવાળું અને પાત્રોની આવનજાવનવાળું કર્યું. દૃશ્યાનુરૂપ પાર્શ્વભૂ ઊભી કરવા માટે ચિત્રાદિનો સહારો લેવાની પ્રથા શરૂ કરીને એણે તખ્તાને સજીવની સાથેસાથે રંગીન પણ બનાવ્યો. ટ્રાયૉલૉજીને સ્થાને એક સ્વ-

તંત્ર નાટકને પ્રતિષ્ઠિત કર્યું. એસ્કિલસના જમાના સુધી કવિ તે નાટયલેખક, દિગ્દર્શક, અદાકાર, સંગીતકાર—બધું હતો; એને બદલે જુદાંજુદાં કામો જુદાજુદા કલાવિદોમાં વહેંચી દેવાની પ્રથા એણે પાડી. મિ. નિકોલે તો, આ દૃષ્ટિએ, 'સચેતન રંગભૂમિનાં બીજ'એણે વાવ્યાં' ત્યાં સુધીની મહત્તા એના આ કાર્યની આંકી છે! કોરસની સંખ્યા ૧૨-૧૫ની એણે નિશ્ચિત કરી તે તો ઠીક, પણ કોરસ નાટયનો જ એક અંતર્ગત અંશ બની જાય એમ ટ્રૅજેડીમાં એને વણી લેવાની કળા એણે સિદ્ધ કરી બતાવી. એનાથી ગ્રીક ટ્રૅજેડીનું પંચાંગી સ્વરૂપ નિશ્ચિત થયું. એ સ્વરૂપ ને તેની અસરને ખયાલમાં લઇને જ ઍરિસ્ટૉટલે ટ્રૅજેડીનું જે વિવેચન કર્યું તેનાથી પશ્ચિમની વિવેચના આરંભાઈ.

સળંગ ઇડિપસ કથા રજૂ કરતાં એનાં ત્રણ નાટકો એક સળંગ નાટયત્રયી રચના નથી, એ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. ત્રણે સ્વતંત્ર નાટકો છે. પ્રત્યેકનું આગવું જ રચનાવિધાન છે. પ્રત્યેકને આગવા જ પ્રશ્નો છે. સોફોક્લિસે આ નાટકો જુદે જુદે સમયે રચેલાં છે. આ ન જાણનાર, માત્ર સમાન કથાવસ્તુથી દોરવાતો વાચક 'ઇડિપસ ઍટ કૉલોનસ'માં પોતાને 'વૃદ્ધ' તરીકે ઓળખાવતા ક્રિયોનને 'ઍન્ટિગોની'માં વધારે વૃદ્ધ જોવાને બદલે નવજુવાન પુત્રના પિતા જેવડો શક્તિશાળી આધેડ જુએ, ત્યારે એને એમાં આલેખનની અસંગતિ લાગે.

આ માટે એનો રચનાક્રમ જાણવો જરૂરી છે. પહેલું લખાયું 'ઍન્ટિગોની'-એની પંચાવન વર્ષની વયે. તે પછી સોળ વર્ષે લખાયું 'ઇડિપસ ધ કિંગ', જે કથામાંના ઘટનાક્રમે તો પહેલું આવે; ત્યારે એની વય ખાસ્સી ૭૦-૭૧ વર્ષની, ને ઍથેન્સના યશોવૈભવનો સૂર્ય હતો મધ્યાહ્નને. તે પછી ૧૮-૧૯ વરસ બાદ, છેક નેવુંની ઉંમરે, કદાચ એના આયુષ્યના આખરી વર્ષમાં રચાયું. 'ઇડિપસ ઍટ કૉલોનસ', એની છેલ્લી રચના, જે ઇડિપસની કથાનો ક્રમ જોતાં બીજું આવે. ત્યારે ઍથેન્સમાં દેવની જેમ પૂજાતા આ માનવને પોતાના જ પુત્રો કોર્ટમાં ઘસડી ગયાનો વરવો અનુભવ થઈ ચૂકયો હતો! એમાં એણે મુક્ત મને કરેલી ભૂમિપ્રશસ્તિનું એક કારણ જાણવા જેવું છે: એમાંનું કૉલોનસ તે સોફોક્લિસનું જન્મસ્થળ.

સોફોક્લિસની સર્વોત્તમ કૃતિ બાબતમાં મતભેદ છે. કેટલાક 'ઇડિપસ ધ કિંગ'ને શ્રેષ્ઠ ગણે છે, કેટલાક 'ઍન્ટિગોની'ને. એ બંનેનાં અનુકરણો-આજ સુધી થતાં રહ્યાં છે. આજે જ્યારે બધે શાસનનું આધિપત્ય દેખાય છે ત્યારે એકલ અંતરની, એ સામેની, ઉજ્જ્વળ પ્રબળ ઉદ્‌ઘોષણા તરીકે 'ઍન્ટિગોની' વધુ સ્પર્શી જાય તેમ છે. એનો પ્રધાન સૂર પણ રણકયા કરે તેવો છે: My nature is to share in love, not hate.

એની કથા ગુજરાતીમાં એક વાર લખાઈ ગઈ છે 'ગ્રીક સાહિત્યનાં કરુણરસ-પ્રધાન નાટકોની કથાઓ' નામે પુસ્તકમાં સૌ. લવંગિકાબહેન મહેતાને હાથે. પણ એ તો મૂળ લેખકનો નામનિર્દેશ સુધ્ધાં કર્યા વિના કરેલો કોઈક પુસ્તકનો તરજુમો છે. મૂળ લેખકે પણ નાટક કરતાં કથારસને જ મહત્ત્વનો લેખેલો હોઈ, કેટલુંક પૂર્વ-ઉત્તર-કથામાંથી વધારાનું આવે, ઘટનાક્રમ પણ પલટાય, સ્થળનિર્દેશમાં કલ્પના ચલાવાય—તે બધું સ્વાભાવિક છે. કેટલાક વિગતદોષો પણ મૂળના જેમનાતેમ ઊતરી આવ્યા છે.

આ પછી આવતા માસથી શરૂ થનાર માળામાં મૂળ નાટકના અંગ્રેજી અનુવાદોને આધારે, નાટકનો ઘટનાતંતુ જાળવીને વાર્તા કહેવાનો પ્રયત્ન થયો છે, જેથી કથા દ્વારા પરિચય મળે ટ્રૅજેડીનો;—અલબત્ત, કથારૂપ જે મર્યાદા આંકે તેમાં રહીને જે મળે તે.

પૂર્વકથા

થીબ્સ નગરના કેડમસ વંશના ઇડિપસ રાજાની આ કથા છે. ગ્રીક શબ્દ 'ઇડિપસ'ના એક અર્થ થાય 'સૂજેલા પગવાળો', બીજો અર્થ (Oida+Pous) 'જ્ઞાનમાર્ગી.' ઇડિપસ માટે આ બે ય વાત સાચી હતી. એના પિતા લાયસે, એમની હત્યા એમના જ પુત્રને હાથે થશે એવી ભવિષ્યવાણીથી પ્રેરાઈ, પોતાના નવજાત શિશુને પગે કાણાં પાડી, એને સળિયાથી જકડી દઈ, એને પૂરો કરવા માટે એક ગોવાળને સોંપ્યો, ત્યારે એ ગોવાળે દયાથી પ્રેરાઈ એને છાની રીતે બીજા દેશના ગોવાળને, ને એણે વળી કોરિન્થનાં નિઃસંતાન રાજારાણીને સોંપ્યો, ત્યારે એના સૂજેલા પગને જોઇને રાજાએ નામ પાડયું 'ઇડિપસ'.

જુવાન ઇડિપસને એક વાર પોતાના જન્મ સંબંધી કંઈક રહસ્ય હોવાની શંકા જતાં, એણે ડેલ્ફીના મંદિરે જઇને એ જાણવાની કોશિશ કરી તો વળી ભવિષ્યવાણી સંભળાઈ: 'તું તારા પિતાનો હત્યારો થઈશ; તું જ તારી માતાને પરણવાનું પાતક વહોરીશ...' ત્યાંથી એ નાઠો, નક્કી કરીને કે પાછા કૉરિન્સ આવે એ જ બીજા; દૂર દૂર નીકળી જવું છે. ચાલ્યો. રસ્તામાં પારનેસસની ખીણમાં એક રથારૂઢ વૃદ્ધ સાથે ઝઘડો થતાં વૃદ્ધે એના પર ઘા કર્યો, એટલે એણે એને પૂરો કર્યો. આગળ ચાલ્યો ત્યાં રસ્તે એક નગર આગળ મળ્યું રાક્ષસી સ્ફિંક્સ. કહે: 'ઊભો રહે. મારા પ્રશ્નનો જવાબ આપ. ખોટો પડે તો તને ખાઉં; ખરો પડે તો હું મરી જાઉં.' પ્રશ્ન હતો, 'પહેલાં ચાર, પછી બે ને છેવટે ત્રણ પગે ચાલતું પ્રાણી કયું?' જવાબ આપ્યા વિના છૂટકો નહોતો. 'માણસ' જવાબ સાચો પડતાં જ રાક્ષસી પ્રાણી ધરણીએ ઢળ્યું. ને એ થીબ્સ નગરના લોકો એના ત્રાસમાંથી બચ્યા, ને ત્યારે એમનો રાજા ગુમ થએલો એટલે એને જ રાજ્ય સોંપ્યું. રિવાજ મુજબ રાણી જૉકાસ્ટનો એ પતિ પણ બન્યો. નિરાંતે રાજ્ય કરવા લાગ્યો. એનાં બાળકો—બે રાજકુમારો ને બે રાજકન્યાઓ-પણ મોટાં થયાં.

ત્યાં નગર પર ભયંકર રોગચાળો ફેલાયો. કારણ શોધતાં, પિતૃહત્યારો, માતાને જ પરણનાર આ થીબ્સ નગરમાં વસે છે, એ જણાયું. એણે જ મહેનત લઇને શોધ આદરી. પરિણામ જાણીને જૉકાસ્ટાએ ફાંસો ખાધો, ઇડિપસે પોતે છતી આંખે, ભાવિ જાણવા છતાં, અધમ આચરણ કર્યા બદલ પોતાની આંખો ફોડી. રાજ્ય ક્રિયોનને-જૉકાસ્ટાના ભાઇને સોંપ્યું. એની પાસેથી સજા માગી લીધી; દેશવટો ને અજ્ઞાત પરિભ્રમણ.

એના પરિભ્રમણમાં એની સાથે રહી એની મોટી દીકરી ઍન્ટિગોની. એને વારંવાર મદદ કરતી રહી નાની દીકરી ઈઝમિની. રઝળતો રવડતો એ કોલોનસમાં અવસાન પામ્યો. એ દરમિયાન રાજ્ય મેળવવા પરસ્પર કાવાદાવા કરતા પુત્રોને એણે ઘણુંય વારેલા ને છેવટે શાપ આપેલો: 'આમ ને આમ કપાઈ મરજો.' એમ જ બન્યું. થીબ્સની રાજગાદીના અધિકાર માટે ઝઘડતા પુત્રોમાંથી પૉલિનીસસે તો પરદેશ-આર્ગોસ જઇને ત્યાંથી લશ્કર લાવી, પોતાની પિતૃભૂમિ થીબ્સ પર હલ્લો કર્યો. બીજો ભાઈ ઇટિયોકલ્સ ક્રિયોનની સાથે રહી, પૉલિનીસસની સામે લડયો. બંને ભાઇઓ એકબીજાને હાથે હણાયા. રાજ્ય મામા ક્રિયોનના હાથમાં આવ્યું.

યુદ્ધને બીજે જ દિવસે ક્રિયોને ફરમાન બહાર પાડયું: 'ઇટિયોકલ્સ વતન માટે શહીદ થયો, એના શબનું રાષ્ટ્રીય સન્માન સાથે દફન થયું છે; પણ પૉલિનીસસે દેશદ્રોહ કર્યો છે. એનું શબ રઝળતું જ રહેવા દેવાનું છે—કાગડાકૂતરા એનો અંતિમવિધિ કરશે. કોઈ માણસે એની અંત્યેષ્ટિ કરવાની નથી; કરનારને દેહાંતદંડની સજા થશે. આ ફરમાન પછીનું પરોઢ ઊગે છે. હજી અંધારું પૂરું ગયું નથી. ત્યાંથી 'ઍન્ટિગોની' આરંભાય છે. (ચાલુ)

'તમારી ટિકિટ છે પાટણની, ને આ ગાડી તો વડોદરે જાય છે.'
'તે એમાં મને શું કહો છો! જઇને ડ્રાઈવરને કહો.'

કોર્ટમાં બે વકીલ લડી પડયા.
એક: તમે ગધેડા છો!
બીજો: ગધેડા તો તમે છો!
ન્યાયાધીશ: તમે બંને અંદરો અંદર લડો નહિ હું અહીં હાજર છું.

પશુ-માનવની વાર્તા

બાદશાહ

શિવપ્રસાદ જોષી

'બાદશાહ' આમ તો માછીમારનો કૂતરો હતો. માછીનું નામ આગ્રા. અમીરબાનુ અર્ગુલેનિયાના હાથમાં એ આવ્યો ત્યારે બે વર્ષનો, હાડકાના માળખા જેવો ગંદો કૂતરો હતો. કાઉન્ટેસ સ્વચ્છતા અને સૌંદર્યનો જીવતોજાગતો નમૂનો હતાં, અને ઘ્રાણેન્દ્રિય એટલી સંવેદનશીલ હતી કે જરાસરખી બદબૂ આવે તો બેભાન બની જતાં. તાજી અને સ્વચ્છ હવા મળે તે માટે તેઓ રોમ નગરની બહાર દૂર આવેલા વિલામાં રહેતાં. તેમનો પતિ કાઉન્ટ રોમમાં જ પડ્યો પાથર્યો રહેતો. સિગારેટો ફૂંક્યા કરવી, યુવાન સ્ત્રીમિત્રોના વર્તુળમાં રઝળપાટ કરવી, રાજકારણ અને ઉદ્યોગના શેરસટ્ટામાં રચ્યાપચ્યા રહેવું એ તેની મુખ્ય પ્રવૃત્તિ. કાઉન્ટેસ સાથે પોતાનો મેળ બેસાડવાના પ્રયત્નોમાં નિષ્ફળ ગયા પછી તેણે 'એકલો જાને રે' સૂત્ર અપનાવ્યું હતું. કાઉન્ટેસ દૂર દરિયાકાંઠે વિલામાં રહેતાં.

એક વાર ફરીને પાછા ફરતાં વિલા તરફ જતાં હતાં ત્યાં આ કૂતરો ઝૂંપડા બાજુથી આવ્યો. એ તેમની સમક્ષ પાછલા બે પગે બેસી ગયો, આગલા પંજાથી અભિવાદન કર્યું અને આછો દયામણો અવાજ કાઢ્યો—દબાવેલા રુદન જેવો. જાણે કે રુદનમાંથી પણ શ્રદ્ધા ગુમાવી બેઠો હોય એવો એ પ્રાણીનો દેખાવ અનુકંપા પ્રેરે તેવો હતો-એક દાંત પડી ગયો હતો, શરીર પર માર માર્યો હોય તેવા અને દોરીથી સખત બાંધી રાખ્યાનાં નિશાન હતાં.

કાઉન્ટેસે તેના તરફ ક્ષણ માટે જોયું, અટક્યાં, આંખો બંધ કરી અને પાછાં ચાલતાં થયાં. દસેક ડગલાં માંડ ગયાં હશે ત્યાં જાણે કોઈ પોતાનો હાથ પકડીને ખેંચતું હોય તેવી લાગણી થઈ. પાછાં ફર્યાં. કૂતરો દયાજનક રીતે આશાના ચૂરેચૂરા થયા હોય તેમ અનિમેષ તેમને નીરખી રહ્યો હતો. પાસે જઈ કાઉન્ટેસે પૂછ્યું: 'શું છે તારે?'

ફરીથી એ જ દયામણો અવાજ! કાઉન્ટેસને લાગ્યું કે કૂતરાની આંખમાં આંસુ છે. સુઘડ અને શ્રીમંત અને સ્વચ્છ હોવા છતાં તેમનું હૃદય તો અંતે સ્ત્રીનું હતું. પોતાને બાળકની લપ જરા યે ગમતી નહિ, છતાં બાળકો કેટલાં વહાલાં હતાં?

કૂતરાને તેમણે ઉપાડી લીધો. ઘેર લઈ જઈ સાબુથી ખૂબ નવડાવી ટુવાલથી શરીર લૂછ્યું. સાબુની વધેલી ગોટી દાટી દીધી અને ટુવાલને સળગાવી દીધો. દૂધ અને માંસ ખાવા આપ્યાં. પોતે આ બધું ખાતાં પહેલાં મરી જવાનો હોય તેમ કૂતરો ખોરાક પર તૂટી પડ્યો. પછી કાઉન્ટેસે જનાવરોના ડૉક્ટરને બોલાવી તેની ચિકિત્સા અને દવા કરાવી. ત્રણચાર દિવસમાં કૂતરાના દીદાર ફરી ગયા. પોતાને નવું જીવન અપનાર કાઉન્ટેસ તરફ તેની વફાદારી અને પ્રેમનો ધોધ વરસી રહ્યો. કાઉન્ટેસને છોડી કૂતરો ક્યાં ય જતો નહિ. કાઉન્ટેસ બહાર ગયાં હોય તો તેમની પથારી તરફ નાક રાખી, કલાકો સુધી પ્રતીક્ષા કરતો બેસી રહેતો.

પાંચમે દિવસે માછી કાઉન્ટેસને દરવાજે આવ્યો અને બે હાથમાં હૅટ પકડી ઊભો રહ્યો: 'પગે પડું છું... કાંઈક ભૂલ થઈ ગઈ લાગે છે...બાઈસાહેબ તો દયાળુ છે. ભૂલથી કૂતરો લઈ ગયાં લાગે છે. હું લેવા આવ્યો છું!'

રસોડામાંથી બહાર નીકળી રસોયાએ કહ્યું: 'બહાર નીકળ અહીંથી; ભૂંડની જેમ ચાલ્યો આવે છે તે!–લાત મારીને બહાર કાઢવો પડશે.'

માછીમાર આગ્રાને ઢીંચવાની ટેવ હતી. સ્વભાવ પણ એકદમ ઉશ્કેરાઈ જાય એવો. તેને કૂતરા પ્રત્યે લાગણી હતી જ નહિ—કૂતરાની જરૂર પણ ન હતી. એની બૈરી એના માથાની હતી. માછીમારને ચીડવવા ખાતર જ કૂતરો ખાસ રાખતી. છોકરાંઓ સૌથી નપાવટ હતાં; પૂછડીએ દોરી બાંધી તેને દરિયાકિનારે આમથી તેમ ઢંઢોળતા કે દરિયાના પાણીમાં ફેંકતા, અને તે તરફડિયાં મારીને કાંઠે આવતો તે રમૂજથી નિહાળતાં. દુઃખ ને કષ્ટ માથે પડતાં તોપણ કૂતરો ફરીફરીને તેમની પાસે જ આવતો.

એટલે પોતાના પ્રશ્નનો જવાબ આપનાર બાઈસાહેબનો રસોયો છે એ ભાને આગ્રાને શૂરાતન ચડ્યું: 'અલ્યા ભાઈ, તું કોણ છો વચ્ચે ડફાકિયા મારનારો? તારી બાઈસાહેબ શું સમજી બેઠાં છે? હું કૂતરો પાછો લેવા આવ્યો છું!' રસોયાએ તરકીબ અજમાવી: 'હવે તારી પાસેથી મચ્છી લેવાનું બંધ!'

આગ્રાએ ગર્જના કરી: 'મચ્છી ન લે તો કાંઈ નહિ. એક તો મારો કૂતરો ઉપાડી ગયા અને ઉપરથી શિરજોરી? પોલીસને ખબર કરું છું.'

એટલામાં કાઉન્ટેસ ત્યાંથી પસાર થયાં અને વાતચીતના છેલ્લા શબ્દો સાંભળી પૂછ્યું: 'કૂતરાની શી વાત છે?'

આગ્રા એકદમ નમ્ર બની ગયો: 'અરે બાઈસાહેબ! આપ આવાં મોટાં અમીર માણસ. હું એક નાચીઝ ગરીબ માછીમાર, સાવ નાનો માણસ. ઘેર એક બૈરી, નાનકડું હોડકું, સાત છોકરાં, સમજ્યાંને બાઈસાહેબ? કૂતરો એક જ મારી મૂડી છે...મારા ઉપર દયા કરો.'

આગ્રાને જોઇને કૂતરો ઘરના એક ખૂણામાં સંતાઈ ગયો.

કાઉન્ટેસે કહ્યું: 'કૂતરો કેમ પાળવો તે તો જાણતો નથી. કૂતરો રાખવાનો તને અધિકાર જ નથી. તારો કૂતરો હું ખરીદી લઈશ. બોલ શું લઈશ?'

આગ્રાએ વધુ લાચારી બતાવી: 'અરે બાઈસાહેબ, હું ગરીબ, આપ અમીર. ક્યાં ગાંગો તેલી અને ક્યાં રાજા ભોજ! એ કૂતરાને તો મેં કેળવેલો છે. એના વિના હું શું કરું અને ક્યાં જાઉં?'

કાઉન્ટેસે વધુ લાલચ આપી: 'પૈસા બોલને—કેટલા આપી દઉં?'

આગ્રાને મનમાં ચટપટી થઈ. વીસ લાયર તો હદ કહેવાય. કોઈ ન આપે. પણ આ બાનુ પૈસાદાર છે. માછીમારે જાળ ફેંકી: 'આ કૂતરાની કિંમત સો લાયર ગણીએ તો પણ ઓછી છે.'

કાઉન્ટેસે તાબડતોબ હુકમ કર્યો: 'આને સો લાયર ગણી આપો.' અને ત્યાંથી ચાલ્યાં ગયાં, કૂતરો પણ બે પગ વચ્ચે પૂછડી નાખી પાછળ ચાલ્યો. તેને ખબર પડી ગઈ કે મૂળ ધણી સાથે નવા માલિકને પોતાના વિષે સોદો થઈ ગયો છે. રસોયાએ સો લાયર નોટોમાં ગણી આપતાં માછીને કહ્યું; 'ઉપાડ, સાલા સુવ્વર!' માછીએ મૂછે તાવ દેતાં કહ્યું: 'આ તો ઓછા લીધા છે-બસો પૂરા લેવાનો હતો.'

વળી બેચાર દિવસ પછી ટોપલામાં મચ્છી ભરીને માછી વિલા તરફ ગયો ત્યારે કૂતરો તાજોમાજો બનીને બેઠો હતો. તેને ગળે લાલ ચામડાનો સરસ પટ્ટો બાંધ્યો હતો અને તેવાં રૂપાનાં બોર ટાંક્યાં હતાં. તેની રુંવાટી સરસ રીતે ઓળેલી હતી. કોઈ જાણે ન રુચતું દૃશ્ય જોતો હોય તેમ સ્વગત તે બોલી ઊઠ્યો: 'મારા પગમાં પગરખાં નથી; પાટલૂન પણ ચારણી જેવું છે; અને આ કુત્તાને ગળે રૂપેરી ઘંટડી! મેં તો જિંદગીમાં હજામતેય કરાવી નથી ને 'બાદશાહ'ને તો વાળ કાપીને ઓળે છે!'

રસોયો એને જોઈ ગયો. પાસે બોલાવીને ધમકાવ્યો: 'જો ભાઈ, આ કૂતરો હવે તારો નથી. તને કોઈ ન આપે તેટલા પૈસા—પચાસગણા ચૂકવ્યા છે. હવે તારાથી અમે ગળે આવી ગયાં છીએ. તારી માછલી હવે મફતમાં ય ન જોઈએ. જા બીજે ટળ!'

વાર્તા ૬

વૈતાળ પચ્ચાસી

ગોટાળો!

વિનોદ ભટ્ટ

–અને મડાને સિદ્ધવડ પરથી ઉતારી, ખાંધે નાખી રાજા વિક્રમ ફુલ્લેણી તરફ ચાલતો થયો એટલે મડાએ તેને વારતા કહેવા માંડી:

'યવન દેશના એક નગરમાં અલાઉદ્દીન નામે પ્રોફેસર રહેતો હતો. એ પ્રોફેસરી નહોતો કરતો, છતાં પ્રોફેસર તરીકે જાણીતો હતો; કેમ કે તે જાદુગર હતો. અને હે વિક્રમ, તું તો જાણે છે કે સામાન્ય પોલીસને જમાદાર, સામાન્ય ફોરમૅનને ઉસ્તાદ, હોટેલના સામાન્ય મહેતાજીને મૅનેજર, ને સામાન્ય જાદુગરને પ્રોફેસર તરીકે ઓળખાવું ગમે છે, ને તેમાં એ ગૌરવ લે છે. આ અલાઉદ્દીન પાસે એક જાદુઈ ચિરાગ હતો. એ ચિરાગની જાણ માત્ર બે જણને હતી: એક ખુદ અલાઉદ્દીનને ને બીજી એ ચિરાગ ઘસવાથી પ્રકટ થતા રાક્ષસને—જીનને. પોતાને કંઈ પણ જરૂર પડે ત્યારે અલાઉદ્દીન જાદુઈ ચિરાગ ઘસીને જીનને બોલાવતો.

એક રાત્રે મોટી મૂંઝવણમાં આવી પડેલા અલાઉદ્દીનને કેં માર્ગ ન સૂઝતાં એણે પેલા ચિરાગને જોરથી ઘસવા માંડ્યો. 'ધડામ્'–એવા મોટા અવાજ સાથે અલાઉદ્દીન બેઠો હતો તેની સામેની જમીનમાં મોટો ખાડો પડી ગયો ને એમાંથી ધુમાડાના ગોટેગોટ નીકળવા સાથે એ ધુમાડામાંથી એક મહાકાય રાક્ષસ ઉત્પન્ન થયો, ને 'જી હજૂર' કહેતો અલાઉદ્દીન સામે બે હાથ જોડીને ઊભો રહ્યો.

'તું આમ દર વખતે મોટામોટા ખાડા પાડીને આવે છે અને ઘરની ફરસ બગાડે છે એ સારું નથી.' અલાઉદ્દીને અણગમો વ્યક્ત કરતાં કહ્યું.

'જેવો હુકમ હજૂર, હવેથી એવી કસૂર નહિ કરું.' એમ કહી હાથ ફેરવીને તેણે જમીન હતી તેવી કરી દીધી ને બોલ્યો: 'બંદાને કેમ યાદ કર્યો?'

'તું મારી પ્રેમિકાને તો ઓળખે છે ને?' અલાઉદ્દીને પૂછ્યું.

'આપની પસંદગી લાજવાબ છે! હવે ફરમાવો. બંદાને કેમ બોલાવ્યો છે?'

'વાત એમ છે કે એ છોકરીનો બાપ એને મારી સાથે પરણાવવા ખુશી નથી; એટલે...'

'અરે અબઘડી એ ગુસ્તાખ બાપને આપનાં કદમોમાં પટકું છું...' કહી જીને પીઠ ફેરવી, ત્યાં તો અલાઉદ્દીને બરાડો પાડી તેને રોક્યો:

'સબૂર, સબૂર! પૂરી વાત તો સાંભળ. તું તો બેવકૂફ છે...'

'એટલે તો આપનો ગુલામ છું.' રાક્ષસે નરમાશથી કહ્યું. એની હાજરજવાબી પર અલાઉદ્દીન હસી પડ્યો, ને બોલ્યો: 'તારે એના બાપને નહિ, ખુદ એ છોકરીને ઉપાડી લાવવાની છે. મારે એની સાથે નિકા પઢવા છે.'

'હમણાં જ ઉપાડી લાવું, સાહેબ...'

'ના, અત્યારે તો એનો બાપ જાગતો હશે... એ ઊંઘી જાય પછી ઉઠાવજે, નહિ તો પાછું પોલીસનું લફરું ઊભું થશે.'

'જી, સાહેબ...' કહી જીન ધુમાડો બની ઓગળી ગયો.

ચાર-પાંચ દિવસ વીતી ગયા છતાં જીન દેખાયો નહિ, એટલે અલાઉદ્દીને જાદુઇ ચિરાગ ઘસ્યો. 'ધડામ્' અવાજ સાથે મોટો ખાડો પાડીને, આંખો ચોળતો ચોળતો જીન પ્રકટ થયો.

જીનને એકલો જ જોઈને ખાડા ભણી નજર કરતાં અલાઉદ્દીને પૂછ્યું: 'કેમ અલ્યા, એકલો જ આવ્યો?'

'એમાં સાહેબ, જરા ગોટાળો થઈ ગયો છે...' રાક્ષસે બે હાથ જોડી નરમાશથી કહ્યું.

'મને ખાતરી જ હતી કે તું કંઈક બફાટ કરીશ જ. એનો બાપ જાગતો હોય ત્યારે ન જવાની તને મેં તાકીદ નો'તી કરી?'

'કરી'તી હજૂર, અને એ છોકરીના બાપની જાણ બહાર એને ઉઠાવી જવા ગયો હતો; પણ...' જીનની જીભ થોથવાવા માંડી.

'પણ શું? જલ્દી બોલ!' અલાઉદ્દીને અધીરાઈથી કહ્યું.

'પણ એને હું ઉપાડી લાવું ત્યાર પહેલાં તો એ જ મને નસાડી ગઈ...'

'શું બોલ્યો?' ગરજતા અવાજે અલાઉદ્દીને પૂછ્યું.

'સાચું કહું છું હજૂર, એમાં મારો બિલકુલ ગુનો નથી. આપની પ્રેમિકાએ જ મને બાટલીમાં ઉતારી દીધો છે.' જીન કરગર્યો.

'પણ એ બેવફાએ તારામાં એવું તે શું જોયું કે મને મૂકીને એ તારી સાથે લપટાઈ!' અલાઉદ્દીને જીન સામે દાંત પીસતાં પૂછ્યું.

જવાબમાં જીન સર ઝુકાવી ચૂપ ઊભો રહ્યો.

વારતાને અહીં જ અટકાવી વેતાળે રાજા વિક્રમને પૂછ્યું: 'તો હે વિક્રમ, અલાઉદ્દીનની પ્રેમિકા તેના ગુલામ જીન સાથે કેમ નાસી ગઈ?'

'સ્ત્રીને, હુકમ આપે એવો નહિ, પણ પોતાના હુકમનું પાલન કરે એવો પતિ જોઇતો હોય છે.' વિક્રમે જવાબ આપ્યો.

—અને મડું ફરી કૂદીને ઝાડ પર લટકી ગયું. (ચાલુ)

બાદશાહ તેને જોઈ વ્યાકુળ બની ઊઠ્યો હતો. માછી કૉમ્પાઉન્ડની બહાર નીકળ્યો ત્યારે જ તેને નિરાંત થઈ.

એક વાર માછી પીણાની દુકાને ગયો ત્યાં રોદણાં રોવા લાગ્યો: 'દુનિયામાં ભગવાન ક્યાં છે? નહિતર આવો ન્યાય હોય? ગરીબને માટે એક કાયદો અને તવંગર માટે બીજો, એવું ક્યાં ય સાંભળ્યું? હું ગરીબ અને મારો એકનો એક આધાર 'બાદશાહ'. એને પેલા પૈસાદાર લોકો ઉપાડી ગયા! કૂતરાને હું લઈ આવ્યો, મેં પાળ્યો, ખવડાવી મોટો કર્યો, મારા ભાણામાંથી ટુકડો આપ્યો, કેળવ્યો. હવે હું ક્યાં જાઉં? હું શું કરું?' આમ કહીને એ મોટેથી રડવા લાગ્યો.

દુકાનદાર મારિયો આ નાલાયકને પગના નખથી માથાના વાળ સુધી ઓળખતો હતો. તેણે એને બરાબરનો તતડાવ્યો: 'જૂઠું બોલે છે? આ કૂતરો તારે જો'તો ન'તો એટલે છરી લઈને મારવા તૈયાર થએલો; પણ હું જ વચ્ચે પડ્યો. અને જેના દસ લાયર પણ કોઈ ન આપે તેના પૂરા સો તેં ઉપજાવ્યા—તારા એ કાકાને તે દિ' તેં મારી નાખ્યો હોત તો શું આવત—ધૂળ ને ઢેફાં?' તે દિવસે ચૂપચાપ પ્યાલી પીને બાઝા ત્યાંથી ચાલી નીકળ્યો.

મહાયુદ્ધના દિવસો ચાલતા હતા. સાથી-દેશો જર્મનીને હંફાવતા ઇટાલીમાં પણ આગેકૂચ કરતા હતા. કાઉન્ટેસ માટે રોમ જવું જરૂરી હતું—પતિનો ચિંતાજનક પત્ર આવ્યો હતો. રસોયાને કૂતરો ભળાવી કાઉન્ટેસ ઊપડી ગયાં. અહીં વિલા ખાતે માત્ર રસોયો અને બાદશાહ બે જ જણાં. ખાય, પીએ ને મઝા કરે. ચરબીનો થર બંને ઉપર જામવા લાગ્યો. કૂતરો વિલામાં પડ્યો રહેતો. કોઈ વાહન આવીને ઊભું રહેતું તો તેના કાન સરવા થઈ જતા—કાઉન્ટેસ તો નથી આવ્યા ને! બાદશાહ નવ વર્ષનો થયો હતો.

વિશ્વયુદ્ધ પૂરું થયા પછી બીજે વર્ષે ૧૯૪૬માં તે વિલા ખાતે પાછાં ફર્યાં ત્યારે દુનિયા બદલાઈ ગઈ હતી. કાઉન્ટેસના પતિ રોમ ખાતે માર્યા ગયા હતા. અહીં આવતાં પોતાના રહેઠાણને બદલે તેમણે ભૂતિયો મહેલ જોયો. યુદ્ધકેદીઓને અહીં રાખ્યા હશે એમ લાગ્યું. દીવાલો ઉપર ગોળીઓનાં કાણાં હતાં. ઇલેક્ટ્રિક ફિટિંગ બધાં તોડીફોડીને રફેદફે કરી નાખ્યાં હતાં. શોખથી વસાવેલું મહામૂલ્યવાન ફર્નિચર પણ સૌ લૂંટી ગયા હતા. અરે બારણાના કીમતી નકૂચા સુધ્ધાં રહેવા દીધા ન હતા. કોઈ સૈનિકોએ સૂપ ઉકાળવા ચૂલા બનાવ્યા હતા તેની રાખ ખંડિયેર જેવા મકાનમાં ચોતરફ ઊડી રહી હતી. તેણે બૂમ પાડી જોઈ. પોતાના જ શબ્દોનો પડઘો! હવે જ તેને ભાન આવ્યું કે અહીં કોઈ કહેતાં કોઈ ન હતું. આ મકાન પણ તેનું જ કહેવાય કે કેમ? (અનુસંધાન પૃષ્ઠ ૧૩)

મનોમંથન

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજકાળનાં સંસ્મરણો

૯ પ્રિન્સિપલ પરણ્યા


હું કૉલેજમાં દાખલ થયો ત્યારે અમારા પ્રિન્સિપલ પરાંજપેની નામના તેજસ્વી ગણિતશાસ્ત્રી ને બુદ્ધિવાદી નવયુવક તરીકેની હતી. વિદ્યાર્થી તરીકે ઉત્તમ નામના મેળવી વિલાયત ભણવા ગયા. ત્યાંની ઉચ્ચ ગણિતની સર્વોચ્ચ પરીક્ષામાં સહેલાઈથી પહેલા આવ્યા. આમ સર્વોચ્ચ પરીક્ષામાં પહેલા આવનારને સીનિયર રૅંગ્લર કહેવાનો ત્યાં રિવાજ છે. આથી લોકો એમને રૅંગ્લર પરાંજપે કહેતા. ગણિત માટે વિલાયતની પ્રખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં સૌથી ઊંચી પરીક્ષામાં પહેલું આવવું એ નાનીસૂની વાત ન હતી.

એ જ્યારે વિલાયત ભણવા ગયા ત્યારે ફરગ્યુસન કૉલેજે એમના ખર્ચની વ્યવસ્થા કરી હતી. અને એના બદલામાં એમની પાસે લખાવી લીધું હતું કે વિલાયત ભણી આવ્યા પછી તે કૉલેજના આજીવન સદસ્ય બની, માત્ર ગુજરાન પૂરતું વેતન લઈ વીસ વર્ષ સેવા આપશે. કોને ખબર હતી કે કોંકણનો આ છોકરો વિલાયતમાં આટલી નામના મેળવશે? અંગ્રેજ વાઇસરૉયે એનું અભિનંદન કર્યું અને એને મોટામાં મોટી સરકારી નોકરી આપવાનું વચન પણ એની આગળ ધર્યું.


લોકમાન્ય તિલક, આગરકર ને ગોખલે જેવા ઉચ્ચ દેશભક્તોએ કેળવણીના પ્રચાર અર્થે ફરગ્યુસન કૉલેજની સ્થાપના કરી હતી, નામદાર ગોખલેએ પણ એ કૉલેજમાં પ્રોફેસર તરીકે કામ કર્યું હતું અને તેઓ પ્રિન્સિપલની પ્રતિષ્ઠા ભોગવતા હતા. કૉલેજના વ્યવસ્થાપકોએ વિચાર કર્યો કે આવડી મોટી સિદ્ધિ પછી મોટા પગારની સરકારી નોકરીની તક સામે આવી છે ત્યારે એ યુવકને એના વચનમાંથી મુક્ત કરવો જોઈએ. અને વ્યવસ્થાપક મંડળે એ પ્રમાણે ઠરાવ કર્યો. પણ આ તેજસ્વી યુવકે સાફ ના પાડી. એણે કહ્યું: 'વચન તે વચન. અને મને આવી મદદ કરનારા ગુરુજનો તો છે ત્યાગી દેશભક્તો. એમની વચ્ચે રહી સેવાનું કાર્ય કરવું એમાં જ જીવનની સાર્થકતા છે.' પરાંજપે ગણિતના અધ્યાપક તરીકે કૉલેજના અધ્યાપક મંડળમાં દાખલ થયા. હવે અધ્યાપકોએ વિચાર કર્યો કે આવડો ત્યાગ કરનાર તેજસ્વી દેશભક્તની આપણે પણ કદર કરવી જોઈએ. એટલે પ્રિન્સિપલ થવાની જેમની પીઢ ઉમર હતી એવા બધા પ્રોફેસરોએ નક્કી કર્યું કે આપણે હક છોડી દઇએ. અને આ યુવકને પ્રિન્સિપલ બનાવી એના હાથ તળે કામ કરવા તેઓ તૈયાર થયા!

આવા તેજસ્વી પ્રિન્સિપલના હાથ તળે ભણવાની મને તક મળી. મારું ગણિત સારું હતું. મને હમેશાં પ્રથમ વર્ગના માર્ક મળતા રહેતા. બે વર્ષ સુધી મને એમનો સારો પરિચય મળ્યો. એમના પિતા ધર્મનિષ્ઠ બ્રાહ્મણ હતા. પણ ભાઈસાહેબ વિલાયતના બુદ્ધિવાદી વિદ્વાનોની પૂરી અસર તળે આવી ઈશ્વર કે ધર્મમાં ન માનનારા બુદ્ધિવાદી થયા અને ઉત્સાહપૂર્વક પોતાના એ વિચારના પ્રચાર પણ કરતા. એમની મારા ઉપર ઘણી અસર થઈ. મેં એમનાં વ્યાખ્યાનો તો બે કે ત્રણ સાંભળ્યાં હશે, પણ વિલાયતના બુદ્ધિવાદી મંડળના અનેક ગ્રંથો (R. P. A. Series-ના) મેં વાંચેલા. લૉર્ડ મૉર્લેનો On compromise એ બૃહદ્‌નિબંધ પણ વાંચ્યો; એના ઉપર વ્યાખ્યાન આપ્યું; અને હું પણ બુદ્ધિવાદનો જબરો પ્રચારક થયો. જનોઈ-ચોટલીને રજા આપી, સંધ્યા-પૂજાનો વિરોધ કરવા લાગ્યો અને એનું અભિમાન પણ અનુભવતો થયો.

પ્રિન્સિપલ પરાંજપે શરીરે સુદૃઢ. કૉલેજમાં આવે ત્યારે દાદરનાં પગથિયાં એક એક છોડીને ઝટઝટ ઉપર ચડે. વિદ્યાર્થીઓમાં ખૂબ રસ



પ્રિન્સિપલ પરાંજપે અને એમની અંગ્રેજી સહી



રાખે. ગણિતવિદ્યાના પૂરા ભક્ત. પણ રાજનીતિમાં નરમ દલના. મને એનું દુઃખ થતું કે આટલો તેજસ્વી માણસ જે ઈશ્વરને પણ પડકારે એ નરમ દલનો કેમ રહી શકે? પણ એમના પ્રત્યેની મારી ભક્તિ ઓછી ન થઈ.

કૉલેજમાં કેટલીક છોકરીઓ ભણતી–બહુ જ થોડી. સમાજમાં એમને વિષે આશ્ચર્ય થતું. કૉલેજના વર્ગોમાં એ સૌથી આગળ બેસે. છોકરાઓ જોડે બોલે નહિ. ઠાવકાઈથી આવે અને ઠાવકાઈથી જાય. અમે પણ એ જ્યાતની પ્રતિષ્ઠા ઠીકઠીક માન્ય કરતા.

એક દિવસે વિદ્યાર્થીઓમાં ગુસપુસ શરૂ થઈ કે આપણા પ્રિન્સિપલ એ છોકરીઓમાંથી જ એકને પરણવાના છે. ચારઆઠ દિવસમાં તો વાત જગજાહેર થઈ. કૉલેજના ઉપલા ધોરણના પીઢ વિદ્યાર્થીઓએ એમનું અભિનંદન કરવાની એક યોજના કરી. એક સભા અને એક જમણ. એ તો બધું ઠીક, પણ જોતજોતાંમાં છાપાંમાં ચર્ચા શરૂ થઈ.

ભારતીય સંસ્કૃતિ પ્રમાણે અધ્યાપક ગુરુ પિતાને ઠેકાણે ગણાય. વિદ્યાર્થિની તો શિષ્યા, એટલે દીકરી સમી. ગુરુ શું પોતાની શિષ્યાને પરણે? કેટલો અધર્મ! છાપાંઓમાં તો ચર્ચા થોડી ચાલી પણ શહેરમાં ઘેરઘેર ચર્ચા ચાલી. અમે વિદ્યાર્થી પ્રિન્સિપલના પક્ષના. જ્યાંત્યાં એમના સમર્થનમાં બોલ્યા કરીએ, અંતે પરણવાનું નક્કી થયું ને એ છોકરી ક્લાસમાં આવતી બંધ થઈ. થોડા દિવસમાં પ્રિન્સિપલ કાયદાની રૂએ નોંધણી કરી પરણ્યા. પૂનાના સુધારક લોકોએ એમનું અભિનંદન કર્યું.

અમારા પ્રિન્સિપલ કૉલેજમાં આવે કે પહેલો જ વર્ગ અમારો નવા છોકરાઓનો આવે. એને ત્યારે 'પ્રીવિયસ ક્લાસ' કહેતા. પ્રિન્સિપલસાહેબ કૂદતા કૂદતા ઉપર આવી દાખલ થાય. ઊભા ઊભા એક કલાક અંગ્રેજીમાં ગણિત ભણાવે. ભણાવવાની એમની પદ્ધતિ એટલી સુંદર કે ગણિતના દુશ્મન પણ એ વિદ્યાના ભક્ત બની જાય. એક કલાક પૂરો થાય કે કૂદતા કૂદતા પાછા જાય. કોઈ દિવસ ક્લાસમાં ખુરશી પર બેસે નહિ.

પરણ્યા પછી બીજે દિવસે વર્ગ લેવા આવ્યા. પહેલી વસ્તુ એ નજરે ચડી કે પ્રિન્સિપલ પહેલી જ વાર પાન ખાઇને આવ્યા હતા. એ તો જાણે ઠીક. પણ પહેલી જ વાર ખુરશી ઉપર બેઠા. એ આશ્ચર્ય તો અમે

લોકો બિલકુલ જીરવી ન શક્યા. વિદ્યાર્થીઓએ અંદર અંદર એમની ખૂબ મશ્કરી કરી. આમ એક પ્રકરણ પૂરું થયું.

ત્યાર પછી વિદ્યાર્થીઓમાં અંદર અંદર ખાનગી રીતે રીતસરની ચર્ચા ચાલી કે ગુરુ શિષ્યાને પરણે એ ખોટું શા માટે ગણાય છે? અને જો ખોટું હોય જ તો આપણે આપણા પ્રિન્સિપલનું આટલા ઉત્સાહભેર અભિનંદન કેમ કર્યું? એ ચર્ચા તો ખૂબ ચાલી. મને યાદ છે તે પ્રમાણે એ વખતે મેં બંને પક્ષોનું સમર્થન કર્યું હતું. જૂના વખતમાં ગુરુગૃહવાસનું મહત્ત્વ ઘણું હતું. છોકરાઓ અને છોકરીઓ એક જ આશ્રમમાં રહેતાં. એમ સહવાસમાં ભણતર અને આશ્રમજીવન બંને મળીને કેળવણી પૂરી થતી, અને જીવનના સંસ્કારો ઘડાતા.

દરેક ધર્મ સાથે એનું સમાજવિજ્ઞાન તો હોય જ. એટલે ગુરુ અને શિષ્યા, ગુરુબંધુ અને ગુરુભગિની એમના સંબંધો કેવા હોય એ બધું ઋષિઓ વિસ્તારથી નક્કી કરતા. તેથી ગુરુ અને શિષ્યા વચ્ચે પિતાપુત્રી જેવો સંબંધ ગણાતો. આજે તો છોકરીઓ મા-બાપ સાથે અથવા સગાં-વહાલાં સાથે રહીને ચાર કલાક જ કૉલેજમાં ભણવા આવે છે. એટલામાં પિતા-પુત્રીનો સંબંધ ક્યાંથી બંધાય? અને છોકરી પણ મોટી ઉંમરની થઈ જાય પછી એને પરણવાનું સ્વાતંત્ર્ય હોવું જ જોઇએ. આવી આવી દલીલો હું કરતો. અમારી ચર્ચામાં એક વિદ્યાર્થીએ મને પૂછયું: 'તમે તમારા પ્રિન્સિપલનું સમર્થન કરો એ હું સમજી શકું છું, પણ શું હવે પછીના સમાજમાં આવો રિવાજ દાખલ કરવામાં તમે સંમતિ આપશો?'

એણે મને બરાબર પકડ્યો. મારે કહેવું પડ્યું: 'ના, આપણા દેશમાં અને આપણા સમાજમાં આવો સુધારો દાખલ કરવાનો પ્રચાર તો હું ન જ કરું. જૂના આદર્શમાં કાંઈક તથ્ય છે.' આટલું કહી મેં ઉમેર્યું: 'તમે જુઓ છો કે આપણે ત્યાં સ્ત્રીકેળવણી માટે અનુકૂળ વાતાવરણ નથી. સામાન્ય મા-બાપ છોકરીઓને ભણાવવા માંડ તૈયાર થાય છે. છોકરીઓને પણ સમાજની ટીકા સાંભળવી પડે છે. આપણી છોકરીઓ જોડા કે ચંપલ પહેરે છે તો યે એમની કેટલી નિંદા થાય છે! સારા ઘરની સ્ત્રીઓ ઉઘાડે પગે જ ચાલે; જોડા પહેરે કેવળ વેશ્યાઓ! આવા સમાજમાં કેળવણી જો દાખલ કરવી હોય તો માબાપને આપણે અભયદાન આપવું જોઇએ કે નિશાળમાં અને કૉલેજમાં પરણવાનું વાતાવરણ ઊભું ન થાય. અધ્યાપકો જો પોતાની જ કોઈ શિષ્યાને પરણે, તો સમાજ છોકરીઓને ભણવા મોકલે પણ નહિ; અને છોકરાઓ પણ, પ્રોફેસરો સ્ત્રી વિદ્યાર્થિની તરફ કઈ નજરે જુએ છે એની ચોકી કરવાના. અને એક વાર ચર્ચા જાગી એટલે લોકો ગમેતેવી વાતો કરવાના. એમ થાય ત્યારે માબાપ છોકરીને કૉલેજમાંથી કાઢી ન લે તો શું કરે? એટલે જેઓ પરણે તેમની નિંદા ન કરીએ; એમને બહિષ્કૃત કરવા સમાજ એમની પાછળ ન પડે; પણ ગુરુ-શિષ્યાના વિવાહનો પ્રચાર તો શું, સમર્થન પણ કરવા ન બેસીએ.' આમ કહી હું બીજી બાજુનું પણ સમર્થન કરતો.

આજે આ વિષય પરત્વે મારો કોઈ અભિપ્રાય પૂછે તો હું સહેલાઈથી જવાબ ન આપી શકું. અને સમાજ પણ આવા વિવાહોની ટીકા હવે નહિ કરે અને બહિષ્કાર સુધી નહિ જાય. મુખ્ય વસ્તુ એ છે કે સંસાર-સુધારાના વિષયો જ હવે બદલાઈ ગયા છે. (ચાલુ)

જીવનનાં મૂલ્યો અને ઘડતરમાં પ્રેરક અને પ્રબોધક બની રહે તેવાં માનવ-વિભૂતિઓ અને વ્યક્તિ-વિશેષોનાં 'કુમાર'ની પરંપરાને અનુરૂપ જીવન-ચરિત્રોને શ્રી હરિઃ ૐ આશ્રમની પારિતોષિક યોજનામાં અમે આવકારીએ છીએ.

લઘુકથા

ચોર

રમેશ ત્રિવેદી

ચિરપરિચિત રસ્તે ઘસડાતા પગે ચાલતો રઘુ મનોમન વિચારી રહ્યો હતો...જ્યારે પોતે પહેલી વારનો જેલમાં ગએલો ત્યારે માંદી રહેતી વૃદ્ધ બા મરી ગએલી. જેલની દીવાલો વચ્ચે એ હૈયાફાટ રડેલો... છૂટીને ઘેર આવ્યો ત્યારે મરણપથારીએ પડેલા ડોસાએ ચોરીની આદત છોડી દેવા માટે પાણી મુકાવેલું. થોડા મહિના ખૂબ જતનથી ટેક જાળવી પણ...એક લોભામણી તક ઊભી થતાં રહી શકાયું નહિ. ચોરી કરી, પકડાયો, જેલ થઈ. જેલના એકાંતમાં મનની નબળાઈ પર ખૂબ રડયો; અને છૂટીને ઘેર ગયો કે તરત જ પત્ની સામે ગદ્ગદ કંઠે કહેલું: 'લખમી, તારા સમ હવેહું સાચુકલોસુધરીજઈશ!...'

...અને થોડાક મહિના માટે સુધરી પણ ગયો. હવાતિયાં મારતા જીવ પર ખૂબ કાબૂ રાખ્યો–છતાં એક દિવસે ચોરી કરી જ નાખી. ફરીથી જેલ, એકાંત અને પશ્ચાત્તાપનાં આંસુ... અને આજે બરાબર છ મહિને એ ઘેર જઈ રહ્યો હતો...

ઘર આવી ગયું. બારણા આગળ જ પક્ષાઘાત થયો હોય તેમ એના પગ જકડાઈ ગયા. વિચારોની ખૂબ ખેંચતાણને અંતે એણે ઘરમાં પગ મૂક્યો. સામે મુઠ્ઠી હાડકાંની કાયાને ખાટલી પર પડેલી જોતાં જ એનું સમસ્ત ઊર્મિતંત્ર હલબલી ઊઠ્યું. એ ચૂપચાપ ખાટલી પાસે જઈને અપરાધીની જેમ પત્નીની કંતાઈ ગએલી-ક્ષીણ કાયાને નીરખી રહ્યો. પગરવ સાંભળીને સહેજ સળવળેલી લક્ષ્મીએ ઊંડી ઊતરેલી આંખો ખોલી: 'કો...ણ? ત...મે?' 'હા': રઘુએ કંપતા સ્વરે કહ્યું.

'પા...ણી...પીવું?...': લક્ષ્મીના સુક્કા હોઠ માંડ ફફડ્યા, અને બીજી પળે અસહ્ય પાડા ઊપડતાં પેટ પર હાથ દાબીને એ અમળાઈ ઊઠી. રઘુ ઊંડો શ્વાસ ખેંચીને ખાટલીની ઈસ પર બેસી પડ્યો. એ કંઈક કહેવા જતો હતો ત્યાં જ બારણામાંથી દોડી આવેલા ગંદા-ફિક્કા છોકરાએ 'બાપુ' કહીને એને હચમચાવી નાખ્યો. છોકરાને ઊંચકીને ખોળામાં લઈ, વહાલભરી ચૂમી લેતાં રઘુના મગજમાં એક વિચાર ઝબક્યો.

એણે ધીરેથી લક્ષ્મીને ઢંઢોળી. લક્ષ્મીએ ગમગીન આંખો ખોલી. રઘુએ છોકરાના માથે પોતાનો કંપતો હાથ મૂક્યો, અને લક્ષ્મી સામે તાકીને એ આર્દ્ર સ્વરે છોકરાના સમ ખાવા જતો હતો ત્યાં જ એકાએક એની ચોર નજર લક્ષ્મીના ગળામાં એકમાત્ર બાકી રહી ગએલા મંગળસૂત્ર સાથે અથડાઈ. એ સહેજ ધ્રૂજ્યો, એણે લક્ષ્મીની બીની આંખો સામે જોયું અને એની નજર શરમના ભારથી નમી પડી.

અનુસંધાન] **બાદશાહ** [પૃષ્ઠ ૧૧થી

મુસોલિનીની પડતી થઈ ત્યારે બધા જ નગરજનોએ તેના તરફ સહાનુભૂતિ ધરાવનારાઓને મારી નાખ્યા હતા. મિલ્કત લૂંટી લીધી હતી. માછીમાર આઝાને એની ખબર પડી ત્યારે તે સીધો વિલા તરફ ગયો. રસોયો ભાગી ગયો હતો. આખું મકાન ખાલીખમ પડ્યું હતું. તેની પાછળ તેની બૈરી-છોકરાં પણ આવ્યાં હતાં. અને દરેક ઓરડામાંથી જે હાથ આવે તે ભેગું કરી લીધું હતું.

છેવટે તે કાઉન્ટેસના શયનગૃહ પાસે આવી પહોંચ્યો. બાદશાહ પલંગને તાકીને બેઠો હતો અને દયામણું રુદન કરતો હતો. મૂળ માલિકને જોઈ પ્રથમ તો તે ડઘાઈ ગયાં; પછી આખું ઘુરકિયું કર્યું. આઝાના હાથમાં શૉટગન હતી: 'સાલા કમજાત ફાસિસ્ટ!'

આઝાના એક જ નિશાને બાદશાહ ઢળી પડ્યો!

[વિખ્યાત કથાકાર જિરાલ્ડ કર્શાની વાર્તા ઉપરથી]

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળનું આત્મકથાનક · ૧૦૫

૫૨૮ દમનો પહેલો હુમલો

ઘેર પહોંચ્યા પછી સલામતીનો શ્વાસ તો લીધો, પણ તે દિવસે મેં પગ અને બાવડાંનો જે પૂરો કસ કાઢ્યો હતો તે સાથે એક ગુપ્ત શત્રુને પણ માર્ગ મળી ગયો હતો તેનું મને સ્વપ્નું પણ નહોતું. મધરાત પછી જણાયું કે મારી છાતી ભીંસાય છે અને શ્વાસ લેવાનું મુશ્કેલ બન્યું છે. સવાર સુધી ટકી રહેવાશે કે નહિ તેની શંકા લાગી. મારાં પત્નીને જગાડી સગડી તૈયાર કરાવી અને કપડાના ગોટાથી શેક લેવા માંડયો પણ કોઈ પ્રકારે રાહત મળી નહિ. રાત્રે તો બીજું શું બને ?

જેમતેમ સવાર પડયું અને છોકરાઓ જાગ્યા એટલે મારા મોટા પુત્ર નરેનને સમજાવ્યું કે 'રેલવેના ઝાંપા પાસે જઈ ઊભો રહે અને ડૉ. હરિપ્રસાદ રોજ સર ચીનુભાઈના પરિવારની ખબર લેવા સાઇકલ પર નીકળે છે તેમને તેડી લાવ.' તેણે બરાબર સૂચના પ્રમાણે સમયસર પહોંચી જઈ સાઇકલ પર આવતા ડૉકટરને ઘેર તેડી આણ્યા. ડૉક્ટર મારી હકીકત સાંભળીને, પોતે સોંપેલા કામમાંથી હું આ ફળ પામ્યો એ જાણીને ખિન્ન થયા. ભૂંગળી વડે મારી છાતીની સંપૂર્ણ તપાસ બાદ અંદરના સ્વરો પરથી કહ્યું : 'જરા ય ગભરાશો નહિ; આ દમનો માત્ર આરંભ છે. બેચાર દિવસ દવા અને આરામ લેશો એટલે ઠીક થઈ જશે. મને ખાલી શીશી આપી દો અને મારતરોની મોટરવાળાને સૂચના આપજો કે મારા દવાખાને દવા તૈયાર હશે તે એ લેતો આવે.' તેમણે મને ઘણી હૈયાધારણ આપી. તેમની આત્મીયતા અને હૂંફ મને ખૂબ જ દિલાસો આપી ગયાં. પણ મને ખબર નહોતી કે હવે પછીનાં પચીસ વર્ષો સુધી વર્ષા ઋતુમાં એક જાલિમ વ્યાધિ સાથેનો મારો વિગ્રહ મંડાઈ ચૂકયો છે.

કલ્યાણજીભાઈએ સૂચના મુજબ ચિત્રો નદીપાર કૉંગ્રેસ-મંડપમાં પહોંચાડી દીધાં હતાં અને મને મળવા આવ્યા ત્યારે ખબર લાવ્યા કે રાયપુરમાં આવેલી સિટી હાઇસ્કૂલના હેડમાસ્તર મોરારજીભાઈ અધ્યારુ મળ્યા હતા, તેમણે પોતાની શાળામાં એક ચિત્રશિક્ષકની જરૂર હોવાનું જણાવી કહ્યું કે 'તમે ભલે ડ્રૉઇંગ-ટીચરની પરીક્ષા આપી નથી, પણ રવિભાઇનો ભલામણપત્ર લાવશો તો અમે તે મંજૂર રાખીશું.' કલ્યાણજી-ભાઈના જાગ્રત ઉદ્યમશીલ સ્વભાવ માટે ધન્યવાદ આપી મેં તરત પત્ર લખી આપ્યો અને બે-ત્રણ દિવસે તેઓ જાતે ખબર લાવ્યા કે ડિસેમ્બર-માં જ તેમની નિમણૂક થઈ જવાની છે.

હાજી-સ્મારક માટે કવિ નાનાલાલનો લેખ મળ્યો નહોતો એટલે જેવા બચુભાઈ ખબર લાવ્યા કે કવિ દિવાળી માણવા અમદાવાદ આવ્યા છે કે તરત અમે તેમના મુકામે જઈને તેમને મળ્યા. નવો લેખ લખી શકે તેમ નહોતું એટલે હવે પછી પ્રકટ થનારા 'પ્રેમકુંજ' નાટકની હસ્તપ્રત અમને આપીને કહ્યુ : 'તમને ફાવે તે પ્રવેશ લખી જાઓ.' ત્યાં ને ત્યાં જ બેસી બચુભાઈના અક્ષરે તેની નકલ ઉતારી લઈ અમે મન વાળ્યું.

એ વર્ષની દિવાળી કેમ વીતી તે મને ખયાલમાં જ રહ્યું નથી, પણ શહેરમાં કૉંગ્રેસને અંગે મોટા માણસોની આવ-જા, નવા બનાવો, સર-કારી તંત્રમાં ખળભળાટ એવું ઘણું ઘણું બનતું હતું તે બધાથી હું તદ્દન અદૂલો ને નિર્લેપ લાગતો હતો. મને રાજકારણી બાબતોમાં રસ નહોતો પડતો, પણ ગાંધીજીની સત્યનિષ્ઠા, સ્વાશ્રય અને સેવાની ભાવનાની મારા પર ઘેરી અસર પડતી જતી હતી.

૫૨૯ અમદાવાદમાં રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)

કલકત્તા અધિવેશનમાં સ્વરાજનો ઠરાવ થયા પછી સરકાર વધુ કડક બની હતી અને ચારે તરફ જાપતો અને દમન શરૂ કર્યાં હતાં. હિંદની



પૉલ રિશાર · રેખાંકન : ર. મ. રા.

મુલાકાતે આવતા પ્રિન્સ ઑવ વેલ્સ મુંબાઈ બંદરે ઊતર્યા ત્યારે તેનો બહિષ્કાર કરતાં ટોળાંએ તોફાનો કર્યાં હતાં તે સામે ગાંધીજીએ ઉપવાસ કર્યા હતા. તોફાનો શાંત પડતાં ઉપવાસ બંધ તો કર્યા હતા, પણ ત્યારથી વ્યગ્ર બની સ્વરાજ્ય ન મળે ત્યાં સુધી દર સોમવારે ચોવીસ કલાકનો ઉપવાસ ચાલુ રાખવાનો નિશ્ચય કર્યો હતો. વળી ઈ. ૧૯૨૧ના સપ્ટેમ્બર-માં દેશની ગરીબી જોઈ, ઓછામાં ઓછાં વસ્ત્રોથી ચલાવી લેવા લંગોટ ધારણ કર્યો હતો. મોતીલાલ નેહરુ, જવાહરલાલ નેહરુ અને એમના 'ઇન્ડિપેન્ડેન્ટ' પત્રના તંત્રી જ્યૉર્જ જોસેફની ધરપકડ થઇ હતી. તે પછી તરત અમદાવાદ અધિવેશનના વરાએલા પ્રમુખ દેશબંધુ દાસની પણ કલકત્તામાં ધરપકડ થઈ. આથી ગાંધીજી વધુ મક્કમ બની ગયા. એમણે મહાદેવભાઇને નેહરુનું 'ઇન્ડિપેન્ડેન્ડ' પત્ર ચલાવવા અલ્લાહાબાદ મો-કલી આપ્યા. ત્યાં સરકારે પત્ર જપ્ત કરતાં મહાદેવભાઇએ સ્વહસ્તે લખીને હસ્તલિખિત રૂપે તે કાઢવા માંડયું. તેનું સૂત્ર હતું 'I change but do not die'—હું રૂપ બદલું છું પણ મરતું નથી.'

આ સમયે વિનીત પક્ષના બે મોવડીઓ વાઈસરૉય તરફથી સંદેશો લઈ આવ્યા કે પ્રિન્સ ઑવ વેલ્સ સામેનું આંદોલન ખેંચી લેવામાં આવે તો તેઓ ગોળમેજી પરિષદ બોલાવી પ્રાન્તીય સ્વરાજ આપશે. પણ વલ્લભભાઈ વગેરે સંમત થઈ ન શકવાથી એ પ્રસ્તાવનો અસ્વીકાર થયો.

અમદાવાદમાં સાબરમતીને સામે કિનારે એલિસબ્રિજ વિસ્તારમાં સરખેજના રસ્તે, હાલ જ્યાં વાડીલાલ સારાભાઈ ઑસ્પિટલ છે ત્યાં ખુલ્લાં ખેતરોમાં કૉંગ્રેસ નગર બંધાયું. સ્વાગત પ્રમુખ વલ્લભભાઇ અને તેમના ચુસ્ત સાથીઓએ જોતજોતાંમાં બજાર-પ્રદર્શન, પ્રતિનિધિ નિવાસો અને દસ હજાર માણસ બેસી શકે એવડો કૉંગ્રેસ-મંડપ બાંધી દીધાં હતાં તે જોવા શહેરમાંથી રોજ ટોળેટોળાં ઊમટતાં. તા. ૨૨મીએ ગાંધીજી પોતે ત્યાં જઈ વસ્યા, જેથી દિવસ-રાત સર્વ નેતાઓના વિચારોથી વાકેફ રહી શકાય. તેમણે વિષય-વિચારિણી સમિતિની સહાયથી તત્કાલ નિર્ણય લઈ આ અધિવેશનના પ્રમુખ તરીકે દેશબંધુ દાસના જેલવાસને લીધે હકીમ અજમલખાનને પ્રમુખ નીમી દીધા.

તા. ૨૭મીએ કૉંગ્રેસ અધિવેશનની ખુલ્લી બેઠક મળી તે દશ્ય અમદાવાદને માટે અભૂતપૂર્વ હતું. મને ડૉ. હરિપ્રસાદે આમંત્રિત વર્ગમાં બેસવાનો પાસ મોકલી આપ્યો હતો. અંબાલાલ શેઠે તો કુટુંબના સઘળા માણસો માટે ઊંચા દરજ્જાની ટિકિટો લઈ લીધી હતી.

જ્યાં નજર કરો ત્યાં ખાદી સિવાયનું વસ્ત્ર જોવા મળે નહિ. વ્યાખ્યાન-મંચ સૌને દેખાય એમ વચ્ચોવચ હતો ને બધા જ મુખ્ય પુરુષો માટે ગાદી-તકિયાની બેઠક હતી. પ્રમુખ અજમલખાન શુદ્ધ લખનવી પોશાકમાં સજ્જ હતા. ભારતના શ્રેષ્ઠ પુરુષોનાં ત્યાં દર્શન થતાં હતાં. મને તો લાગ્યું કે હું ભારત સમગ્રનું દર્શન પામ્યો છું. પ્રારંભના મંગળગીત તરીકે પંડિત વિષ્ણુ દિગંબરે ઊભા થઈ પોતાના શ્રેષ્ઠ વિદ્યાર્થીગણ સાથે વંદેમાતરમ્ ગાયું ને પછી સ્વાગત-વચનોમાં 'આયો આયો સકળ ભારતકુમાર, હુઆ દર્શન સે આનંદ અપાર.' ગાયું ત્યારે મારું મન પણ ગાવા લાગ્યું કે આ એક અનેરો અવસર છે.

૫૩૦ કૉંગ્રેસ અધિવેશનની આસપાસ

હું નગરની ઉત્તર દિશા શાહીબાગથી દક્ષિણ છેડે એલિસબ્રિજ આવ્યો હતો એટલે રાત ખાદીનગરમાં રોકાવાનું અશક્ય હતું. ગાંધીજીએ સત્યાગ્રહનો ઠરાવ રજૂ કરી સર્વાનુમતે પસાર કરાવ્યો તે પછી તરત બહાર નીકળી ગયો અને અતિથિ-નિવાસો તથા બજાર જોવા ચાલ્યો. કંઈ કંઈ જૂના-નવા મિત્રો ભેટી જતા હતા. મારે ત્યાં મુકામ કરવાને હકદાર એવા નિકટના સંબંધીજનોએ પણ મારે ઘેર ન આવતાં આ માનવ-મેળો માણવા શિયાળુ ઠંડી વેઠીને પણ ખાદીનગરના અતિથિ-નિવાસમાં જ ઊતરવાનું પસંદ કર્યું હતું.

બજારમાં દરેક પ્રાંતની ખાદીનું પ્રદર્શન તો હતું જ, પણ તે સાથે તે તે પ્રાંતના વેપારીઓ જાતજાતના વણાટ-પ્રકારોથી બનાવેલી સાડીઓ, ચાદરો વગેરે અનેક વસ્તુઓ લાવ્યા હતા અને ખરીદી પણ ઠીક ચાલતી હતી. મને આકર્ષણ કરનાર તો શેઠ જમનાલાલ બજાજની જંગી ઊની કપડાંની દુકાન હતી. હાથવણાટના ધાબળા-ધાબળીઓ અને ઊની ખાદીના તાકા લગભગ પડતર ભાવે ત્યાં વેચાતા હતા. લોકોની પણ ત્યાં ખૂબ ભીડ હતી. શિયાળાની ઠંડીમાં ખાદી નગરમાં વસતાં માનવીઓને આ દુકાન આશીર્વાદ રૂપ થઈ પડી હતી. એક બાજુ ગરમ ધાબળીમાંથી બનાવેલા ખાદીના અસ્તરવાળા તૈયાર કોટ અને બંડીઓ ખૂબ સસ્તામાં વેચાતાં હતાં. મેં તરત જ મારા માપનો ગરમ કોટ માત્ર ત્રણ રૂપિયામાં ખરીદી લીધો. મારા બંને પુત્રો માટે પણ અનુમાનથી નાના કોટ બબ્બે રૂપિયે લઈ લીધા.

આ દુકાને તો શેઠ જમનાલાલ બજાજનું નામ જનતામાં રમતું કરી દીધું હતું. ગાંધીજીના પ્રવાહમાં ઓતપ્રોત બનેલા આ કોટ્યાધીશ શ્રીમંતે લાખોનાં રોકાણ કરી પોતાના નિવાસધામ વર્ધામાં તેમ જ પોતાના વતનમાં કંઈક ખાદી કાર્યાલયો ઊભાં કર્યાં હતાં અને હજારો ગ્રામવાસી જનોને રેંટિયા કાંતતા કરી રોટી-રોજી આપી હતી. ગાંધીજીએ એમને કૉંગ્રેસના ખજાનચી બનાવ્યા હતા. કૉંગ્રેસ અધિવેશન પતી ગયા પછી ડૉક્ટર હરિપ્રસાદે મને જણાવ્યું કે તેમણે કરાવેલાં રાષ્ટ્રીય ચિત્રોનો થએલો પૂરો ખર્ચ આપીને તે બધાં જમનાલાલજીએ ખરીદી લીધાં હતાં, એટલું જ નહિ પણ જાણીતા 'હિંદદેવી' ચિત્રના વિસારે પડેલા ગુજરાતી ચિત્રકાર સ્વ. મગનલાલ શર્માનાં ચિત્રો તેમનાં પત્ની પાસે કઢાવી કૉંગ્રેસના મંડપમાં ચોડાવ્યાં હતાં. એ ચિત્રો લેનાર અમદાવાદમાં કોઈ નહોતું અને ચિત્રો રાખવાને જ એક ઘરનું ભાડું એની વિધવાને વેઠવું પડતું. ડૉક્ટરે જમનાલાલજીને ચિત્રકારની કરુણ કથા કહી એટલે તરત તેમણે સર્વ ચિત્રો માટે રૂ. ૨૦૦૦ મંજૂર કરી દીધા. પણ એ બાઈને એક ચિત્રશિક્ષકે ભમાવ્યાં કે ચિત્રોની ખરી કિંમત તો બહુ મોટી ગણાય, માટે વેચતાં નહિ. પરિણામે એ ચિત્રો રખડી પડયાં અને આજે એ ભટકતી દશામાં અમદાવાદના વિકાસગૃહમાં એક ખંડમાં પડયાં છે. એ બાઈ સ્વામી આનંદનાં સંબંધી હોવાથી તેમની ભલામણથી આજે સાબરમતી આશ્રમની એક ઓરડીમાં રહે છે.

૫૩૧ કવિ નાનાલાલ રૂઠયા

આ કૉંગ્રેસના તેજસ્વી અને શક્તિશાળી મંત્રીઓ ગણેશ વાસુદેવ (દાદાસાહેબ)માવળંકર ને ઇન્દુલાલ યાજ્ઞિકને મેં જ્યાંત્યાં ખભે થેલો રાખી દોડાદોડી કરતા જોયા હતા. મહાસભાના કાર્યક્રમો અને અતિથિઓની બરદાસ્તનો જે જબરો વહેવાર વહીવટ થયો હતો તેની વાત ડૉક્ટર કરતા ત્યારે લાગતું કે ભારત વિરાટ સંકલ્પો પાર પાડવા યોગ્ય થઈ ગયું છે.

એ દિવસોમાં એક શોચનીય પ્રસંગ આ મહાસભાના કોઈ ખૂણે બની ગયો, જેને કારણે કવિ નાનાલાલ કૉંગ્રેસ અને ગાંધીજી સામે સદાને માટે વિરોધભાવ કેળવી રહ્યા. ગાંધીયુગના એક મહાન કવિ અને વિદ્વાન તરીકે કવિશ્રીને આમંત્રણ ગએલું, પણ તેમને સપત્ની મંડપમાં બેસવું હતું. પરંતુ એમ કરવા જતાં અન્ય આમંત્રિતોમાં ભેદ થઈ જવાના ભયે સ્વાગતમંડળ કવિની ઇચ્છાને માન આપી ન શક્યું. પરિણામે કવિશ્રીને ઓછું આવી ગયું ને તેમનું સ્વાભિમાન ઉગ્ર બની ગયું. એ પછીનું કવિનું વલણ તો આખું ગુજરાત જાણે છે.

૫૩૨ પૉલ રિશાર

૩૧મી ડિસેમ્બરે ફ્રેન્ચ તત્ત્વચિંતક પૉલ રિશારનું ગુજરાત મહાવિદ્યાલયમાં વ્યાખ્યાન હતું. વર્ષોથી તેઓ શ્રી અરવિંદ સાથે પૉંડિચેરી આશ્રમમાં પોતાનાં પત્ની સાથે વસતા અને શ્રી અરવિંદના અંગ્રેજી સામયિક 'આર્ય'માં સહસંપાદક તરીકે લેખો લખતા. એમનું વ્યાખ્યાન સાંભળવા અમે સૌ જતા હતા ત્યાં સ્વામી આનંદનો સંદેશો મળ્યો કે બને તો પૉલ રિશારનો સ્કેચ મારે લેવો. મારે માટે તો એ મનગમતી સેવા હતી. વ્યવસ્થાપકોએ મને જરૂરી સ્થાન પર જગ્યા કરી આપી. વ્યાખ્યાન પતી જતાં સ્વામી આનંદ એ સ્કેચ નવજીવનમાં પ્રકટ કરવા લઈ ગયા.

પૉલ રિશાર જાણે ઈશુ ખ્રિસ્તના શિષ્ય સમા ભવ્ય દેખાવના હતા. તેમનો મુકામ અંબાલાલ શેઠને ત્યાં રિટ્રિટ બંગલામાં જ છે તે જાણ્યું ત્યારે અંબાલાલભાઈની રજા લઈ હું તેમને મળ્યો ને મને એકાદ કલાકની બેઠક આપે તો તૈલચિત્ર કરી લેવા ઇચ્છા બતાવી. આવી રીતે સંમુખ બેસીને ચિત્ર કરવાની પ્રથા યુરોપી પ્રજામાં તો જાણીતી છે. તેમણે તરત હા કહી અને હું મારાં ચિત્રનાં સાધનો લઈ તેમની સામે ગોઠવાઈ ગયો. આશરે પોણા કલાકમાં મેં તૈલરંગોમાં તેમના ચહેરાની હૂબહૂ તસવીર કરી તે જોઈ અંબાલાલભાઇએ પણ પ્રસન્નતા બતાવી. પૉલ રિશારનું ચિત્ર કરતી વેળા મેં તેમને જાગૃત મુદ્રામાં રાખવા વાતચીત ચાલુ રાખી હતી. તેમાં પૂછ્યું કે 'ફ્રાન્સના ચિત્રકારો સમાજના નિયમોનું ઉલ્લંઘન કરે છે છતાં સમાજ કેમ નિભાવી લે છે?' તેમણે તરત જવાબ આપ્યો હતો કે 'It is the artist–the visionery who will break the frontiers.' કળાકાર અને દ્રષ્ટાઓ જ સીમાબંધનો તોડશે (તેઓ નહિ તોડે તો બીજું કોણ તોડશે?) ઘણો મર્મયુક્ત જવાબ હતો. (ચાલુ)

ચન્દ્રવદન મહેતાની
અંતરગઠરી-૩૬

ઑસ્કર-સંમેલનનું આમંત્રણ

હું સિનેમા-સૃષ્ટિનો માણસ નથી એટલે ઑસ્કર-સંમેલનથી મોટે ભાગે અજાણ; પરંતુ કોઈ પણ દેશના સિનેમામાં રસ ધરાવનાર યા એનાં છાપાં વાંચનાર ઑસ્કર ઍવૉર્ડથી પરિચિત હોય છે.

અમેરિકા તો ઘણા ઘણા જાય છે, જશે: કોઈ ફરવા, કોઈ ભણવા, કોઈ કમાવા, કોઈ ભટકવા, કોઈ કોઈને મળવા, કોઈ ત્યાંનો ધંધો ઘર-આંગણે લાવવા, કોઈ પરણવા તો કોઈ અહીં દેશમાં પરણેલીને ટાળવા, તો કોઈ પરણેલીથી થોડોઘણો કંટાળો ઓગાળવા કે કોઈ પોતાનો રોગ મટાડવા—એમ વિવિધ કારણે લોકો જાય છે; પણ ઑસ્કર ઍવૉર્ડના જગપ્રસિદ્ધ મેળાવડામાં સ્વાભાવિક રીતે કોઈને જવાનો મોકો મળે તો તે ભાગ્યવંત પુરુષ યા સન્નારી કાં તો ઑસ્કર-વિજેતા હોય, યા સરકારના ઍમ્બૅસૅડર હોય, યા સિનેમાસૃષ્ટિનો ચમકતો માલેતુજાર જગપ્રખ્યાત સિતારો હોય, યા અત્યંત પ્રતિષ્ઠિત મહાનુભાવ સ્વજન સન્નારી હોય. પણ હું તો નથી ઍમ્બૅસૅડર, નથી રૂપેરી પરદાનો સિતારો, કે નથી જગમશહૂર સત્યજિત રાયે મેળવી એ કીર્તિના સોમા અંશ જેટલી પણ ખ્યાતિ સંપાદન કરનાર; નથી માલેતુજાર ઍરિસ્ટૉટલ ઑનસિસ કે જૉહ્ન દ રૉકેફેલરની કક્ષાનો અઢળક દોલત ધરાવનાર; છતાં જે છું તે, મારી જાતને નસીબદાર તો માનું જ; કારણ ઑસ્કર ઍવૉર્ડના ઝગઝગાટભર્યા જલસામાં એક અદના મહેમાન થવાનું માન પામ્યો.

નસીબ જ ને! જુઓ: ઈ. ૧૯૬૯ના અંતમાં આ ઍવૉર્ડનો સમારંભ યોજાવાનો હતો. એક અધરાતે ટેલિફોન રણક્યો: ઑસ્કર ઍવૉર્ડના સમારંભમાં તમે હાજરી આપી શકશો? ચાર દિવસ પછી છે. હિન્દી પ્રતિનિધિઓ માટેની બે બેઠકોમાંથી કોઈ આવી શકે એમ નથી. તમે આવો તો સારું. અરધી ઊંઘમાં મેં તુરત હા પાડી દીધી. 'તો નોંધી લ્યો: સોમવાર તા. ૧૦મીએ સવારે આટલા વાગ્યે શિકાગોથી આટલા વાગ્યાનું પ્લેન પકડો છો; સાંજે આટલા વાગ્યે લૉસ ઍન્જેલિસ ઊતરો છો. શિકાગોમાં અમેરિકન ઍર લાઇન્સના કાઉન્ટર પર તમે પહોંચી તમારું નામ જાહેર કરો. અહીં લૉસ ઍન્જેલિસ ઊતરતાં અમેરિકન એર લાઇન્સના કાઉન્ટર પર આવી પહોંચો. પછીની ચિંતા અમારી છે. લૅન્સિગથી શિકાગો સવારે પહોંચવાની વ્યવસ્થા તમે કરી લેજો. સમજ્યા?'

સમજ્યો, ફરી બધું બોલી ગયો. થૅંક્સ. શનિવારે સવારે મારા ક્લાસ લીધા બાદ બપોરના લંચ વખતે મેં ફાર્લીને આ વાત કરી. એ પહેલાં તો ખુશખુશ થઈ ગયો. પછી જરા થોભીને કહે: "કોઈએ તમારો 'લેગ પુલ' તો નથી કર્યો? નહિ તો શિકાગો જઈને પાછા ફરવું પડશે.' બને. પણ ખબર શી રીતે કાઢવી? તાર-કાગળ પણ કયાં લખવા? કોઈનું નામ પણ હું જાણતો નથી. મેં કોની સાથે વાત કરી એના નામની પણ ખબર નથી. ખેર, ચાલો; ખાઈ તો લઈએ. ત્યાં તો ઑફિસમાં જ ટેલિફોન.

'પ્રો. મહેતા આ તમારો ફોન છે. લૉંગ ડિસ્ટન્સ લાગે છે. લ્યો.' ઑફિસની ભલી બુઝુર્ગ સેક્રેટરીએ રિસીવર આપ્યું. 'અમે વૉશિંગ્ટનથી બોલીએ છીએ. અમેરિકન સમથિંગ સમથિંગ.' મને ન સમજાયું પણ સાંભળવાનું ચાલુ રાખ્યું: 'તમે લૉસ ઍન્જેલિસ જવા હા પાડી તે માટે આભાર. મિ. રે (સત્યજિત રે) આવી શકે એમ નથી. અહીંના ઍમ્બૅસૅડર જઈ શકે એમ નથી. એમના દફતરમાંથી બે ત્રણ જવા તૈયાર હતા એવી સૂચના હતી, પણ અમારે કોઈ સિનેમા-થીએટરની વ્યક્તિ જોઈતી હતી. ફૉર્ડ ફાઉન્ડેશન, રૉકેફેલર ટ્રસ્ટ બધે પૂછતાં તમારું નામ મળ્યું, અને અમે સૂચવ્યું. જજો. ગુડ થૅંક્સ. તમારો બધો ખર્ચ ત્યાંથી અપાશે. ઍની ક્વેશ્ચિન? અમે હમણાં જ તમારા યુનિવર્સિટીના પ્રેસિડેન્ટને ખબર આપી દીધી છે. એ તમને કહેશે. હી ઈઝ પ્રાઉડ ધૅટ તમને આ રીતે નોતરવામાં આવે છે. ગુડ લક ઍન્ડ થૅંક્સ'.

મેં ફારલીને ખાતાંખાતાં આખી વાત કરી.ત્યાંથી મારા એપાર્ટમેન્ટમાં પહોંચ્યું છું, હજી જરા આડો પડવાનો વિચાર કરું છું ત્યાં ટણિંગ ટણિંગ! "હું પ્રેસિડેન્ટની સેક્રેટરી. મિ. પ્રેસિડેન્ટ હન્ના વાત કરવા માગે છે... હું હન્ના. તમે તા. ૧૦મીએ લૉસ એન્જેલિસ જાઓ છો જાણી ખુશી. આપણી યુનિવર્સિટીના એક પ્રોફેસરને ત્યાં જવાના નિમંત્રણથી અમે સૌ ગૌરવ લઈએ છીએ. જઈ આવો, પછી અમને મળજો. મંગળે પાછા આવો! પછી બુધવારે લંચ આપણે સાથે લઈશું, ગુડ લક. થૅંક્સ.' પછી અમારા ખાતાના વડા ડૉ. બોયર ઝળક્યા. પછી ફારલી રણક્યો: 'સી. સી. ધિસ ઈઝનો લૅગપુલ. આ તો બહુ મોટો જલસો છે. હું ઇચ્છું છું કે મને પણ નોતરું હોત! અમે બધા તમારી અદેખાઈ કરીએ છીએ. બાઈ બાઈ.' પણ હજી મારા મનમાં ગડ બેસતી નથી.

ખરું કહું? એક વાર મુંબાઈમાં માને ત્યાં, એટલે કે પદ્મા શાહને ત્યાં એ લોકો કોઈ સિનેમા જોવા જવાનાં હતા, ત્યારે ઑસ્કર ઑસ્કર કરતાં હતાં. અને છાપામાં એવી કોઈ જાહેરાતમાં મેં પણ ઑસ્કર વાંચેલું. અને મેં મારું જ્ઞાનપ્રદર્શન કરેલું કે આ ફિલ્મમાં તો કોઈ ઑસ્કર પાડ કરે છે! બસ; એની બે દીકરીઓમાંની નાની રાજુલ બગડી: 'અરે ઑસ્કર વળી ઍક્ટર છે જ ક્યાં? આ તો એક કે બે કે ત્રણ એવા ઑસ્કર ઍવૉર્ડ જીતનારી ફિલ્મ છે. મમી! ચાંદામામાને ઑસ્કર શું એની પણ ખબર નથી' ત્યાર બાદ ઑસ્કરનો કંઈક અંદાજ મગજમાં બેઠો હતો. એ જૂની વાત અહીં ઇસ્ટ લૅન્સિંગમાં સાંભરી આવી.બાપ્પી મારી જાણે બલા!

જેનો સ્વભાવ જ ચટપટિયો, તે સોમ સવાર સુધી રાહ જુએ? રવિ સાંજના શિકાગો પહોંચી ગયો. ઍરપોર્ટ ઉપરના ઍર લાઇન્સના દફતર પર જઈ પૂછવાનું મન થયું. અધીરો સ્વભાવ ખરોને? તે ગયો જ. કાઉન્ટર ઉપરથી ફોન થયા, અને મને જણાવવામાં આવ્યું કે સવારે હાજર થજો. તમારી આવનજાવનની બે ટિકિટો તૈયાર છે. અત્યારે ક્યાં ઊતરવાના છો? મેં કહ્યું હું તો હમણાં લૅન્સિંગથી આવ્યો. સવારના કનેક્શન મળે ન મળે. તો કહે ઠીક. શહેરમાં જવું છે કે અહીં ઍરપોર્ટ પર પાસેની 'હૉલી ડે ઈન'માં જવું છે?' હજી છ વાગ્યા હતા, એટલે ગામમાં જવાનું ઠીક ધાર્યું. તો કહે થોભો. અમે થોભ્યા. અને પછી સૂચના આપી કે 'શૅરાટન હોટેલ'માં ઍરપોર્ટ બસ દ્વારા પહોંચો. રૂમ તૈયાર છે. સવારે બ્રેકફાસ્ટ લઈ સાડા દસે હાજર થઈ જજો. અગિયારની ફ્લાઈટ છે. ઍરપોર્ટ બસ ત્યાંથી સાડા નવે આવશે. તમારાં વાઉચરો-બસના, હોટેલના, બ્રેકફાસ્ટના—આ રસ્તેથી ઉપડો તો બહારના ગેટ પર તૈયાર હશે. કાલે સવારે સાડા દસે અહીં તમારી ટિકિટ તૈયાર હશે. ગુડબાઈ.

ચલી સવારી. શેરાટન હોટેલના રૂમમાં જઈને પડયા. હજી તો સાડા સાત. જે બેચાર ટેલિફોન નંબરો ગજવામાં હતા તે રણકાવ્યા. આના ઍલ્ડ્રિચ ઘરમાં નહોતાં. મળી ગયા એક વડોદરાના અમારા જૂના વિદ્યાર્થી—હવે ડૉ. પ્રકાશ દેસાઈ. શિકાગોમાં બેચાર વાર મળ્યા હતા. હલ્લો! આવો નવરા હો તો. એ કહે તમે આવો. અને એમ 'તમે-અમે'માંથી આખરે સાડાઆઠે ભેગા થયા. વાતો કરી, જમ્યા. ઑસ્કરનું નામ પડતા એ પણ થનગની ઊઠયા. એના સાથીદાર તો લગભગ બાઝી જ પડયા: 'વૉટ અ લક!' ઓત્તારી! જાણે મને જ ઑસ્કર ઍવૉર્ડ મળવાનો હોય એમાં! ડૉ. પ્રકાશ મગજની બીમારી, મગજની નસોમાં ફેરફારી, મગજમાં ઉશ્કેરાટ, મગજમાં કંઈક કસર કે એ પર કંઈ અસર,

હરિઃ ૐ આશ્રમનું
ડિસેમ્બર અંક માટેનું રૂ. પચાસનું
જીવનચરિત્ર પારિતોષિક
ચાર્લ્સ ડિકન્સ
'ના લેખક શ્રી ધીરુભાઈ પરીખને મળે છે.

એને શાંત રાખવાના યા શાંત કરવાના ઉપાયોના અભ્યાસમાં. મેં બે-ત્રણ ટ્રાન્ક્વિલાઇઝરની ગોળીઓ માગી, તો કહે; 'ના એવું કંઈ છે નહિ. તમે નૉર્મલ જ છો, અને મારાથી એવી ગોળીઓ અપાય પણ નહિ. આ એક લિબ્રિયમની ગોળી છે, તે એક જ આપું છું. પણ જરૂર પડે તો જ લેજો. અને ત્યાં તો તમને કશાની જરૂર નહિ પડે. પરમ દિવસે પાછા આવો ત્યારે ફોન કરજો.' જાતજાતની-વડોદરાની, એમના ભણતરની વાતો કરી છૂટા પડયા. મને તો તરત જ ઊંઘ આવી ગઈ.

બીજે દિવસે સવારે સાડા દસ કરતાં એક વહેલી બસમાં આપણે શિકાગો ઍરપોર્ટ ઉપર. હજી પંદર મિનિટ બાકી હતી, આમતેમ ફર્યા. પોણા મણનું છાપું લીધું, હાથે કરી બલા વળગાડી! પાસે સઇકીઍટ્રિસ હોત તો કહેત 'નવસનેસ.' કંઈ જ કરવાનું ન હોય ને છાપું ખરીદીએ તોપણ મારા વા'લા કહે 'નવસ ટૅન્શન'! તો શું કૉફીબારમાં કૉફી પીવા જાત તો ટૅન્શન નહિ કહેવાત? હજી બાર મિનિટ. ટૉઇલેટમાં જઈ આવ્યા. હજી નવ મિનિટ. વજન-કાંટા ઉપર બે સેન્ટ પોરવ્યા. હજી સાત મિનિટ. ડૉ. પ્રકાશને ફોન કર્યો: 'અરે સાહેબ! તમે તો અમારા ગુરુ, તમને વળી નર્વસનેસ કેવી! મજા કરો. હા, બરાબર છે. પાછા? કાલે સાંજે જ? તો આપણે સાથે જમીએ છીએ.' મેં એને રાતની ટ્રેઈનમાં લૅન્સિંગ જવાની ટિકિટ લઈ લેવાની સૂચના કરી. 'મધરાતે પહોંચી જઈશું. અને ત્યાંથી ટૅક્સી તો મળી રહેશે. ઓ. કે.' કમબખ્ત હજી ઘડિયાળ ધીમે ચાલે છે: ત્રણ મિનિટ બાકી. પણ એમાં શું? ધીમેધીમે ચાલીને સાડા દસમાં એક કમે અમે કાઉન્ટર પર પહોંચ્યા. ટિકિટો આવનજાવનની તૈયાર હતી. લગભગ છાપ્યા જેવા કાગળમાં સૂચનાઓ હતી. ત્યાં મિ. રૉબર્ટ જેનિંગ્સ મને મળશે. એ બધી વ્યવસ્થા કરશે.

સામાનમાં નાની હૅન્ડબૅગ જ હતી. તે સાથે રાખવાની વાત એમણે તરત કબૂલ રાખી અને મને ગેઇટ નંબર આપી દીધો. એક કિશોર કહે કે પ્લેઇન સુધી મૂકી જાઉં? મેં ના પાડી. ગુડ બાઇ. ટિકિટો વાંચ્યા વિના જ ખિસ્સામાં મૂકી મેં ચાલવા માંડયું. નંબર ૪૨૦; ચાર મિનિટમાં તો ત્યાં; શિકાગો ટુ લૉસ ઍન્જેલિસ. ફ્લાઈટ નંબર અને બરાબર અગિયારનું પાટિયું જોઈ ત્યાંના કાઉન્ટર પર ગયો. ત્યાં ટિકિટ કાઢી. એણે અરધિયું ફાડી અંદર દાખલ થવા માટે જુદી દિશા બતાવી. બીજા બધા હતા એ તરફ નહિ. મારા ચોતરામાં બીજા બે આવ્યા. અમે ત્રણ થયા, અને પોણા અગિયાર થતાં તો ઍર હોસ્ટેસ આવી, હસી, અમને પ્લેઇન ઉપર દોરવી લઈ ગઈ. બન્દાને ત્યારે ખબર પડી કે અમે ત્રણ બહાદુરો ફર્સ્ટ ક્લાસના મહારથીઓ હતા. પ્લેઇન ઊપડયા બાદ અમારી સરભરા શરૂ થઈ ગઈ. જમીને એકાદ ઊંઘ કાઢી અને પછી કંઈક વાંચવામાં મન પરોવવા માંડયું, પણ ન પરોવાયું.

આખે રસ્તે કૈં કૈં વિચારો વમળાય. મારે સિનેમાસૃષ્ટિ સાથે શો સંબંધ? હશે; જલસો તો જોઇએ. ઢગલો લોક હશે. આપણા ફેવરિટ કોણ છે? મિત્રો કોણ? ઇન્ગ્રિડ હશે? મૉરિસ શેવાલિયે હશે? ચાર્લી ચૅપ્લિન કે ગ્રેટા ગાર્બો હશે? એ હવે શાના ત્યાં આવે? ટેલિવિઝન પર ઝળકતા ઍની કે યા સલિવન કે ફ્રૅન્ક સિનાત્રા હશે? જ્યૉર્જ મૉંટગોમરી, મેરી આન, જૉબ મિચમ, જેકલિન સુઝાં હશે? અને એ નામો સાથે 'વૅલી ઑવ ધ ડૉલ્સ', 'પેટન પ્લેસ', 'ફેલની રકૉર્ડ', 'ડૉ. ઝિવાગો' એવી એવી કંઈક ફિલ્મોની યાદી પણ પસાર થઈ ગઈ. પેલા દર અઠવાડિયે ટેલિવિઝન પર જેમને જોવા હું ઉત્સુક રહું છું તે સ્મૉધર બ્રધર્સ પણ હશે: ટૉમી અને ડિક (કહે છે કે કૅલિફોર્નિયામાં સાં જોસેમાં કૅરોલિન ક્લબમાં એક રાતના પાંચ ડૉલરની કમાણીએ કારકિર્દી શરૂ કરેલી, હવે તો મારા વ્હાલા પૅકાર્ડ કે શેવ્રોલે વિના ફરતા જ દેખાતા નથી. હા, મહેનત—જબરી મહેનત, મનને અકળાવી દે એટલી તનતોડ મહેનત. પિતા મેજર સ્મૉધર ફિલિપાઇન્સમાં જાપાનીઓને હાથે કેદ પકડાએલા, અને મા સાથે બંને ભાઇઓ અમેરિકા છટકી આવેલા. પિતા તો કેદમાં જ અવસાન પામ્યા. પછી ટૉમે ડિકને સમજાવી ટેલિવિઝન અને નાટકોમાં પાઠ ભજવવાની શરૂઆત કરી.) સોફિયા લૉરેન હશે? એવા જાતજાતના વિચારોમાં—આ નટનટીઓના જીવન કિસ્સાઓના? આજે પ્રેમ, કાલે લગ્ન, વળી ટૂંક સમયમાં છૂટાછેડા, ફરી લગ્ન, વળી અણબનાવ; કોક પરણેલો બીજીને પરણે છે, કોઈ અપરિણીતાને સંતાન અવતરે છે; થોડા જ દિવસો પહેલાં અમે ક્યાંક વાંચ્યું હતું કે અમારા 'પ્રેમપુત્ર'-એટલે કે અમને પહેલો પ્રેમ થતાં જ અવતરેલું સંતાન! જેવાતેવા નટો નહિ માર્લન બ્રાન્ડોનું અને ટરિટા ટુમી ઊર્ફે ટરિટાનું સંતાન, સાઈમન. 'મ્યુટિની ઑન ધ બાઉન્ટી'ની ફિલ્મ ટાહિટી ટાપુમાં ઊતરી ત્યારે આ સંજોગ જાગ્યો હતો. પરણશે, પરણશે, પણ હજી બ્રાન્ડો કુંવારા જ છે! ઍન્થની ક્વિનનો પુત્ર ફ્રાન્સેસ્કો જોલાન્ડા, એડો લોરીને પેટે જન્મ્યો; પણ ક્વિનસાહેબ ત્યારે પરણેલા હતા! ચાર-પાંચ વર્ષ બાદ ક્વિને પોતાની વહુ કૅથેરીનને છૂટાછેડા આપ્યા. પેલા ઇટાલિયન નટ વિટ્ટોરિયોની પણ પ્રેમકથા એવી જ છે. અત્યંત દેખાવડો, પણ પ્રમાણિક પણ એવો—એના પોતાને મતે! પહેલાં નૉરા રીસીને ૧૯૪૪માં પરણ્યો. આઠમે વર્ષે છૂટાછેડા. એમની દીકરી પાઓલા. ૧૯૫૨માં વિટ્ટોરિયો શેલી વિન્ટર્સને પરણે છે. દીકરી જન્મી અને બે વર્ષમાં છૂટાછેડા. પછી એણે ડેનમાર્કની નટી ઍનેટ સ્ટ્રૉયબર્ગને પકડી, અને તરત એને તરછોડી જુલિયેટ મૅનિયલને હાથ ધરી એના થકી પુત્રરત્ન સાંપડયું: ઍલેસાંડ્રો, ૧૯૬૫માં-પ્રેમનું પરિણામ. હવે પરણવાનો વિચાર તો કરે છે, પણ એમાં આગલાં બધાં પ્રેમપાત્રોને નોતરવાનો પણ મનસૂબો રાખે છે! બને. વિટ્ટોરિયોની ફિલસૂફી સારી છે: કહે છે, 'શું કરું? આ બધું શરમજનક તો છે જ, પણ જાહેરમાં કબૂલ કરી દઉં છું, એટલે અંતરાત્મા ઉપરથી ભાર ઓછો થઈ જાય છે!'

આમ, આ પાત્રસૃષ્ટિમાં, યા નટોની દુનિયામાં પ્રિયતમ પરણેલો હોય, એને છૂટાછેડા ન મળતા હોય તોપણ બીજી પ્રિયતમા થકી એ ઉધાડેચોક પુત્રનો પિતા બની શકે છે. તેમ અવળે પક્ષે બાઈ કોઈની વહુ હોય, અને બીજાની પ્રિયતમા બની એને સંતાનનો યોગ પણ સંભવાવી શકે છે, આવાં કરતૂકોની જાહેરમાં કબૂલાતો પણ કરે છે, નથી પણ કરતાં; અને છતાં એમના આવા જીવતર થકી સમાજમાં હરવાફરવાને કે રૂપેરી પરદા ઉપર ચમકવાને એ લોકોને કશા બાધ આવતા નથી. આ સૃષ્ટિમાં નિંદા, થડપાયાની વાતો, અફવાઓ, ગપાષ્ટકો, નક્કર મજાકો, બનવાજોગ હકીકતો, એક કાનેથી બીજે કાને, એક મોઢેથી બીજે મોઢે, હરતીફરતી ઊભરાતી ચાલ્યા જ કરે છે; કોઈ ધ્યાન આપે છે, કોઈ ધ્યાનમાં લેતા પણ નથી, ભૂલી પણ જાય છે;—એવી આ દુનિયાની વ્યક્તિઓમાં હું ક્યાં અટવાઈશ, શું જોઈશ, એવી મનમાં અનેક અટકળો સાથે હું લૉસ ઍન્જેલિસના ઍરપોર્ટ ઉપર ઊતર્યો.

(ચાલુ)

શિહોરના રામજી મંદિરનાં ભીંતચિત્રો

લેખક
આલેખક
ખોડીદાસ
પરમાર

પોતામાં કોળેલી અમૂર્ત ઊર્મિને મૂર્ત રૂપ આપતો હરેક કલાસર્જક મનના તળગાંઠાણમાં વત્તાઓછારૂપે વિચારતો જ હોય કે પોતાનું સર્જન સૌ કોઈ જુએ, જાણે, માણે અને તેનો આનંદ લે. એને પોતાને તો સર્જનનો આનંદ છે જ, પણ અન્ય ભાવક-દર્શકને બતાવવા યે તે ઝંખે છે.

આમ કલાકારે નિર્મલ સૌન્દર્યના દર્શનથી ભાવક પોતાની આપસૂઝ પ્રમાણે આનંદ લે છે. અને દશ્ય-શ્રાવ્ય-કલારૂપના સૌન્દર્યના આનંદથી નિર્મળ ભાવકનાં હૃદય મન શુદ્ધ અને આર્દ્ર ભાવથી ભરાઈ જાય છે. તેથી જ ચિત્ર શિલ્પ કે સંગીત જેવી લલિત કળા દ્વારા ઉચ્ચતા પ્રતિ અભિમુખ થવાય છે. શુદ્ધકલારૂપના સૌન્દર્યતત્ત્વનું સાત્ત્વિક દર્શન તો કોઈ અભિજાત મરમીને જ લાધે છે, પણ સામાન્ય ભાવક તો મૂર્તરૂપે સ્ફૂટ થએલી કલામાંના રંગ, રેખા અને ચિત્રિત પ્રસંગના રચનામાધુર્યથી પ્રસન્નતા અનુભવે છે. વળી, જો ચિત્રવિષય ધાર્મિક કે પૌરાણિક હોય તો પોતે સાંભળેલી કથા-વાર્તાને ચિત્રરૂપે પ્રત્યક્ષ જોઈ તેઓ વધુ હર્ષિત થાય છે. એટલે જ ચિતારા અને દાતાઓ પણ મંદિર, હવેલી કે ચોરા વગેરે જેવા જાહેર ધાર્મિક સ્થળે ધર્મને અનુરૂપ પ્રસંગનાં ચિત્રો, શિલ્પો વગેરે કરે, કરાવે છે.

ભારતીય સંસ્કૃતિમાં મંદિર, ચૈત્ય વગેરે તો લલિતકલાઓનાં ધામસમાં સર્જાયાં છે. તે બંધાવનાર દાતાઓ અને તેના કારીગરોએ માત્ર પોતાની સૌન્દર્યદષ્ટિને સંતોષવા માટે જ નહિ, પણ બીજા પ્રેક્ષકોને પણ તેનો સાત્ત્વિક આનંદ મળે તેવી ભાવના રાખી છે. સદીઓજૂની અજંટાની ગુફાના દાતાઓએ પણ જે ગુફા-ચૈત્યનાં નિર્માણ કરાવ્યાં તેને પ્રથમ સ્થપતિ પાસે પૂર્ણ કરાવી, શિલ્પી અને ચિતારા પાસે તેમાં સુંદર શિલ્પચિત્રો કરાવીને જ પછી તે ભિક્ષુસંઘને અર્પણ કર્યાં હશે. આ ગુફાઓમાં તથાગતનાં તેમજ જાતકકથાઓનાં શિલ્પો-ચિત્રો વ્યવસાયી કલાકારો પાસે જ કરાવ્યાં હશે એમ માનવાનું કારણ એ કે તે કાળનો ભારતીય કલાકાર વિશાળ વ્યાપનાં ચિત્રો અને રૂપમઢ્યાં શિલ્પો કંડારતો, જેના પુષ્કળ ઉલ્લેખો સંસ્કૃત સાહિત્યમાં મળે છે. તે જ પ્રમાણે આજે પણ પરંપરાની રીતે કામ કરતો અને મંદિર-હવેલીમાં ચિત્રો આલેખતા વ્યવસાયી ચિતારા મળે છે. આ જોતાં અજંટાની ગુફાનાં ચિત્રો તે કાળના જ રાગી કલાકારોએ તૈયાર કર્યાં હશે. એમાંનાં ચિત્રોના, વર્ણ્ય વિષયનું આયોજન, મધુર રંગાવટ લાવણ્યમય રેખાવટી વગેરે જોઈને પણ કહી શકાય કે આ ગુફાનાં ચિત્રોનો કલાકાર સિદ્ધહસ્ત અને સંસારનો અનુરાગી હશે, પણ ત્યાગી તો નહિ જ હોય! જો કે કોઈ કોઈ સ્થળે માત્ર રૂપરેખામાં શિથિલતા દેખાય છે, જે શિખાઉ કલાકારનું આલેખન હોઈ શકે.






ચિતારાએ પોતાનું લક્ષ ખાસ ક્યાં કેન્દ્રિત કરવું એ માટે એક બોધક સૂચન છે, 'હાથ, હાથી ઔર ઘોડા, બાકી સબ થોડા થોડા.' ઉપરના ચિત્રાંકનમાં આલેખકે એ શિખામણ બરાબર લક્ષમાં રાખી છે. ચિત્ર છે 'કલ્કિ-સ્વરૂપ'નું કાઠિયાવાડી ઘોડાની મૂલવાન લઢણો તેમાં સ્પષ્ટ થાય છે. નીચે: ગાવડી. તેની રેખાઓમાં હવેલીમંદિરની પિછવાઈની આલેખનાની અસર છે.

મૂળ તો ભારતીય લલિતકળાનું સૌન્દર્યદર્શન ધર્મ અને ધર્મસ્થાન સાથે સંકળાએલું રહ્યું છે. તેથી ધર્મપુરાણોમાં પણ ચિત્રશિલ્પના શિક્ષણના ઉલ્લેખો મળે છે. વળી વ્યાપક ઉક્તિ તરીકે પણ કહેવાયું છે કે મંદિર કે ઘર ચિત્ર વગર સ્મશાન જેવું છે. માનવીને મન ઘર એ સુખનો પોરો અને સ્મશાન એ જીવનનો અંત છે. તે પોરારૂપ ઘરને અને હવે તો ચિરનિદ્રાના ધામ સ્મશાનને પણ સુંદર બનાવવાના પ્રયત્નો થયા છે.

ચિત્ર-શિલ્પ-કંડારનું વધુ વિસ્તરણ ભવનનિર્માણ કરતાં ધાર્મિક સ્થાપત્યમાં વિશેષ રહ્યું છે. પુરાતન માનવીના તાંત્રિક પૂજનના મૂર્ત અમૂર્ત ચિત્રો તેમજ તે સ્થાનને શોભાવતાં રેખાંકનોથી લઈને અજંટા, વેરુળ વગેરેમાં અનેક રૂપના પલટા ખાતાં ચિત્રો પેઠે આજનાં હવેલીમંદિરોની ભીંતોનાં ચિત્રો પ્રામજનોની આસ્થાને વધારવા સાથે તેમની કળા તરફ અભિરુચિ પણ કેળવે છે. ઇસ્લામ-શાસનના પૂર્ણકાળમાં હવેલીનો ભાગવતધર્મ વધારે પાંગર્યો, તેની સાથોસાથ લલિત કળાઓ પણ ત્યાં પ્રયોજાતી ગઈ અને હવેલીઓ-મંદિરોમાં ખાસ સ્થાન પામી ચૂકી. શ્રદ્ધાળુ, સામાન્ય સ્થિતિનો ભક્ત મહામંદિર કે તેવું કશું તો ન બંધાવી શકે, પણ સૌ સાથે મળીને નાનકડી હવેલી કે મંદિર તો જરૂર કરાવી શકે. આમ, શેરી, કસ્બા કે ગામડાં-શહેરોમાં ઘણી હવેલીઓ થઈ અને આસ્થાળુ ભક્તો તથા દર્શનશોખીન પ્રજાજનોએ હવેલીઓમાંથી ચિત્ર-સંગીતના સંસ્કાર મેળવ્યા. આમ ભીંતચિત્રદર્શનનો એક દૃઢ લોકસંસ્કાર તે પ્રામજનતાને મંદિર કે હવેલીઓમાંથી જ સાંપડ્યો છે.

સૌરાષ્ટ્ર વિભાગમાં ભીંતચિત્રોની દેખીતી એંધાણીઓ આશરે બસો-ત્રણસો વરસ જેટલી જૂની છે. તે પહેલાંનાં ભીંતચિત્રો અહીં કોઈ સ્થળે મળ્યાં જણાતાં નથી. મૈત્રક કાળમાં વિહારો વગેરેમાં ચિત્રો

કાચ ઉપર ચીતરેલું 'ગજેન્દ્ર મોક્ષ' અને ભીંત પર ચીતરેલી 'મહિયારીઓ'

હોવા સંભવ ખરો, પણ તેના કોઈ અવશેષ સૌરાષ્ટ્રમાં હજી ક્યાંયથી મળ્યા નથી. એટલે ભારતીય પરંપરાના અપભ્રંશરૂપ ને મુઘલ-રાજસ્થાની કલમની અસરવાળાં ચિત્રોની પરિપાટી સૌરાષ્ટ્રમાં દેખાય છે. છતાં તેમાં એક ભિન્ન પ્રકારનો ભેદ છે. સૌરાષ્ટ્રના શિલ્પી, સલાટો સ્થાપત્યમાં નિપુણ તો હતા જ, ઉપરાંત તેઓ ચિત્રકાર પણ હતા. તે ઉપરાંત ગામના તળપદા ચિતારાઓ પણ ચિત્રો આલેખતા. સલાટ ચિતારાઓનાં ચિત્રોમાં ચિત્રિત પ્રસંગ સળંગ હારમાં રજૂ થતો. તેમનામાં શિલાપટ કંડારવાના જે સંસ્કારો હતા તેને લીધે ચિત્રવિષયની રજૂઆત પણ તેઓએ તે રીતે જ કરી છે. ધાર્મિક પ્રસંગનો એક વિષય પૂરો થતાં જ ત્યાંથી તે બીજો વિષય પ્રયોજી દે છે. છતાં સમગ્ર સંયોજનમાં સપાટ શિલ્પકંડારના જેવી ઘાટી દેખાય છે. ચિત્રોમાં થોડાક વાનાના રંગો અને જોરદાર કાળી જોમભરી લીટીથી તે પૂરાં કર્યાં છે. આ ચિત્રો જે વિષયનાં છે તેના પ્રસંગને માત્ર સ્ફૂટ કરે તેવું સાદું રૂપ જ ચિતારાએ તેમાં રજૂ કર્યું છે. અજંટાની ગુફાનાં ચિત્રો પેઠે અહીં સૌન્દર્યશાસ્ત્રના નિયમ પ્રમાણે વિચારાયું નથી. અહીં તો ચિત્રો માત્ર શોભન રૂપે અને જે તે પ્રસંગનું તે દ્વારા સાદાઈથી કથન, આટલો જ હેતુ છે. જો કે સિહોરના દરબારગઢનાં ચિત્રોની કક્ષા જરા ઊંચા પ્રકારની છે.

આ સાથેનાં ચિત્રો સિહોરના એક રામજી મંદિરનાં છે. નીચે મંદિર છે, ઉપર મેડો છે, જ્યાં હાલ એક 'સૂરદાસ' પુજારી રહે છે. અહીં ચિત્રો લગભગ ૧૦૦ વર્ષ જેટલાં જૂનાં હોઈ તત્કાલીન મરાઠા યુગપ્રભાવની છાપ તેનાં પાઘડી અને જામામાં દેખાય છે. બાકી પરંપરાગત રીતે હવેલીઓ મંદિરોમાં આલેખાતાં વિષયરૂપનાં જ આ બધાં ચિત્રો સરખી કક્ષાનાં છે. પરમ ભાગવતને મન કૃષ્ણ અને રામ બંને સરખા જ છે. તેથી બહુધા રામ-કૃષ્ણ-લીલાના પ્રસંગોનું અહીં આલેખન છે. અને અમુક ચોક્કસ ઘાટી પ્રમાણે ભીંતના ચોકઠામાં જે જગ્યા મળે તેમાં બરાબર આવી રહે તેવો વિષય પસંદ કરી આ ચિત્રો આલેખાયાં છે.

ચિત્ર કરવા માટે કહેવાય છે કે 'હાથ, હાથી ઔર ઘોડા; બાકી સબ થોડાથોડા'- એ મુજબ ચિતારાએ ઘોડા તેમજ પશુરૂપને ઘાટીલું અને નમણું ચીતર્યું છે. પાત્રોનાં હાથ, પગ તેમજ આંગળાંની રજૂઆતમાં તે જરાક થોથરાયો દેખાય છે, પણ મુખવટો, સમગ્ર રૂપ, ડોલન, શોભનકંડાર અને વળાંકગતિને જે જોમભરી પીંછીએ લસરકો માર્યો છે તેથી રેખાઓ તો સળંગ રસળતી જ થઈ ગઈ છે, અને સમગ્ર રચના-સંયોજનમાં ય ચિતારો ઓછો ઊતર્યો નથી જ. 'દશાવતાર'ના સંયોજનમાં ચિત્રકારનો વિષયવ્યાપ લગભગ મત્સ્યરૂપથી શરૂ કરી કચ્છપ, વરાહ, વામન, નૃસિંહ, પ્રહ્લાદ, ગજમુખ, ગણેશ, રામરાવણ યુદ્ધ અને છેવટે અશ્વના કલ્કિરૂપમાં અનેક પાત્રોનો પરિચય થાય છે. પાત્રની કરવટ અને અંગઉપાંગ ઉપરાંત પશુ-માનવનાં અનેક પ્રકારનાં પ્રમાણબદ્ધ અને સંયોજિત રૂપો આલેખવામાં આવ્યાં છે. આ રીતે 'દશાવતાર' ચીતરતાં તો હાથ બેસી જાય છે એટલે એ પછી તે ભગવાનની લીલાનાં ચિત્રો, અને યુદ્ધ પ્રસંગો ચીતરે છે, જેમાં તે કાળના ચિતારાની બધી જ ખૂબી, વિશેષતા આવી જતી દેખાય છે. આ રીતે ચિત્રકામ માટે તૈયાર થએલો ચિતારો ત્યાર પછી જીવે ત્યાં સુધી દરેક સ્થળે એ જ ઢબેઢબે કામ કર્યા કરે છે.

આ ભીંતચિત્રોમાં, તત્કાલીન સમાજનું જે પ્રતિબિંબ ચિતારાના માનસમાં હોય છે તે પણ તેની કલમ દ્વારા ઉમેરાય છે. અહીં માનવચહેરાના એકચશ્મી રૂપમાં સહજાનંદીય મુખરૂપની અણસાર કળાય છે. વળી વામન અવતારના ચિત્રણમાં વામનને બેઠી દડીના ફૂંદાળા બ્રાહ્મણ જેવા જ દોર્યા છે, તો ભક્ત પ્રહ્લાદને લાકડાની પાટી અને વતરણું લઈને ધૂટી નિશાળે જતા 'વિદ્યારથી' (વિદ્યાર્થી)નું જ રૂપઅભિધાન મળ્યું છે. કલ્કિરૂપના અશ્વમાં કાઠિયાવાડી ઘોડાની મૂલવાન લઢણો અને અથાક બળનું દર્શન થાય છે. આ બધાંય ચિત્રોમાં જેને શુદ્ધ સુંદર ચિત્ર કહીએ તેવું 'નાગદમણ'નું આલેખન છે. સુંદર સંયોજન અને અદ્ભુત ગતિથી વર્ણિત થએલું આ ચિત્ર ખરેખર દર્શનીય છે. ઉપરાંત 'રામ




રામજી મંદિર (શિહોર)ની ભીંત પરનાં ચિત્રોમાંના ચાર ચિત્રખંડ. મથાળે 'નાગદમન' અને 'દાણલીલા'. નીચે: 'રામ, લખમણ, જાનકી' અને 'રામ-રાવણ યુદ્ધ.' જમણી બાજુ નીચેની બે આકૃતિઓમાં 'વામન સ્વરૂપ' તથા 'વેહારથી' (વિદ્યાર્થી) ભક્ત પ્રહલાદ. આલેખન સમયના સમાજનું જે પ્રતિબિંબ તત્કાલીન લોકવાણીમાં પડ્યું હશે તે અહીં ચિત્રાલેખનમાં પણ વ્યક્ત થાય છે.



લખમણ જાનકી', 'રામ-રાવણ યુદ્ધ' કે 'મેંયારીઓ' તે કાળનાં ચાલાચાલુ ચંદરિયાં ચિત્ર જેવાં જ છે, તો હિંડોરા નાખતી ગાયના રૂપમાં નાથદ્વારાની પિછવાઈની લઢણ દેખાય. છે એકંદરે લીલા, લાલ, ભૂરા, પીળા તથા ગુલાબી આટલા જ રંગો એમાં વપરાયા છે. રંગો સહેજ ઝાંખા થઈ ગયા છે, પણ કાળા રંગની કંડાર (ફિનિશિંગ)ની લીટીઓ તો હજી યે એવી ને એવી જ તેજસ્વી દેખાય છે. □

[ચિત્રો ટ્રેસ કરવામાં સર્વશ્રી જયંતભાઈ, ચંદ્રકાંત અને જનાર્દનભાઈએ મદદ કરી હતી. સંદર્ભ: સૌરાષ્ટ્રના ગુજરાતના ભીંતચિત્રો શ્રી રવિશંકર મ. રાવળ.]



દેશદેશના જોડા : માણસના પોશાકની માફક જોડાએ પણ દેશદેશમાં અને યુગયુગમાં વિવિધ રૂપો ધારણ કર્યાં છે. એના વિવિધ ઘાટ જેમ દેશદેશનાં હવામાન તથા જરૂરિયાત પ્રમાણે રચાયા છે, તેમ તેની બનાવટનાં સાધનોની પણ તેના ઘાટ પર અસર થઈ છે. પછી તો માનવીએ પોતાની રસવૃત્તિ પ્રમાણે એને શણગાર્યા; અને રૂઢિના ચીલામાં પડતાં, પશ્ચિમી સ્ત્રીઓના ઊંચી એડીના, તથા ચીની સ્ત્રીઓના પગને કોચલું વાળતા સાંકડા ઘાટ પણ એના ઘડાયા. ઉપરનાં ચિત્રો પરથી જણાશે કે હિંદ વગેરે દેશો કરતાં ઠંડા મુલકોમાં જોડાની વિશેષ જરૂર હોવાથી ત્યાં જ તેના પ્રકારોનું વૈવિધ્ય વિકસ્યું છે; જ્યારે પૂર્વના દેશોમાં સામાન્ય જીવનમાં એની બહુ જરૂર ન હોવાથી તેના ઘાટમાં ઝાઝા ફેરફારો પણ થયા નથી. સૌથી ઉપલા ખૂણે બતાવેલા પુરાતન ઇજિપ્તનાં સૅન્ડલ અને છેક છેલ્લે બતાવેલા હિંદી ચંપલની વચ્ચે અજબ સામ્ય છે; પણ એ બિની વચ્ચેના ગાળામાં કેવી અદ્‌ભુત સૃષ્ટિ સરજાઈ ગઈ છે! (પચ્ચીસ વર્ષ પહેલાં)

૨૧ ('કુમાર' અંક ૫૬૫)

પચ્ચીસ વર્ષ પહેલાં



આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકોમાં આપણી પ્રાચીન મૂર્તિઓને સમજવામાં મદદરૂપ થઈ પડે એવું ટૂંકામાં ને સરળ જ્ઞાન આપતી 'મૂર્તિશાસ્ત્ર' ઉપરની શ્રી અમૃતલાલ વ. પંડયાની જે લેખમાળા આવતી હતી તેનો થોડો વધુ ભાગ

ત્રિદેવોના સંયુક્ત સ્વરૂપ પછી હવે તેમના દરેકના સ્વરૂપનો વિચાર કરીએ, ને ત્રિદેવોમાં બ્રહ્મા પહેલા એટલે બ્રહ્માથી શરૂ કરીએ.

બ્રહ્માની મૂર્તિ તેમના ચાર મસ્તકથી તરત ઓળખાઈ આવે છે. એથી તે 'ચતુરાનન' પણ કહેવાય છે. વળી સામાન્યરીતે બ્રહ્માને દાઢી હોવાથી એ રીતે પણ તે ઓળખી શકાય છે. બ્રહ્માનું સામાન્ય સ્વરૂપ નીચે પ્રમાણે છે:

(૧) મસ્તક: ચાર અને તેમના પર જટામુકુટ; ચહેરા પર દાઢી. (૨) હાથ ચાર. એક હાથમાં સ્રુવ (શરવો, ચમચો); એકમાં અક્ષમાલા; ત્રીજામાં પુસ્તક અને ચોથમાં કમન્ડલુ (લોટી). જુદાજુદા શિલ્પગ્રંથોમાં દેવોના હાથમાંના આયુધો વિષે મતભેદ જોવામાં આવે છે, એટલે પ્રસ્તુત લેખમાળામાં દર્શાવેલા આયુધો, મૂર્તિઓના નમૂનાઓમાં જે સામાન્ય રીતે મળી આવે છે તે મુજબના વર્ણવવામાં આવ્યા છે. (૩) આસન: કમલાસન, (૪) વાહન: હંસ. (૫) બ્રહ્માને બે પત્ની છે; સાવિત્રી ને સરસ્વતી. જે મૂર્તિઓમાં બ્રહ્મા સપત્ની કહેવાય છે તેમાં તેની ડાબી બાજુ સાવિત્રી અને જમણી બાજુ સરસ્વતી બેઠેલી હોય છે.

બ્રહ્માનાં મુખ્યત્વે ચાર સ્વરૂપો છે: પ્રજાપતિ બ્રહ્મા, વિશ્વકર્મા, લોકપાલ અને ધર્મ. એમાંથી પ્રારંભના બેની મૂર્તિ મળી આવે છે. આ બે સ્વરૂપો નીચે પ્રમાણે છે: (૧) પ્રજાપતિ બ્રહ્મા સામાન્ય સ્વરૂપ ઉપરના વર્ણન પ્રમાણે જ. ફેર માત્ર એટલો કે તેઓ બેના બદલે માત્ર એક જ પત્ની સાવિત્રી (વામાંગમાં) સાથે બેઠા હોય છે. (૨) વિશ્વકર્મા: મસ્તક ત્રણ, હાથ દસ ને તેમાંના એકમાં માનદંડ (કારીગરો જેનાથી માપે છે તે ગજ), અને વાહન હાથી.

બ્રહ્માના પરિવારદેવતા

બ્રહ્માના પરિવાર દેવોમાં તેની પત્નીઓ સાવિત્રી અને સરસ્વતી એ બે જ છે. તેમનું વર્ણન અને જુદાંજુદાં સ્વરૂપો નીચે પ્રમાણે છે:

(૧) સાવિત્રીનું બીજું નામ બ્રહ્માણી કે બ્રાહ્મી છે. તેની ગણત્રી સપ્તમાતૃકાઓ–સાત માતાઓ–(બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, માહેન્દ્રી ને ચામુંડા)માં પણ થાય છે. તેને સામાન્ય સ્વરૂપમાં ચાર મસ્તક અને ચાર હાથ હોય છે, જેમાં દરેકમાં અનુક્રમે અક્ષસૂત્ર, પુસ્તક, કમળ અને કમંડલુ એ આયુધો ધારણ કરેલાં હોય છે. એનું સ્થાન બ્રહ્માના વામાંગમાં હોઈ એ બ્રહ્માની મુખ્ય પત્ની છે.

(૨) સરસ્વતીનાં વાગીશ્વરી અને શારદા એવાં બે સ્વરૂપો છે. તેનું સ્થાન બ્રહ્માની જમણી બાજુએ છે. તેને એક મસ્તક ને તેના પર કરન્દ મુકુટ, ને બે (તથા ક્વચિત ચાર) હાથ હોય છે. જ્યારે બે હાથ હોય ત્યારે તેમાં પુસ્તક અને વીણા હોય છે; ચાર હાથ હોય ત્યારે વધારાના બે હાથોમાં અંકુશ અને અક્ષમાળા હોય છે. તેનું વાહન હંસ (કે મોર) છે. તેનાં બંને સ્વરૂપોનું વર્ણન નીચે પ્રમાણે છે:

'વાગીશ્વરી': આ સ્વરૂપમાં તેને હિંદુ અને બૌદ્ધ તાંત્રિકો પૂજે છે. તેને ત્રણ નેત્ર ને ચાર હાથ હોય છે. હાથમાં દંડ, પુસ્તક, અક્ષમાળા અને કમંડલુ હોય છે, અને મસ્તક પર કરંદમુકુટ હોય છે. આ વાગીશ્વરીનાં પાછાં બે પેટાસ્વરૂપો પણ છે: (૧) ધનુવાગીશ્વરી, જેમાં સ્વરૂપ તો ઉપર પ્રમાણે, પણ મસ્તક ઉપર કરંદના બદલે જટામુકુટ હોય છે; અને (૨) સૌભાગ્યવાગીશ્વરી, જેમાં સ્વરૂપ મૂળ પ્રમાણે જ. પણ સુંદર વધારે.

'શારદા' સ્વરૂપે સરસ્વતી ૬૪ કલાઓની અધિષ્ઠાત્રી તરીકે પૂજાય છે. તેને પાંચ માથાં ને દસ હાથ હોય છે. મ્હેસૂર રાજ્યના શૃંગેરીમઠમાં તે આ સ્વરૂપે પૂજાય છે.

બ્રહ્માની ઉપાસના વિષ્ણુ ને શિવના જેટલી પ્રચલિત નથી. હાલ આખા હિંદમાં બ્રહ્મા સ્વતંત્ર રૂપે પૂજાતા હોય એવાં બે મુખ્ય મંદિરો છે: એક અજમેર પાસે પુષ્કરમાં ને બીજું ગુજરાતમાં ઈડર રાજ્યના ખેડબ્રહ્મા ગામે. બહુ પુરાતન કાળમાં બ્રહ્માની પૂજા હાલ કરતાં વધુ પ્રમાણમાં થતી હશે. આમ બ્રહ્માની ઉપાસના સ્વતંત્ર રૂપે બહુ પ્રચાર પામી જણાતી નથી, છતાં હિંદના બીજા ભાગો કરતાં ગુજરાતમાં એની પૂજા આગળ વધી ગઈ હતી. આ રીતના સ્વતંત્ર રૂપ સિવાય બ્રહ્માનું સ્થાન શિવમંદિરોમાં ઉત્તર દિશા તરફના ગોખમાં પણ હોય છે, અને એ પ્રકારની ઘણી મૂર્તિઓ મળી આવે છે.



ગુજરાતમાંની બ્રહ્માની મૂર્તિ

બ્રહ્માની ગુજરાતમાં જૂનામાં જૂની મૂર્તિ વેરાવળથી થોડેક પૂર્વમાં દરિયાકાંઠે આવેલા કડવાડમાંના લગભગ છઠ્ઠા કે સાતમા સૈકામાં બંધાએલા વરાહમંદિરમાં એક ગોખમાં આવેલી છે. એની વિશેષતા એ છે કે દેવને દાઢી નથી. ઈડર સંસ્થાનના ખેડબ્રહ્માવાળી બ્રહ્માની મૂર્તિ પણ બહુ પ્રાચીન લેખાય છે,—કેટલી પ્રાચીન તે હજી નક્કી થવું બાકી છે. મોઢેરાના ૧૧મા સૈકાના સૂર્યમંદિરમાં પણ એક ગોખમાં બ્રહ્માની સુંદર પ્રતિમા છે. આ પછીની મૂર્તિ પાટણ પાસે કસરા ગામના પ્રાચીન મંદિરમાં આવેલી છે. દેલમાળના ૧૨મા સૈકાના મંદિરમાં બ્રહ્માની એક ઘણી સુંદર પ્રતિમા છે. તેમાં બ્રહ્માની બંને બાજુ તેનાં પત્નીઓ સાવિત્રી અને સરસ્વતી બેઠેલાં છે. રાજકોટના વૉટસન મ્યૂઝિયમમાં પણ કોઈ અજ્ઞાત સ્થળેથી મળી આવેલી બ્રહ્માની એક સુંદર પ્રતિમા છે. આ ઉપરાંત વડનગરના કીર્તિસ્તંભના ઉપરના ભાગમાં બ્રહ્માની એક પ્રતિમા છે. વડનગરના સાંબેલા તળાવ ઉપરથી પણ બ્રહ્માની સાવિત્રી સાથેની મૂર્તિ મળી આવી છે. પાટણ ને સિદ્ધપુરનાં કેટલાંક મંદિરોમાં પણ બ્રહ્માની પ્રતિમાઓ છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં બ્રહ્માની જ્યાંત્યાં રવડતી પ્રાચીન મૂર્તિઓ તો અનેક મળી આવે છે, જે પ્રાચીન કાળમાં આ પ્રદેશમાં તેની મોટા પ્રમાણમાં ઉપાસના થતી હોવાની સાક્ષી પૂરે છે. ઉત્તર ગુજરાતથી જેમજેમ સાબરમતીનો કાંઠો વટાવી દક્ષિણ તરફ આગળ વધીએ છીએ તેમતેમ બ્રહ્માની પ્રાચીન મૂર્તિઓના નમૂનાઓનું પ્રમાણ ઓછું થતું જાય છે, ખંભાત પાસેના નગરાના અવશેષો અને મધ્ય ગુજરાતમાંથી મળી આવેલા થોડાક નમૂનાઓ પરથી લાગે છે કે મહીની દક્ષિણે બ્રહ્માની પૂજા ખાસ થતી નહિ હોય. નર્મદા ને તાપીના પ્રદેશ વચ્ચેની મારી શોધખોળોમાં બ્રહ્માની એક પણ પ્રતિમા હજુ મારી નજરે ચડી નથી તેમજ એની દક્ષિણના વિસ્તારોમાંથી પણ બ્રહ્માની મૂર્તિઓ મળેલી હોવાનું જાણ નથી; સિવાય કે મુંબાઈ નજીક સોપારામાંથી દેલમાળના જેવી જ સુંદર એક બ્રહ્માની પ્રતિમા મળી આવી છે.

આપણાં કિશોર-કિશોરીઓના પ્રશ્નોની નિખાલસ અને તલસ્પર્શી વિચારણા કરતી લેખમાળા

તારુણ્યની તકલીફો

લેખક

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

૪ તરુણ વયની શારીરિક વૃદ્ધિ

જાતીય ગ્રંથિઓ જ્યારે સક્રિય બને છે ત્યારે શરીરની વૃદ્ધિ ધીમી પડે છે. આમાં જે કિશોર-કિશોરીઓ વહેલાં પુખ્ત બની જાય છે તે ઊંચાઈમાં નીચાં અને વજનમાં વધારે હોય છે અને મોડી પુખ્ત બનતી વ્યક્તિઓ ઊંચી ને પાતળી થાય છે.

★

તેરથી પંદરની વયમાં કન્યાઓના કટિ અને વક્ષઃપ્રદેશ ઉપર નારીસહજ લક્ષણો પ્રકટ થવા માંડે છે, જ્યારે કિશોરોમાં કંઠનળીનો ફેરફાર થઈ હૈડિયો દેખાઇને તેનો અવાજ ફાટે છે. કન્યાઓમાં પણ કંઠનળીનો ફેરફાર તો થાય જ છે, પણ તે ત્રીજા ભાગ જેટલો જ હોઈ તેના અવાજની મૃદુતા જળવાઈ રહે છે.

★

તરુણાવસ્થામાં પહોળા નિતંબ, વાંકા પડતા પગ ને સાંકડા ખભા એ કન્યાઓના ઘાટની લાક્ષણિકતાઓ છે, તો સીધા પગ, પાતળા નિતંબ અને પહોળા ખભા એ કિશોરની.

તારુણ્યની સામાન્ય લાક્ષણિકતાઓ આપણે જોઈ. હવે એ કાળ દરમિયાનના દૈહિક (શારીરિક) અને દેહવ્યાપારિક (શરીર-વ્યાપાર વિષયક) વિકાસ જોઈએ. આ બંને પ્રકારના ફેરફારોના આધારે તરુણોનો માનસિક, સામાજિક ને લાગણીનો વિકાસ સધાય છે. વળી, આ ફેરફાર વિષેના ભાનના વધવા સાથે તરુણોના મોટેરાંઓ સાથેના તથા સામી જાતિની વ્યક્તિ સાથેના વહેવારમાં પણ ફેર પડે છે.

તરુણ વયના વિકાસ દરમિયાન શરીરમાં વજન, ઊંચાઈ, બાંધો અને હાડકાં સંધાવાના ફેરફારો થાય છે. શરીરની ઊંચાઈ વધવા સાથે વજનના વધારાને પણ ખયાલમાં લેવાનો છે.

કિશોર અને કન્યાના વૃદ્ધિકાળ દરમિયાન તેમની ઊંચાઈમાં સ્પષ્ટ તફાવત રહે છે. જન્મ સમયે બાળા કરતાં બાળની ઊંચાઈ થોડી વધારે હોય છે. દસેક વર્ષની વય પછી બાળા ઊંચાઈમાં વધુ વધે છે, કારણ કે અગિયારથી ચૌદની વય વચ્ચે એમની વૃદ્ધિ વધુ ઝડપી હોય છે. ચૌદ-પંદરની વયથી કિશોરની ઊંચાઈ વધુ ઝડપી બને છે અને આ ધોરણ પછી કાયમ રહે છે. આમ, યૌવનના આરંભમાં કન્યાઓ અને ત્યાર પછીના કાળમાં કિશોરો ઊંચાઈમાં વધુ વધે છે. પણ શરીરના વ્યાપારોનો વિકાસ કન્યાઓ કરતાં કિશોરમાં બેચાર વર્ષ મોડો થાય છે. લગ્નસંબંધમાં યુવાન કરતાં ઓછી વયની યુવતિ પસંદ કરવા પાછળ આ એક અગત્યનું કારણ છે.

પરંતુ જ્યારે જાતીય ગ્રંથિઓ સક્રિય બને છે ત્યારે શરીરની વૃદ્ધિ ધીમી પડે છે. આ કારણે વહેલાં પુખ્ત બની જતાં કિશોર-કિશોરીઓ ઊંચાઈમાં નીચાં અને વજનમાં વધારે હોય છે, જ્યારે મોડી પુખ્ત બનતી વ્યક્તિઓ ઊંચી અને પાતળી હોય છે. જાતીય વિકાસની રીતે ઠીંગણા અને મજબૂત માણસો ઊંચા અને પાતળા લોકો કરતાં વધુ આગળ હોય છે. અલબત્ત, આ એક સામાન્ય નિયમ છે અને તેમાં અપવાદ પણ હોઈ શકે છે. ઉંમરની દૃષ્ટિએ વહેલો જાતીય વિકાસ પામનાર કન્યાનો શારીરિક વિકાસ વહેલો અટકે છે, કારણ કે ઋતુસ્રાવ પામ્યા પછી શારીરિક વૃદ્ધિને ઉત્તેજના આપનારી ગ્રંથિઓનો સ્રાવ ઝડપથી ઘટવાથી ઊંચાઈ વધવાનું પણ ઝડપથી ઘટે છે. કિશોરોમાં આવું થતું નથી.

માધ્યમિક શાળા છૂટવાના સમયે સમાન વયનાં કિશોર-કિશોરીઓને જોતાં દેખાશે કે સમાજના વિવિધ વર્ગના વિદ્યાર્થીઓમાં કોઈ પાતળું તો કોઈ જાડું, કોઈ ઊંચું તો કોઈ ઠીંગણું, કોઈ તંદુરસ્ત તો કોક માંદલું ને માયકાંગલું, કોઈ વયના પ્રમાણમાં વધુ પુખ્ત તો કોઈ વધુ બાલિશ લાગે છે. આમાં ય તરુણોચિત સૌન્દર્ય અને શક્તિના ઐશ્વર્યમંડિત, ઉન્નતશિર તથા ઉત્સાહસંપન્ન આંખોવાળો, છટાથી ચાલતો કુમાર જોઈ અંતરમાં સહેજે આનંદ થાય છે, તો સાંકડી ખૂંધી ગરદન નમાવી ટોળા સાથે રહેવા ઝડપી પગલાં પાડતાં બટકાં શરીર જોઈ રંજ અને રમૂજની મિશ્ર લાગણી અનુભવાય છે.

ઊંચાઈની પેઠે વજનની વૃદ્ધિમાં પણ કન્યા અને કિશોર વચ્ચે તફાવત રહે છે. તેરથી પંદર વર્ષની વયમાં કન્યાઓના કટિપ્રદેશ અને વક્ષઃસ્થળ પર નારીસહજ લક્ષણો પ્રકટ થવા લાગે છે, જ્યારે કિશોરોમાં આ વય વચ્ચે તેની કંઠનળીનો ફેરફાર ધ્યાનપાત્ર બને છે. જો કે બંને જાતિમાં આ અવયવ વૃદ્ધિ પામે છે, પણ કિશોરમાં એ વૃદ્ધિ વધુ સ્પષ્ટ જણાય છે. કિશોરમાં તે અઢાર વર્ષમાં તો બેવડા કદની બની જઈ કોણમય આકાર લઈ હૈડિયાના રૂપમાં દેખાવા લાગે છે. તેમાંના સ્વરતંતુઓ લંબાઈ ને જાડાઈમાં વધતાં કિશોરનો અવાજ ફાટે છે. પણ કન્યાઓમાં તેની કંઠનળીનો વિકાસ માત્ર ત્રીજા ભાગ જેટલો રહેતો હોઈ તેના અવાજની મૃદુતા જળવાઈ રહે છે.

અસ્થિભવન

બાળપણમાં શરીરનું હાડપિંજર મોટાભાગે કોમળ તરુણાસ્થિનું હોય છે, તે કૅલ્શયમ ફૉસ્ફેટ અને બીજા ખનિજ દ્રવ્યોના વધવાથી અસ્થિભવનની ક્રિયા થાય છે ને તરુણાવસ્થા દરમિયાનનાં કુલ ૩૫૦ જેટલાં હાડકાં પુખ્ત વયે પહોંચતાં, એકબીજા સાથે સંધાઈ જઈ ને ૨૦૬ જેટલાં બની રહે છે. આમાં પોષણ અગત્યનો ભાગ ભજવે છે. આ અસ્થિભવનથી શરીરમાં ઘાટ ને પ્રમાણ આવી જાય છે. આમાં નિતંબનાં હાડકાં, આસનાસ્થિ, શ્રોણિઅસ્થિ ને ભગાસ્થિનાં સંધાણ થવા ઉપરાંત યુવાવસ્થામાં પણ થોડા ફેરફારો થાય છે, પણ તરુણાવસ્થામાં તે ઝડપથી થાય છે. યુવતીઓમાં ૧૮ થી ૨૦ વર્ષની વય સુધી અને યુવકમાં ૨૦ થી ૨૭ કે એથી વધુ ઉંમર સુધી આ પ્રક્રિયા ચાલે છે. આમ, હાડપિંજર ઘટ્ટ ને મજબૂત બનતાં બંનેમાં પુખ્તવયની શારીરિક ઊંચાઈ આવી રહે છે.

તરુણાવસ્થામાં કન્યાઓની ઊંચાઈ બેએક ઇંચ વધે છે, પણ કિશોરો તો ખાસ્સા ચારપાંચ ઇંચ ઊંચા થઈ જાય છે. બીજી બાજુ બંનેના ઘાટ પણ સ્પષ્ટ તફાવતવાળા બની રહે છે. પહોળા નિતંબ, વાંકા પડતા પગ ને સાંકડા ખભા એ કન્યાઓના ઘાટની લાક્ષણિકતા છે; તો સીધા પગ, પાતળા નિતંબ અને પહોળા ખભા એ કિશોરની. આ દરમિયાન ખોપરી,

કરોડ, નિતંબ અને હાંસડીનાં હાડકાં તેમનો છેવટનો ઘાટ પામે છે. અઢાર-વીસ વર્ષે એકવડિયા બાંધાનો લાગતો કુમાર હાંસડીનાં હાડકાં વધવાથી પચ્ચીસ-સત્યાવીસની વયે ખભેથી ખાસ્સો પહોળો દેખાય છે. અવલોકનો પરથી જણાયું છે કે પ્રજનન ગ્રંથિઓના અપૂરતા સ્રાવથી શરીરની સામાન્ય વૃદ્ધિ થતી નથી. આ ગ્રંથિઓની ઓછી વૃદ્ધિને કારણે કે અંડ કાપી ખસી કરેલી વ્યક્તિઓની શારીરિક વૃદ્ધિ અટકી પડે છે.

પંદરથી વીસ વર્ષ દરમિયાન શરીરના બાંધા પ્રમાણે વ્યક્તિ ઊંચી ને પાતળી કે જાડી ને ટૂંકી, માંસલ સ્નાયુવાળી ને અસામાન્ય બાંધાની બને છે. શરીરના બાંધા સાથે સ્વભાવની લાક્ષણિકતા પણ સાંકળી શકાય છે. પાતળા શરીરવાળા બીજાની ટીકા કરવામાં પાવરધા, પણ પોતાની ટીકા માટે આળા હોય છે. ટૂંકા ને પુષ્ટ શરીરવાળા આરામપ્રિય ને લોકોમાં ભળનારા છે. મજબૂત શરીરવાળા લોકો સાથે સુમેળ સાધી શકે છે.

સરખી વયના તરુણોમાં શરીરના બાંધામાં વ્યક્તિગત ખાસ તફાવત નથી હોતા; જોકે કોક ઊંચાઈમાં એકદમ વધી જતો તો બીજો ઊંચાઈમાં બિલકુલે ય ન વધતો જોવામાં આવે છે. તરુણોને અંદરોઅંદર 'લાંબડો' કે 'બટકો'ના વિશેષણોથી નવાજતા જોવાનો આપણને સૌને અનુભવ છે. આ 'લાંબડા' કે 'બટકા'ને મિત્રો સાથે સુમેળ સાધવામાં મુશ્કેલી અનુભવવાથી માંડી ઘરમાં અને બહાર પોતાની લાગણીઓ ઘવાય એવી સમસ્યાઓ હલ કરવી પડે છે.

અંતઃસ્રાવી ગ્રંથિઓ

શરીરમાં આવેલી નવ જેટલી અંતઃસ્રાવી ગ્રંથિઓના સ્રાવ શરીરના આંતરિક વ્યાપારોનું નિયંત્રણ કરે છે. આ ગ્રંથિઓ (હૉર્મોન્સ) એકબીજાના ગાઢ સંબંધમાં રહી કામ કરે છે. શારીરિક અને માનસિક વૃદ્ધિ, પાચન, પોષણ, ગર્ભનો વિકાસ અને ગર્ભની જાતિનું વિશેષીકરણ વગેરે આ અંતઃસ્રાવી ગ્રંથિઓના અંકુશમાં છે.

આ બધી અંતઃસ્રાવી ગ્રંથિઓમાં અતિ અગત્યની અને બાકીની બધી ઉપર અંકુશ ધરાવનાર પિચ્યુટરી ગ્રંથિ છે. મગજના તળ ભાગમાં આવેલી આ ગ્રંથિનો આગલો (એન્ટિરીઅર), પાછલો (પોસ્ટિરીઅર) અને વચલો એવા ત્રણ ભાગ છે. આ ત્રણેય ભાગના સ્રાવોથી વિવિધ કાર્યો થાય છે ને જાતીય તથા માનસિક વિકાસ સધાય છે. આ ગ્રંથિના સ્રાવના અભાવથી વ્યક્તિ ઠીંગુજી રહે છે, તો તેના વધારેપડતા સ્રાવથી શરીરનું કદ રાક્ષસ જેવું થાય છે. કદીક માથું હાથ ને પગ રાક્ષસી કદનાં બને છે, જે 'ઍક્રોમેગાલી' નામથી ઓળખાય છે. ઉપરાંત એના બીજા ઘણા સ્રાવોથી બીજી ગ્રંથિઓને સ્રવવાની ઉત્તેજના મળે છે. આનો 'ગોનાડોટ્રોપક' હૉર્મોન, જાતીય ગ્રંથિઓને ઉત્તેજિત કરવા સાથે તેના સ્રાવો ઉપર અંકુશ ધરાવે છે. પૂર્વ તારુણ્યવયમાં આ હૉર્મોનની ઊણપથી બીજગ્રંથિઓ અને શુક્રગ્રંથિઓનાં વૃદ્ધિ ને વિકાસ બરાબર થતાં નથી, તો તેના વધુકા પ્રમાણથી અકાલે જાતીય વિકાસ સધાય છે.

ગળામાં હૈડિયાની નીચે, કંઠનળીની બંને બાજુએ થાઇરૉઈડ ગ્રંથિ ને તેની બંને બાજુ બબ્બે પૅરાથાઇરૉઇડ ગ્રંથિ આવેલી છે. થાઇરૉઇડનો થાઇરોક્સિન સ્રાવ જીવનક્રિયા તથા શરીરના સામાન્ય વિકાસ અને શરીરના વ્યાપારોના નિયંત્રણમાં સહાય કરે છે. થાઈરૉઈડનો સ્રાવ યુવાવસ્થા, સગર્ભાવસ્થા અને સ્તનપાન વખતે વધે છે, જે સમય વધતાં નિયમિત થાય છે. પણ તે દરમિયાન લાગણીની અસ્થિરતા આવી પડે છે. જો જન્મથી કે નાનપણમાં એનો સ્રાવ ઘણો ઓછો હોય તો પુખ્ત વયમાં પણ વ્યક્તિની ઊંચાઈ ત્રણ ફૂટથી વધુ ભાગ્યે જ થાય છે. વળી, તેનો માનસિક અને જાતીય વિકાસ પણ અટકી પડી શરીર ઠીંગરાઈ જાય છે. આ સ્થિતિ 'ક્રેટિન' નામથી ઓળખાય છે. આમ થાઇરૉઇડ ગ્રંથિની ખામીથી શારીરિક, માનસિક તેમજ જાતીય વિકાસ અટકી પડે છે.

થાઇરૉઇડ ગ્રંથિની પાછળ રહેલી દ્રાક્ષના બી જેવડી પૅરાથાઇરૉઇડ ગ્રંથિઓ લોહીમાં કૅલ્શ્યમની સમતુલાનું નિયંત્રણ કરે છે. એનો સ્રાવ અપૂરતો હોય ત્યારે લાગણીનો ઉછાળો, ભાવનાનો ઊભરો ને ઓચિંતા બિનંકુશ આવેશોનો અનુભવ થાય છે.

છાતીના હાડકાની પાછળ આવેલી થાઇમસ ગ્રંથિ જન્મ વેળા પૂરા કદની હોય છે. વયના વધવા સાથે તે ધીમેધીમે નાની અને ઓછી ક્રિયાશીલ બની યૌવનકાળે તો સાવ જીર્ણ થઈ જાય છે. આના અને મગજના તળભાગમાં આવેલી પીનિયલ ગ્રંથિના સ્રાવો જાતીય વિકાસ ઉપર થોડી અસર કરતા હોવાનું મનાય છે. આ ગ્રંથિમાં ગાંઠ (ટ્યૂમર) થઈ જાય તો બાળકમાં દાઢી ઊગવા સાથે પૌરુષનાં બીજાં ચિહ્નો દેખાય છે, આમ, તેનામાં પુખ્ત વયના જેટલો જાતીય વિકાસ થયો જણાતો હોવા છતાં તેની વિવેકશક્તિ તો બાળકના જેટલી જ રહે છે. તેની ઇચ્છાઓ વિવેકશક્તિના અંકુશમાં ન હોવાથી વર્તણૂકની મુશ્કેલીઓ ઊભી થાય છે. થાઇમસ અને પીનિયલના સ્રાવોની પ્રજનનગ્રંથિઓ ઉપર અસર પડવાથી બાળકમાં પ્રજનનના અવયવોનો વિકાસ કાબૂમાં રહે છે. બંને ગ્રંથિઓ પુખ્ત વય થતાં જીર્ણ થવાથી ક્રિયાશીલ નથી રહેતી.

બીજી ગ્રંથિઓના સ્રાવોની અસર વર્તણૂક પર અપરોક્ષ છે; પણ તેના ઉપર અસર પાડનાર બે સુપ્રાનિલ કે ઍડ્રેનલ ગ્રંથિઓ છે. મૂત્રપિંડ ઉપર આવેલી આ સુપ્રારિનલ ગ્રંથિના નારંગીની જેમ બે ભાગ છે: બહારનું પડ ને કોર્ટેક્સ અને અંદરનો ગરભવાળો ભાગ તે મેડુલા. બંને ભાગના હૉર્મોનો જુદાંજુદાં કામ ઉપાડે છે. મેડુલાના ઍડ્રેલિન સ્રાવથી, સંકટ સમયે સામનો કરવા કે નાસી જવા માટે શરીરમાં શક્તિ પુરાય છે. કોર્ટેક્સનો કૉર્ટિન સ્રાવ જિંદગી માટે જીવનોપયોગી હોવા ઉપરાંત જાતીય વિકાસ સાથે સંકળાએલો છે. આના વધુકા સ્રાવથી અકાળે યૌવન આવે છે, અને સ્ત્રીને દાઢી ઊગે છે, અવાજ મંદ સ્વરનો બને છે ને શરીરનો ઘાટ બદલાય છે. તેની પુષ્કળ ઊણપથી અતિશય થાક, લોહીનું નીચું દબાણ અને કામવાસનામાં ઘટાડો થાય છે.

પ્રજનન ગ્રંથિઓ

પ્રજનનગ્રંથિઓ (ગોનાડ્ઝ)માં પુરુષમાં બે શુક્રગ્રંથિઓ તો સ્ત્રીમાં બે બીજગ્રંથિઓ છે. શુક્રગ્રંથિઓ શરીરની બહાર વૃષણની લટકતી કોથળીમાં આવેલી છે, તો બીજગ્રંથિઓ સ્ત્રીના પેડુના ભાગમાં અંદર ગોઠવાએલી છે. શુક્રગ્રંથિઓમાં વીર્યકોષો (શુક્રકોષો) પેદા થાય છે અને અંદરના ભાગના હૉર્મોનથી જાતીય લાક્ષણિકતા વિકાસે છે. બીજગ્રંથિઓમાં બીજકોષો ઉત્પન્ન થાય છે. તેના કૉર્પસ લુટિયમ ભાગના હૉર્મોનથી સ્ત્રીનાં જાતીય લક્ષણો વિકાસે છે. થિલિન નામના સ્રાવથી સ્તન, પ્રજનન અવયવો અને ગૌણ જાતીય લક્ષણોને ઉત્તેજન મળે છે. આ સ્રાવ ઋતુનિવૃત્તિ સુધી કાર્યશીલ રહે છે. શુક્રકોષો અને બીજકોષોનું કામ પ્રજનનું છે.

પ્રજનનગ્રંથિઓ યૌવન સુધી અવિકસિત રહે છે, છતાં ય તેમના થોડા સ્રાવો શરીર વિષે ગુણકારી હોવાનું મનાય છે. શુક્રગ્રંથિઓ અને બીજગ્રંથિઓ વીસ વર્ષની ઉમરે પૂર્ણ વિકાસ પામી પુખ્ત થાય છે. પૂર્ણ વિકાસ પામેલા પ્રજનન અવયવો ક્રિયાશીલ થવા માંડે ત્યારથી શરીરની ઊંચાઈની વૃદ્ધિ થવી અટકે છે.

હવે પછી આપણે સ્ત્રીપુરુષના જાતીય અંગો વિષે જોઈશું. (ચાલુ)

આપણે હવે પરીક્ષાના હૉલમાં છીએ. પેપર લખતી વખતે નીચેના મુદ્દાએ ધ્યાનમાં રાખો.

(૧) સૌથી પહેલાં તો પેપરને પહેલે પાને જમણી બાજુએ મથાળે મોટા ને સ્પષ્ટ અક્ષરે તમારો નંબર લખો. પરીક્ષામાં સેંકડો વિદ્યાર્થીએ બેઠા હોય છે, માટે નંબર એ ઘણી અગત્યની બાબત છે.

(૨) તમારી પાસે ઓછામાં ઓછી બે પેન રાખો. તે ધોઈ, સાફ કરીને ભરેલી હોવી જોઈએ. તમને પાકી ખાતરી હોવી જોઈએ કે તે સરસ કામ આપે છે. તમે યુદ્ધમાં ઊતરેલા સૈનિક છો; પેન તમારી તલવાર છે.

(૩) શાહી ભલે રૉયલ બ્લુ હોય, કે કાળી; પણ લાલ કે લીલી ન જ રાખવી. પરીક્ષકો તપાસતી વખતે લાલ કે લીલી શાહી વાપરતા હોય છે, એટલે બંનેના રંગ ભેગા થાય તો પેપર તપાસતાં અને માર્ક ગણતાં મુશ્કેલી પડે. વળી, શાહી પાતળી પાણી જેવી કે જામી ગએલી નહિ જોઈએ. બજારમાં તાજી આવેલી શાહી જ વાપરવી. અને તેની પણ અગાઉથી લખી જોઈને ખાતરી કરી લેજો કે તે તમને ફાવે કે નહિ.

(૪) પેનની સ્ટીલ બહુ ઝીણી અથવા બહુ જાડી ન રાખતાં મીડિયમ પૉઇન્ટવાળી રાખવી. અક્ષરો પણ એમ જ મધ્યમસરના હોવા જોઈએ. પરીક્ષક સહેલાઈથી વાંચી શકે એટલે બસ.

(૫) ગમે તે વિષયનો પેપર હોય, પણ કંપાસ બૉક્સ તો હમેશાં તમારી પાસે હોય એ જરૂરી છે: એમાંનાં સાધનોની વારે ઘડીએ જરૂર પડે છે. માથે પંખા ફરતા હોવાથી સપ્લિમેન્ટરી ઊડી જાય છે. એ સપ્લિમેન્ટરી લખાતાં જાય તેમ બરાબર ગોઠવીને કપાસ બૉક્સ મૂકતા જાઓ. દરેક સપ્લિમેન્ટરી પર તેનો નંબર લખો એટલે ગોઠવતાં વાર ન લાગે.

(૬) દરેક સવાલનો જવાબ લખતી વખતે તેનાં ટૂંકાં મથાળાં આપો. પેટા-મથાળાં આપવાની જરૂર જણાય તો તે પણ આપો. મથાળાંના અક્ષર સહેજ મોટા રાખો. તમે સવાલનો નંબર તો લખ્યો જ હોય છે, પણ મથાળાં આપવાથી તમારો ઉત્તર દીપી નીકળે છે ને પરીક્ષકનું કામ સરળ થાય છે. તમે વિષય પૂરો સમજ્યા છો તેની તેને પ્રતીતિ થાય છે.

(૭) દરેક સવાલનો જવાબ ટૂંકામાં ને મુદ્દાસર લખો. હમેશાં ફકરા પાડીને મુદ્દાસર લખવાની ટેવ પાડો. એનાથી વિચારોની રજૂઆત સ્પષ્ટ અને સચોટ બને છે. એક મુદ્દાની ચર્ચા આઠ કે દસ લીટીમાં પૂરી કરો. બીજો મુદ્દો શરૂ કરો તેની સાથે જ પૅરૅગ્રાફ પણ નવો શરૂ કરો. નાહકનું લંબાણ ન કરો. લંબાણથી વધારે માર્ક નથી મળતા. એનાથી તમારો અને પરીક્ષકનો બંનેનો સમય બગડે છે.

(૮) બને ત્યાં સુધી ટૂંકાં વાક્યોમાં લખો. દરેક વાક્યમાં કંઈક કહેવાએલું હોવું જોઈએ. જેટલું માગ્યું હોય અથવા જરૂરી હોય તેટલું જ આપો. પરીક્ષાના પેપરમાં કશું બિનજરૂરી ન ચાલે.

(૯) વિરામચિહ્નોનો ઉપયોગ સંભાળથી કરવાની ટેવ પાડો. અલ્પવિરામ, પ્રશ્નાર્થ કે આશ્ચર્યચિહ્ન વાક્યના ભાવાર્થ પ્રમાણે જ મૂકો. વિરામચિહ્નો ન મૂકીએ તો અર્થ સમજાતો નથી ને કેટલીક વાર તો અર્થનો અનર્થ પણ થાય છે.

(૧૦) બે પૅરૅગ્રાફની વચ્ચે બે પેટા કે મથાળાંની વચ્ચે થોડીક જગ્યા રાખો કે જેથી પાછળથી કંઈ ઉમેરવું હોય તો મુશ્કેલી ન પડે. પાછળથી કોઈ વસ્તુ છેકી નાખવી હોય તો છેકી શકાય, ઉમેરવી હોય તો ઉમેરી શકાય. બને ત્યાં સુધી આવું ન કરવું પડે તો સારું, પણ કરવું જ પડે તો એવી રીતે કરો કે પરીક્ષક તમારું કહેવું સરળતાથી સમજી શકે.

(૧૧) આકૃતિઓ જ્યાં માગી હોય ત્યાં આપો. ન માગી હોય ત્યારે પણ જો તમને એમ લાગે કે આકૃતિ આપવાથી વધારે સારી અસર ઉત્પન્ન થઈ શકે તેમ છે, તો જરૂર આપો. આકૃતિને મથાળે તેનું શીર્ષક ને નીચે ટૂંકી સમજૂતી આપો.

(૧૨) કોઈ પણ કારણે પેપર તમને ન ગમ્યો હોય તો તમારી ચીડ તમારા મનમાં રાખો. એની અસર તમારા ઉત્તરોમાં કોઈ પણ ઠેકાણે દેખાવી નહિ જોઇએ. વળી કોઈ પણ ઠેકાણે પરીક્ષકની સહાનુભૂતિ મેળવવા માટે અંગત વિનંતી નહિ કરો. એનાથી તો પરીક્ષકો ઊલટા ચીડાય છે. પરીક્ષકની સહાનુભૂતિ તો તમે ઉપરના મુદ્દા ધ્યાનમાં રાખીને લખ્યું હશે તો આપોઆપ મળશે.

(૧૩) પેપર બરાબર બાંધીને આપો. કેટલીક વાર ગાંઠ છૂટી જાય છે ને પરીક્ષકને બધી સાપ્લમેન્ટરી ફરીથી ગોઠવીને બાંધવી પડે છે. એમાંથી કંઈ ખોવાય તો એ જવાબદારી એમની નથી.

પરીક્ષકોની મુશ્કેલીઓ વિષે અગાઉ નિર્દેશ કર્યો છે. છતાં ય પુનરુક્તિનો દોષ વહોરીને પણ ફરીથી ટૂંકામાં જોઈ જઈએ.

(૧) દરેક પરીક્ષકની પાસે ઓછામાં ઓછા ચારસો જેટલા પેપરો હોય છે. એ બધા તપાસી આપવાનું કામ અમુક જ દિવસમાં પૂરું કરવાનું હોય છે. એટલે પરીક્ષકોની પાસે સમય બહુ ઓછો હોય છે.

(૨) એકના એક પ્રશ્નો ને એકના એક ઉત્તરો વાંચીવાંચીને તે કંટાળતા હોય છે. ઘણી જ ચોકસાઈ માગી લે તેવું આ કાર્ય છે. કોઈ પણ વિદ્યાર્થીને અન્યાય ન થાય તે તેણે ખાસ જોવાનું હોય છે. વાંચીવાંચીને આંખો અને મગજ કંટાળે છે; ને સરવાળા આખો દિવસ ગણવાનું કામ પણ સહેલું નથી.

(૩) માણસની મનોદશા દરેક વખતે સરખી નથી હોતી અને એક જ વિષય ઉપર જુદાજુદા અભિપ્રાયો હોઈ શકે છે. આ કારણથી એક જ પેપર જુદાજુદા પરીક્ષકો તપાસતા હોવાથી માર્કની સંખ્યામાં થોડોક ફેર પડે જ છે. અરે, એક જ પરીક્ષક એકને એક પેપર ત્રણ દહાડામાં ત્રણ વખત તપાસે તો ય માર્કમાં થોડોક ફેર પડવાનો જ. એકનું એક ગીત જુદેજુદે સમયે સાંભળવાથી એની આપણા ઉપર જુદીજુદી અસરો નથી થતી?

(૪) આપણે વિદ્યાર્થી તરીકે પરીક્ષકની સારામાં સારી મનોદશાનો—મૂડનો લાભ લેવા માગીએ છીએ. પરીક્ષકો ફક્ત તમે 'શું' લખ્યું છે એટલું જ નથી જોતા, પણ એ 'કેમ' લખ્યું છે એ પણ જુએ છે. ઉત્તરો સાચા ને સંપૂર્ણ હોય એટલું જ બસ નથી; એની રજૂઆત પણ સચોટ હોવી જોઇએ. એટલે તમારે 'મૅટર' ને 'મેથડ' બંનેમાં ધ્યાન રાખવાનું છે.

આપણામાં કહેવત છે કે મન વિના માળવે જવાતું નથી. હાથમાં લીધેલું કોઈ પણ કાર્ય પૂરતી નિશ્ચયશક્તિ સિવાય પાર પડી શકતું નથી. ભગવદ્વચન છે કે 'બને ત્યાં સુધી કાર્યનો આરંભ જ ન કરવો.' એનો અર્થ એટલો જ કે કોઈ પણ કામ હાથમાં લેતાં પહેલાં એક વાર નહિ સો વાર વિચાર કરવો. પણ એક વાર કદમ ઉઠાવ્યું એટલે પ્રવાસ પૂરો કર્યે જ છૂટકો.

આપણા દેશમાં પ્રાથમિક કેળવણી આજે મફત ને ફરજિયાત છે. પણ પછી માધ્યમિક શાળામાં જવું કે ન જવું એ આપણી મરજીની વાત છે. અહીં પણ કેટલાક વિષયો ફરજિયાત હોય છે, તો કેટલાક મરજિયાત પણ હોય છે. જે મરજિયાત છે તેમાંથી કયા લેવા તે આપણી ઇચ્છા ઉપર નિર્ભર છે. એ જ રીતે એસ. એસ. સી. પાસ કર્યા પછી કૉલેજમાં જવા માટે આપણા ઉપર કોઈનું દબાણ નથી. જો જવું હોય તો કયો અભ્યાસક્રમ લેવો તે યે આપણી પસંદગીની વાત છે.

આટલી બધી છૂટછાટ ને સ્વતંત્રતાનો ઉપયોગ કર્યા પછી આપણે એમ કઈ રીતે કહી શકીએ કે મારે નથી ભણવું તો ય ભણવું પડે છે, ને જે વિષયો નથી ગમતા (અનુ. પૃ. ૫)

ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ

ડૉ. પ્રહ્લાદભાઈ શુ. વૈદ્ય

૧૦

ડબ્લિન · તા. ૧૨-૪-૭૦

વહાલાં બાળકો,

આજે ૧૨મી એપ્રિલ થઈ છતાં હજુ અહીં દિવસનું ઉષ્ણતામાન ૪૬ ડિગ્રી (ફેરનહાઈટ)થી વધતું નથી. હા, અને ૪૦°Fથી ઘટતું નથી તેથી જ આ લોકો શિયાળો ગયો અને વસંત આવી એમ કહેતા હશે! એક બીજો ફેરફાર નજરે ચડવા લાગ્યો: આવ્યાં ત્યારે બધે જ ઝાડનાં ઠૂંઠાં હતાં ત્યાં હવે કુંપળો ફૂટવા લાગી છે.

આટલી બધી ઠંડીમાં પણ અહીંનું રાજકીય વાતાવરણ ઘણું ગરમ છે. આઠ દિવસ ઉપર ડબ્લિનની એક બૅન્ક ઉપર ધોળે દિવસે ધાડ પડી! ઝાઝી રકમ હાથ ન આવી. ધાડપાડુઓ ૧૦૦૦ પાઉન્ડ લઈ ગયા. પણ તે દરમિયાન પોલીસ આવી ચડી. ધાડપાડુઓએ ગોળીબાર કર્યો. એક પોલીસ માર્યો ગયો, બે ઘવાયા. ધાડપાડુ નાસી ગયા. આ સમાચારમાં એવું તે શું નવું છે કે હું તમને કાગળમાં ખાસ લખી રહ્યો છું એવું તમને આશ્ચર્ય થશે. પણ આ ધાડપાડુઓ માટે 'ધાડપાડુ' શબ્દ યોગ્ય નથી, કારણ કે એ ધાડ ચોરી કે લૂંટ કરવા માટે નહોતી; ધાડનું સ્વરૂપ રાજકીય હતું. દર વર્ષે બૅન્કો ઉપર આવી ત્રણચાર ધાડ પડે છે. ધાડ પાડી મેળવેલાં નાણાંનો ઉપયોગ વિદેશોમાંથી શસ્ત્રો ખરીદવામાં થાય છે, ને શસ્ત્રોની મદદથી અંગ્રેજ સરકાર સામે લડી ઉત્તરના અલ્સ્ટર પ્રાન્તને આઝાદ કરવો છે! આ બધું વાર્તા જેવું લાગે છે, પણ સાચી વાત છે; અને એ સાચી વાત સમજવા આપણે આયર્લૅન્ડની આઝાદીની લડતનો થોડો ઇતિહાસ જાણવો પડશે.

ઇંગ્લિશ હકૂમત સામે લડવા માટે આયર્લૅન્ડમાં કોઈ ગાંધી પાક્યો નહોતો. તેથી અહીં લડતે અહિંસક સ્વરૂપ પકડ્યું નહોતું, પણ આઝાદી માટે લડવા લોકોએ એક લશ્કર તૈયાર કરેલું: ખાનગી લશ્કર. રાજકર્તાથી છૂપું એવું એ લશ્કર. તેનું નામ I. R. A. (Irish Republican Army) અને એ લશ્કરે લડત આપી આઝાદી મેળવવામાં મુખ્ય ભાગ ભજવેલો. અંતે ઈ. ૧૯૨૧માં આયર્લૅન્ડ આઝાદ તો થયું, પણ આ ટાપુના ૩૨ કાઉન્ટીઝ—જિલ્લા-માંથી ૨૬ જિલ્લાનું સ્વતંત્ર આઇરિશ પ્રજાસત્તાક થયું અને ઉત્તર આયર્લૅન્ડના ૬ જિલ્લા, જેમાં પ્રૉટેસ્ટન્ટોની બહુમતી હતી તે, ઇંગ્લૅન્ડની હકૂમત નીચે સ્વાયત્ત થયા. આમ ખોબા જેવડા આ દેશમાં પણ આઝાદીની સાથે જ ભાગલા પડ્યા, જેમાં ઉત્તર તરફનો નાનકડો ટુકડો તદ્દન સ્વતંત્ર થવાને બદલે અંગ્રેજ હકૂમત નીચે રહ્યો અને બાકીનું આયર્લૅન્ડ સ્વતંત્ર થયું.

દેશના આ રીતના ભાગલા સામે દેશના યુવાનોમાં ખૂબ જ અસંતોષ છે અને તેથી ભાગલા દૂર કરવા આઈ. આર. એ.ની યુવક શાખા કટિબદ્ધ થઈ છે. આઈ. આર. એ.ની આ પ્રવૃત્તિ સાથે આયર્લૅન્ડના લોકોની દેખીતી રીતે જ હમદર્દી છે, પણ આઇરિશ પ્રજાસત્તાકની સરકારની સ્થિતિ વિચિત્ર થાય છે. આપણને જેમ ગોવા પોર્ટુગીઝ અમલ નીચે હતું તે ગમતું નહોતું, ગોવાની આઝાદીની લડત સાથે દેશના નાગરિકોની સહાનુભૂતિ હતી, તેવું જ કાંઈક અહીં છે. ઉત્તર આયર્લૅન્ડ (જે પરગણાનું નામ અલ્સ્ટર છે તે.) અંગ્રેજ હકૂમત નીચે છે, તેને આઝાદ કરવા માટે આઇરિશ યુવાન તલપાપડ છે અને આઇરિશ સરકારને તે તરફ સહાનુભૂતિ છે. પણ ગોવાથી પોર્ટુગલ ઘણું દૂર, તેથી આપણા દેશનું લશ્કર ગોવામાં દાખલ થઈ ગયું અને પોર્ટુગીઝ હકૂમતને ઉઠાડી મૂકી. તેવું અહીં શક્ય નથી. અલ્સ્ટરથી ઇંગ્લૅન્ડ તો ઘણું પાસે હોવાથી આયર્લૅન્ડ આપણી જેમ લશ્કર મોકલીને અલ્સ્ટર કબજે કરી શકે તેમ નથી. આમ, રાજ્ય કાંઈ સીધી મદદ કરી શકે તેમ ન હોવાથી યુવાનો ખાનગી રાહે લશ્કર ઊભું કરી અલ્સ્ટરને આઝાદ કરવા માગે છે. તે માટે જે નાણાં જોઇએ તે ઇંગ્લૅન્ડ ને આયર્લૅન્ડની બૅન્કો ઉપર ધાડ પાડીને એકઠાં કરે છે! ગાંધીજીની દોરવણી નીચે આપણી આઝાદીની લડત લડાઈ હતી તેથી આપણને આ બધું વિચિત્ર લાગે. અને અહીં લોકોની સ્થિતિ પણ વિચિત્ર જ છે. ધાડ પડે તે કોઇને ગમે નહિ, છતાં શુભ હેતુ માટે ધાડ પડે છે એટલે ધાડનું દુઃખ પણ થાય નહિ! આ ધાડપાડુ સામાન્યરીતે પકડાતા નથી, કારણ કે પોલીસ તથા સરકારને તેમના પ્રત્યે છૂપી હમદર્દી તો ખરી જ ને? અને જો એકાદ બે પકડાઈ જાય તો કાયદા પ્રમાણે ધાડપાડુનો કેઈસ જ્યુરી મારફતે ચલાવવો જોઇએ અને જ્યુરીમાં બેસવા કોઈ તૈયાર જ ન થાય!

પણ ગયા અઠવાડિયાની ધાડમાં એક પોલીસનું મૃત્યુ થયું છે. એ બહુ ખોટું થયું તે લોકો સમજે છે, છતાં હજુ સુધી ધાડપાડુ પકડાયા નથી. મૃત પોલીસને લોકોએ અદબ સાથે માન આપી દફનાવ્યો અને તેની વિધવા ને બાળકો માટે જાહેર ફંડ એકઠું કરવા માંડ્યું છે. પોલીસના મૃત્યુનું બધાને દુઃખ છે, તેના આશ્રિતો માટે સક્રિય સહાનુભૂતિ છે છતાં મારનાર તરફ રોષ નથી; તેની ધરપકડ થાય એવી માહિતી આપવા કોઈ તૈયાર નથી! દેશના ભાગલાથી દેશપ્રેમી જનતાની કેવી વિચિત્ર પરિસ્થિતિ થઈ છે!

—લિ. કાકાના આશિષ

૧૧

ડબ્લિન · તા. ૧૯-૪-૭૦

વહાલાં બાળકો,

અમેરિકાનું 'ઍપોલો-૧૩' મિશન ચંદ્ર પર ઊતરવાને બદલે ચંદ્રનો ચકરાવો લઈ શુક્રવારે (તા. ૧૭) સાંજે (તમારે માટે શુક્રવારે રાત્રે ૧૧-૩૦ વાગ્યે) પાછું ફર્યું. 'હીરો ઘોઘે જઈ આવ્યો, ડેલાનો ચકરાવો લઈ આવ્યો.' એ તો ઠીક, પણ હેમખેમ પાછો આવ્યો એ જ મોટી વાત થઈ.

અમેરિકન સમય પ્રમાણે સોમવારે રાત્રે ઍપોલો-૧૩ ઉપરથી ટેલિવિઝન પ્રોગ્રામ રજૂ થયો હતો, એમાં ફ્લાઈટના કૅપ્ટન લૉવેલે ચંદ્રયાનની અંદરની બધી સામગ્રી સમજાવી હતી. તેત્રીસ મિનિટના એ પ્રોગ્રામને અંતે લૉવેલે સૌને ગુડ ઇવનિંગ કહ્યા અને 'હવે અમે ચંદ્રયાનમાંથી અમારા મુખ્ય યાનમાં પાછા ફરીશું' એમ કહેવા સાથે કાર્યક્રમ પૂરો થયો. એ જાહેર કાર્યક્રમ પૂરો થયા પછી હ્યૂસ્ટનમાં આવેલા ભૂમિ-મથકમાં, ચંદ્ર ઉપર પહોંચ્યા પછી શું શું કરવાનું છે તેની વિચારણા થતી હતી ત્યાં તો યાનમાંથી લૉવેલનો અવાજ આવ્યો: 'હેઈ! અમારી સામે એક સમસ્યા ખડી થઈ છે!' ભૂમિમથકે સામું પૂછ્યું: 'આ હ્યુસ્ટન છે. તમારી વાત ફરીથી બોલો જોઉં!' લૉવેલ કહે: 'હ્યૂસ્ટન! અમારી સામે એક પ્રશ્ન ખડો થયો છે: અમારી વિદ્યુતપેટીની નિશાની બતાવે છે કે વીજળીની વ્યવસ્થામાં કશીક ખામી છે.'

શરૂઆતમાં તો પરિસ્થિતિ ખાસ ચિન્તાજનક ન લાગી. વાર્તાલાપ આગળ ચાલ્યો. બીજો ઍસ્ટ્રૉનૉટ હેઈઝ બોલ્યો: 'ઓ. કે. અત્યારે તો વોલ્ટેજ બરાબર જણાય છે. પણ અમે એક ખાસ્સો મોટો ધડાકો હમણાં જ સાંભળ્યો!' વળી એક ઍસ્ટ્રૉનૉટનો અવાજ સંભળાયો: 'આ તો કાંઈક નીકળતું હોય તેવું દેખાય છે. મને લાગે છે કે કોઈક પ્રકારનો ગૅસ નીકળી રહ્યો છે.' આટલી વાતચીત પછી ભૂમિ-મથકને પરિસ્થિતિની ગંભીરતાનો ખયાલ આવ્યો. ત્યાર પછી તેમની અને અવકાશયાન વચ્ચે થએલી વાતચીતના કેટલાક નમૂના:

ભૂમિ: તમારા યાનનો ઇલેક્ટ્રિક પાવર ઘટાડી નાખો.

યાન: પાવર ઘટાડવા મારે શું કરવું તેની સૂચના ક્યાંથી મળે?

ભૂમિ: તમારી પાસેના 'સિસ્ટમ લિસ્ટ'નાં ૧ થી ૫ પાનાં ઉપર

સૂચનાઓ છે. વળી 'ચેક લિસ્ટ'માં પણ તે સૂચનાઓ છે. આ પાનાં ઇમર્જન્સી પાનાં છે અને તે ગુલાબી રંગમાં છે. અમે તો ઇચ્છીએ છીએ કે તમે જલદી તમારો ઇલેક્ટ્રિક પાવર ઘટાડી નાખો.

યાન: ઓ. કે. અમે લિસ્ટમાંથી સૂચના જોઈએ છીએ...

ભૂમિ: અત્યારે છે તેના કરતાં ૧૦ ઍમ્પિયર જેટલો ઇલેક્ટ્રિક પાવર ઘટાડી નાખો.

યાન: ઓ. કે.

ભૂમિ: હવે પેલો ગૅસ નીકળતો દેખાય છે તે વિષે કાંઈ કહી શકશો? એ ગૅસ તમને કઈ બારીમાંથી દેખાય છે?

યાન: અત્યારે ગૅસ એક નંબરની બારીમાંથી નીકળતો દેખાય છે. પણ અમને એક બીજી ચિન્તા ઊભી થઈ છે. યાન ડોલવા અને ઘૂમવા લાગ્યું છે. જાણે જેમાંથી ગૅસ નીકળતો હોય તે વસ્તુ ચક્કર ચક્કર ઘૂમતી ન હોય એવું લાગે છે. યાનને સ્થિર કરવા માટે અમારે હાથેથી સ્ટીઅરિંગ પકડી રાખવું પડે છે.

ભૂમિ: તમારા પ્રશ્ન ઉપર ગણતરી કરવા અમે અહીં કંઈ કેટલી યે વ્યક્તિઓને બેસાડી દીધી છે. અને તેમની ગણતરી ઉપરથી અમે તમને તાબડતોબ સૂચના મોકલીશું.

યાન: ભૂમિ મથક! હું યાનમાંથી બોલું છું. અમારો ઇલેક્ટ્રિક કરંટ ઘટી રહ્યો છે. હોઈ... ખલાસ થઈ ગયો! ઈટ્સ ઑફ! અમારું વીજળી-વિતરણ-સાધન બળી ગયું છે!(થોડી વારે)પેલો ગૅસ પણ બંધ થઈ ગયો છે.

ભૂમિ: અમે તમારી વાત નોંધી છે. અમારા સાધન પ્રમાણે તમારું ઑક્સિજન પ્રેશર ઘટતું જાય છે. તમારું સાધન શું કહે છે?

યાન: અમારું સાધન પણ દબાણ ઘટતું દેખાડે છે.

ભૂમિ: હવે ચંદ્ર ઉપર ઊતરવાની યોજના બંધ કરી છે. તમે ચંદ્રયાનનો ઉપયોગ લાઈફ-બોટ તરીકે કરો. મુખ્ય યાનમાંથી બે જણ ચંદ્રયાનમાં ચાલ્યા જાઓ.

યાન: ફ્રેડ અને જિમ ચંદ્રયાનમાં ગયા છે. તમે અમારો અવાજ સાંભળી શકો છો?

ભૂમિ: ઈશ્વરનો પાડ કે અમે તમને બરાબર સાંભળી શકીએ છીએ.

આમ એક કલાકમાં તો પરિસ્થિતિની ગંભીરતા સૌને બરાબર સમજાઈ ગઈ. ભારતના સમય પ્રમાણે મંગળવાર તા. ૧૪ એપ્રિલે સવારે નીચેના સમયે આ બધું થયું: ૮-૩૩ ધડાકો થયાની યાનમાંથી ખબર આવી. ૮-૪૧ મુખ્ય યાનમાંની વીજળી બંધ થઈ. ૯-૦૩ બળતણની ત્રણ કોઠીમાંની એક કોઠી કામ કરતી બંધ થઈ. ૯-૪૪ લૉવેલ અને હેઈઝ ચંદ્રયાનમાં દાખલ થઈ ગયા. ૧૧-૧૫ ચંદ્ર ઉપરનું ઉતરાણ માંડી વાળ્યાની દુનિયામાં જાહેરાત થઈ. ૨-૧૪ ચંદ્રની આસપાસ ચક્કર મારી પૃથ્વી પર પાછા ફરવા માટે ચંદ્રયાનનું રૉકેટ વાપર્યું.

મંગળવાર સવારથી હ્યુસ્ટન પરનું ભૂમિ મથક અવકાશયાત્રીઓને પાછા હેમખેમ ઉતારવા માટેની કામગીરીમાં લાગી ગયું. ઝપાટાબંધ ગણતરી કરીને યાનનો નવો ગતિમાર્ગ નક્કી કરવામાં આવ્યો. યાનમાં પાવર, બળતણ, ઑક્સિજન અને પાણી ખૂટી ગયાં હતાં તે ધ્યાનમાં રાખીને હિસાબ લગાવવાનો હતો. મંગળ, બુધ અને ગુરુવાર સુધી, કલાકની પણ ઊંઘ લીધા વગર, સતત કામ કરીને, નાસા (Nasa)ના વૈજ્ઞાનિકોએ નવા સંયોગોને અનુકૂળ ફ્યુઅલ-વ્યવસ્થા તૈયાર કરી, અને નવા ગતિમાર્ગની સ્પષ્ટ ગણતરી કરી. એ ગણતરી પ્રમાણે ભારતના સમય મુજબ શુક્રવારે રાત્રે ૧૧-૩૮ વાગ્યે પાસિફિકમાં ઊતરનાર યાન બરાબર ૧૧-૩૭ મિનિટે પાસિફિકમાં પડતું અમે ટી. વી. પર જોયું!

અને 'પુસ્તકોમાં વાંચેલું અને યાદ રાખેલું તે વિજ્ઞાન નહિ, પણ સમજીને પચાવેલું તે વિજ્ઞાન' એ વિજ્ઞાનની ખરી વ્યાખ્યાની પ્રતીતિ આ ઍપોલો-૧૩ના અકસ્માતે કરાવી. ચંદ્ર ઉપર ઊતરવા અને ઊતર્યા પછી ચંદ્ર ઉપરથી પાછા ઊડવા માટે તૈયાર કરેલા ચંદ્રયાનનાં બળતણ અને પાવરની મદદથી ચંદ્રની આસપાસ ચક્કર મારી, પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાં આવી, ઈજા પામેલા મુખ્ય યાનને છૂટું પાડી રસ્તામાંથી દૂર ફેંકી દેવું અને વાતાવરણ વગરના ચંદ્ર ઉપર ઊતરવા માટે તૈયાર કરેલા ચંદ્રયાનની મદદથી પૃથ્વીના વાતાવરણને ભેદીને ઊતરાણ કરવું એ બધું હ્યુસ્ટનના ખરા અર્થના વૈજ્ઞાનિકોએ કરી બતાવ્યું, તથા ઍપોલો-૧૩ના નાવિકોએ હિંમતપૂર્વક યાનને નવા સંજોગોમાં અવકાશ વચ્ચે સાચવી લીધું એ વિજ્ઞાનની—સાચા અર્થના વિજ્ઞાનની મોટી સિદ્ધિ છે.

આ બધું છતાં, બધાંય એમ કહે છે કે ચંદ્ર ઉપર જતી વખતે આ અકસ્માત થયો તેને બદલે ચંદ્ર ઉપર ઉતરાણ કરી ત્યાંનું કામ પતાવીને પાછા ફરતી વખતે થયો હોત તો?! તો તે વખતે લાઈફબોટ તરીકે પેલું ચંદ્રયાન તો હોત નહિ! એટલે છેવટે તો એમ જ મનમાં થાય કે પ્રભુની ઇચ્છા હશે એટલે બધું સમું ઊતર્યું!

ઍપોલો-૧૩, શનિવારે અમેરિકન સમય પ્રમાણે બપોરે ૧ ને ૧૩ મિનિટે, એટલે કે ૧૩ કલાક અને ૧૩ મિનિટે છોડવામાં આવ્યું અને ૧૩મી એપ્રિલે તેને અકસ્માત નડ્યો છતાં-આટલા બધા તેર ભેગા થયા હતા છતાં ત્રણે યાત્રીઓ હેમખેમ પાછા આવ્યા એટલે ખરેખર તો ૧૩ અપશુકનિયાળ ન નીકળ્યો!

—લિ. કાકાના આશિષ

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૨

ઝાડા

આયુર્વેદની પરિભાષામાં ઝાડા 'અતિસાર' એને ઍલોપથીમાં ડાયેરિયા તરીકે ઓળખાય છે. અજીર્ણ છતાં, ભૂખ ન હોય છતાં, આગળનું ખાધેલું પચ્યું ન હોય છતાં અથવા વધુપડતા પ્રમાણમાં વારંવાર ખાધા કરવાથી અગ્નિ મંદ પડી વાયુ કોપે છે અને મળ-પ્રવૃત્તિની ગતિ વધી જાય છે.

પ્રવાહી સ્વરૂપે મળ થાય, રોજ કરતાં વધુ વાર હાજતે જવું પડે, મળમાં વચ્ચે ગાંઠા પડે, અપાનવાયુ છોડવા જતાં મળ-પ્રવૃત્તિ થઈ જાય અને ઝાડા વાટે વધુ પડતું પાણી વહી જતાં ચામડી ઉપર કરચલીઓ પડવા લાગી હોઠ સુકાય તથા જીવ ગભરાય—એ બધા ઝાડા થયાનાં લક્ષણો છે.

ચિકિત્સા: (૧) ઝાડા થઈ જાય કે તુરત ભોજન બંધ કરવું. ભૂખ લાગે અને ખાવાની ઇચ્છા થાય તો તદ્દન હળવો ખોરાક જ લેવો. (૨) ઝાડા માટે છાશ ઉત્તમ છે. જીરું-મીઠું નાખેલી છાશ પીવાય તેટલી પીવી સારી. (૩) દિવસમાં ત્રણથી ચાર વાર સૂંઠના પાવલીભાર ચૂર્ણનો ફાકો મારવો.* (૪) ખૂબ ઝાડા થઈ ગયા હોય તો મધ અથવા ગ્લુકોઝના પાણીમાં સહેજ મીઠું નાખી અવારનવાર પીવું, (૫) બિલ્વાદિ ચૂર્ણ, જાતિફલાદિ ચૂર્ણ, વૃદ્ધ ગંગાધર ચૂર્ણ, બિલાંનું શરબત, બિલાંનું અથાણું, કર્પૂર રસ, ઇંદ્રજવ ચૂર્ણ, કડાછાલ ચૂર્ણ વગેરે ઝાડામાં ઉપયોગી છે.

ઝાડા મટયા પછી પણ લોટ અને ખાંડ-ગોળવાળાં મિષ્ટાન્ન આડા દસ-દિવસ સુધી ખાવાં નહિ.

* ઝાડામાં સૂંઠ અમોઘ ઔષધ છે. સૂંઠીપુટ પાક લેવાથી સારો લાભ થાય છે. આ પાક બનાવવા માટે એક નારિયેળના આખા સૂકા ગોટામાં ત્રિકોણાકાર ડગળી પાડી તેમાં સૂંઠનું ચૂર્ણ ભરવું ને પછી પેલી ડગળીથી કાણું બંધ કરી ગોટાને ચોતરફ બદામ કે એરંડા જેવાં મોટાં પાન વીંટી તેને તારથી બાંધી દેવો. પછી એ ગોટાને અગ્નિમાં નાખી લાલચોળ થાય તેટલો પકાવવો, અને પછી ઠરવા દઈ તેના પરનાં આવરણો કાઢી નાખી નારિયેળના ગોટાને અંદરની સૂંઠ સાથે ખાંડી તેનું ચૂર્ણ શીશીમાં ભરી રાખવું. આ સૂંઠ સુપાચ્ય અને ગમેતેવા ઝાડાને રોકવા સમર્થ છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

શતરંજ

કોયડા નં. ૧૦ (ઑક્ટો. '૭૦)નો ઉકેલ

સ્થિતિ: 3b3r/1P6/4b3/8/K6k/7N/8/6B1

ઉકેલ: 1 P–N8 (=Q), B–Q2ch; 2K–N3 સફેદ રાજા જો કાળા ખાના ઉપર જાય તો કાળાનો કાળા ખાના ઉપરનો ઊંટ ચાલીને શેહ આપે અને પછી હાથી વજીરને મારે; માટે આ એક જ રસ્તો હતો.

2..., B–Kch; 3K–B2. ફરી કાળા ખાના ઉપર ન જવાય અને R4 ઉપર જાય તો 3–BQ2ch પછી એની એ જ સ્થિતિ આવે અને ડ્રૉ થાય.

3..., B–B4ch; 4KQ1, B–N5ch; 5K–B1! સફેદ રાજા જો કાયમ સફેદ ખાના ઉપર જ ચાલ્યા કરે તો કાળો તેને કાયમી શેહ આપીને ડ્રૉ મેળવે. સાધારણ રીતે તે કાળા ખાના ઉપર જાય તો વજીર ગુમાવીને હારવાની શક્યતા રહે પણ આ એક જ એવી પળ છે કે જ્યારે તે કાળા ખાના ઉપર જઇને પણ જીતી શકે છે.

5..., B–N4ch; 6N–B4! હવે કાળો સફેદ વજીરને મારે તો મ્હાત થઈ જાય છે.

6..., R×Q; 7B–B2 mate.

આ સિવાય 6..., B×N; 7Q×B પછી સફેદ સહેલાઇથી જીતે. 6..., R–B1ch; 7K–Q2, R–Q1ch, 8K–K3 અને હવે કાળા પાસે ઉપર બતાવેલ વિકલ્પ જ રહે છે અને તેથી સફેદ જીતે.

અમુક વાચકોએ 1 N–B4થી ઉકેલ આપ્યો છે, પણ તેના જવાબમાં કાળાની નબળી ચાલ જોઇને સફેદની જીત બતાવેલ છે.

1 N–B4 પછી કાળો તેના ઊંટ ઉપર હુમલો કરે છે અને 2 N–N6chથી હાથી ગુમાવે તેમ છે. પણ તેમ છતાં 1 ..., B–B2 રમીને પ્યાદા-ને વજીર થતા અટકાવે તો સફેદ જીતી શકે નહિ. કાળો તેના એક ઊંટ અને હાથીનો ભોગ આપીને પણ જો પ્યાદું જીતે તો રમત ડ્રૉ થાય. દા. ત. 1 N–B4, B–B2; 2 N–N6ch, K–N4, 3 N×R, B–Q4! અને હવે પ્યાદું બચે તેમ નથી અથવા 1 N–B4, B–B2; 2 N×B, R–N1; 3 N×B, R×P અને રમત ડ્રૉ જ થાય.

ઉકેલ મોકલનારનાં નામ અને તેમણે મેળવેલા ગુણ ૧) ભૂદરભાઈ ચાવડા-વિરમગામ; ૨) દિલીપ આહલપારા-ભાવનગર; ૩) મહેન્દ્ર મહેતા-ભૂજ; ૪) મહેન્દ્ર મહેતા-મુંબઈ; ૫) બિપિન પટેલ-અમદાવાદ; અને ૬) ડૉ. ઇન્દ્રવદન મોદી-ભાવનગર, દરેકના ૧૦ ગુણ. ૭) લક્ષ્મણ હરિરામ-અમદાવાદ; ૮) મુકેશ સરૈયા-અમરેલી; ૯) ચન્દ્રકાન્ત ફીચડિયા-અમરેલી; ૧૦) નટવરલાલ સૌદેરિયા-અમદાવાદ; ૧૧) એ. કે. પટવર્ધન-અમરેલી; ૧૨) ગોપાલ તેરૈયા-અમરેલી; અને ૧૩) એસ. ટી. સોલંકી-અમદાવાદ, દરેકના ૯ ગુણ. ૧૪) ધીરુભા ગોહીલ-ટાણા; અને ૧૫) કલ્યાણભાઈ મૂલિયા-વિરમગામ, બન્નેના ૮ ગુણ. ૧૬) કિરણ શાહ-નડિયાદ, ને ૧૭) કુંજ ઝવેરી-કરબાપારા, બંનેના ૦.

નવેમ્બર માસની ૧૫મી તારીખથી અમદાવાદમાં અખિલ ગુજરાત શતરંજ ટુર્નામેન્ટ રમાઈ હતી. તેમાં ૮૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ૧૪ રાઉન્ડમાં સ્વિસ પદ્ધતિથી રમાએલી આ ટુર્નામેન્ટમાં પહેલા ત્રણે પારિતોષિક-વિજેતા હજી ઊગતા ખેલાડી છે. શતરંજના ક્ષેત્રમાં આ એક આનંદદાયક વિકાસ કહી શકાય. ઘણાં વર્ષોથી શ્રી સુરેશ દવે, પ્રફુલ્લ ભટ્ટ અને ઇન્દ્રવદન મોદી વગેરે ખેલાડીઓ મોખરે હતા. તેમને પાછળ મૂકીને અનુક્રમે પહેલા, બીજા અને ત્રીજા આવનાર સુરતના રવીન્દ્ર ભાટિયા અને અમદાવાદના ઝાહીર શેખ તથા ગૌરાંગ મહેતા સરખામણીમાં નવા અને ઊગતા ખેલાડી જ ગણાય.

શક્ય ૧૪માંથી ૧૨ પોઈન્ટ મેળવીને અને બીજા નંબર કરતાં ૧½ પોઇન્ટ વધુ મેળવીને રવીન્દ્ર ભાટિયાએ પોતે અન્ય રમનાર કરતાં ઘણા જ આગળ છે તે સિદ્ધ કરી બતાવ્યું છે. તેઓ ગુજરાત તરફથી આંતરવિશ્વવિદ્યાલય ટુર્નામેન્ટમાં રમ્યા હતા. ગૌરાંગ મહેતા પણ ગુજરાત તરફથી રમ્યા હતા અને પહેલા બોર્ડ ઉપર ઘણો સુંદર દેખાવ કર્યો હતો.

બે થી પાંચ નંબર ઉપર બધાનાં ૧૦½ પોઇન્ટ હોઈ S B Score પ્રમાણે નીચેના નંબર મળ્યા હતા ૨) ઝાહીર શેખ ૩) ગૌરાંગ મહેતા ૪) પ્રફુલ્લ ભટ્ટ અને ૫) સુરેશ દવે.

શ્રી સુરેશ દવે થોડા વખતથી રંગમાં જણાતા નથી, છતાં ૧૪માંથી ૭ રમત જીતી ને ૭ ડ્રૉ મેળવી અણનમ રહ્યા હતા. ગુજરાતમાં હજી પણ ભાગ્યે જ કોઈ તેમને હરાવી શકે છે. એમને પાંચમો નંબર મળતાં રાજસ્થાનમાં મે માસમાં રમાનાર રાષ્ટ્રીય B ટુર્નામેન્ટમાં ભાગ લેવા નહિ મળે તે ખેદની વાત છે. પહેલા ચાર ખેલાડીઓ આ વખતે પહેલા કરતાં વધુ સારો દેખાવ કરશે એવી આશા પણ અસ્થાને નથી.

રવીન્દ્ર ભાટિયા તેમ જ ઝાહીર શેખ પત્ર દ્વારા શતરંજ રમે છે અને એમની રમત સુધારવામાં તેનો મહત્ત્વનો ફાળો છે એવું તેઓ માને છે.

સાહિત્યસંપર્ક

પાંચ કાવ્યસંગ્રહો

(ગતાંકથી ચાલુ)

૪ 'કદાચ'

કવિ અનિલ જોશીના ચોસઠ પાનાંના આ નાનકડા પ્રથમ કાવ્યસંગ્રહમાં જુદાંજુદાં સામયિકોમાં પ્રગટ થએલાં, ગીતો, ગઝલ, છંદોબદ્ધ ને અછાંદસ કાવ્યો સંગૃહીત થયાં છે. એનાં ગીતો ને છંદોબદ્ધ રચનાઓમાં કવિની પ્રતિભા સુપેરે પ્રકટ થઈ છે. ગીતોમાં મુખ્યત્વે પ્રકૃતિનો ઉલ્લાસ અને એની સૌંદર્યમંડિત અભિવ્યક્તિ આકર્ષક છે. પૃ. ૧, ૨, ૬, ૭, ૧૧ વગેરે પરની રચનાઓમાં આ જોવા મળે છે. પૃ. ૬ પર તડકાનું કેવું ગતિશીલ ચિત્ર સહજતાથી અંકાયું છે—

'ઝાકળભીનાં ઝાડ કનેથી
વળાંક લઈને સવારનો
નીકળતો તડકો કૂદે પ્હાડના પ્હાડ!'

વેદના પણ પૃ. ૪, ૫, ૯, ૧૩, ૧૬, ૨૨, ૩૨, ૪૩ વગેરે પરની રચનાઓમાં વેધકતાથી વ્યક્ત થઈ છે;

થોરની લીલી વાડમાં
સૂકી ડાળખી ઝરે ગીત
કોઈ તરુની ઓથ માણી'તી
મેં ય લીલેરી પ્રીત.

તો 'ઘરથી નીકળ્યો બ્હાર' જેવી રચનામાં ગૂઢાનુભૂતિનું પણ ચારુ નિરૂપણ થએલું જોવા મળે છે. 'મારું આટલું કહ્યું–' જેવી રચનામાં ભજનના જૂના ઢાળમાં અભિવ્યક્તિ સધાઈ છે તે પણ સંતર્પક છે. આ ગીતરચનાઓમાં નિરૂપિત પ્રકૃતિ જોતાં કવિને તડકો, દરિયો, પંખી, પવન, વન, ઝાડી, ડાંગરની ક્યારીઓ વગેરેનું વિશેષ આકર્ષણ જણાય છે. સાંજ–સવાર–બપોરના પ્રહરોની પ્રકૃતિની અનુભૂતિમાં પણ કવિના પ્રત્યક્ષાનુભવનું પ્રતિબિંબ પડેલું દેખાય છે. આ અભિવ્યક્તિઓમાં કવિહૃદયની સચ્ચાઈ ભળેલી હોઈ, એ વધારે અસરકારક બની છે. ક્યાંક ક્યાંક નાવીન્યપૂર્ણ મૌલિક અલંકારો પણ ભાવને દૃઢાવે છે. જેમ કે—

'સપનાના તરફડતા પંખીને બાંધવા
નિંદરની જાળ મેં બિછાવી.'

ગીતોના પ્રલંબ લય અને ગેયતા નોંધપાત્ર છે. પ્રલંબ લય પણ એવો પ્રવાહિતાથી વહે છે કે ક્યાંય એનો હાંફ કે કંટાળો ચડતો નથી. કલ્પનારમ્ય આસ્વાદ્ય ચિત્રો એ ખરાં કરે છે...

ગઝલોમાં ગૂઢતા અને વેદનાની સામાન્ય અભિવ્યક્તિ જોઈ શકાય છે. એવું જ બન્યું છે અછાંદસ રચનાની બાબતમાં. એ રચનાઓ પણ કોઈ વૈશિષ્ટ્ય પ્રગટ કરતી નથી. 'એક ક્ષણ'માં સૌંદર્યાનુભૂતિ કંઈક ઠીક પ્રગટ થઈ છે તો 'સાંજ'માં શહેરી સાંજ પરનો કટાક્ષ પણ ઠીક રીતે વ્યક્ત થયો છે. બાકી તો સંગ્રહનાં ગીતોમાં જ કવિતા સધાઈ છે એમ કહી શકાય. પ્રકાશક ઉપર મુજબ. કિ. રૂ. ૨.

૫ 'અચાનક'

નવોદિત કવિ મનોજ ખંડેરિયાના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં ગઝલો વધુ નોંધપાત્ર છે. એમાં વેદનાનું વેધક ગાન તેમજ ભાવની સુંદર અભિવ્યક્તિ જોવા મળે છે. વળી, ભાવ અને કથનને વધુ ચોટદાર બનાવવા માટે થએલો નવી ઉપમાનોનો ઉપયોગ પણ સૌંદર્યલક્ષી છે. આ રચનાઓમાં શૂન્યતા, એકાંત મૌન વગેરે ભાવો જ મુખ્યત્વે વિષયભૂત થએલા છે. પ્રકૃતિના કે નગરસંસ્કૃતિના કોઈ એકાદ અંગથી જાગતાં સ્પંદનો ગઝલોમાં (અને ગીતોમાં પણ) સુંદર અને સચોટ રીતે ઝિલાયા છે. 'પીંછું' (પૃ. ૧) અને 'દીવાલો' (પૃ. ૨) આની પ્રતિતી કરાવી આપે છે. ખરતા પીંછાથી જાગતું સંવેદન અહીં સૌંદર્યાભિવ્યક્તિ સાધી જાય છે.

ફરકતું પડે ત્યારે ભૂરી હવામાં
ઝીણાં શિલ્પ કૈં કોતરી જાય પીંછું.

કવિનું મૌનનું આકર્ષણ પૃ. ૨૫, ૨૬, ૨૮, ૩૨ વગેરે પરની કૃતિઓમાં વ્યક્ત થએલું છે. શબ્દમાં અશ્રદ્ધા અને મૌનની ઝંખના એકીસાથે આ શેરમાં રજૂ થયાં છે:

વર્ષોથી હેયું ઝંખતું અજવાળું મૌનનું,
ઘેરી વળ્યો છે આંખને અંધાર શબ્દનો.

શબ્દકથા: ચંદ્ર, સોમ

'ચંદ્ર'નું જૂનું સ્વરૂપ 'શ્ચંદ્ર' છે. વૈદિક ભાષામાં અશ્વશ્ચંદ્ર 'અંશોથી પ્રકાશમાન', પુરુશ્ચંદ્ર 'અત્યંત પ્રકાશમાન', વિશ્વશ્ચંદ્ર 'સમગ્રપણે પ્રકાશમાન', સુશ્ચંદ્ર 'સુંદરરીતે પ્રકાશમાન', સ્વશ્ચંદ્ર 'સ્વયંપ્રકાશ', અને હરિશ્ચંદ્ર 'સોનેરી પ્રકાશવાળું' એવા સમાસોમાં 'શ્ચંદ્ર' રૂપ મળે છે.

વૈદિક 'ચન્દ્' અને 'શ્ચંદ્' એ ધાતુઓનો અર્થ 'પ્રકાશવું' છે. 'ચનિશ્ચદત્' એટલે 'ઝળહળ પ્રકાશતું.' વળી વૈદિક ભાષામાં 'માસ્'નો અર્થ 'ચંદ્ર' તેમ જ 'માસ' બંને છે. આમ 'ચંદ્રમા' એટલે ખરેખર તો 'ચમકતો ચંદ્ર' પણ 'ચંદ્ર'ના પર્યાય તરીકે જ તે પ્રચલિત બન્યો.

સંસ્કૃતમાં 'ચંદ્ર'ના પર્યાયોમાં 'સોમ'નો પણ સમાવેશ થાય છે. 'સોમવાર' અને 'સોમગ્રહણ' એટલે ચંદ્રનો વાર' અને 'ચંદ્રગ્રહણ'. પણ ઋગ્વેદમાં મૂળ તો 'સોમ' એટલે 'સોમવલ્લી' અથવા 'સોમરસ'. સોમના છોડના રસમાં આથો લાવીને યજ્ઞક્રિયામાં તે દેવોને આહુતિમાં અપાતો, તથા બ્રાહ્મણો અને યજમાનો સોમરસનું પાન અત્યંત પાવનકારી ગણતા. અવેસ્તામાં સોમ 'હઓમ' તરીકે જાણીતો છે, અને એમ સોમપૂજા અને સોમ-સંપ્રદાય ભારતી-ઈરાની છે. પણ અનુવૈદિક કાળમાં 'સોમ' અને 'ચંદ્ર'ની એકતા સ્થપાવા લાગી.

'સુ' એટલે 'રસ કાઢવો' 'સોમરસ કાઢવો'—તેના ઉપરથી 'સોમ'. જેમ 'સ્તુ' (સ્તુતિ કરવી) ઉપરથી 'સ્તોત્ર' (=સ્તુતિ), હુ ઉપરથી 'હોમ', તેમ 'સુ' ઉપરથી 'સોમ.'

ગોન્ડા નામના પ્રખ્યાત ડચ વિદ્વાને તેમના એક સંશોધન લેખમાં બતાવ્યું છે તે પ્રમાણે બ્રાહ્મણગ્રંથોના કાળમાં જે સોમને લગતી દેવકથાઓ તથા ચંદ્રને લગતી લૌકિક માન્યતાઓ પ્રચલિત બની, તેમાં તે બંનેના ઘણા ગુણધર્મો વચ્ચે સમાનતા જોવામાં આવી. આથી તે સમયના ચિન્તકોએ સોમ અને ચંદ્રનું ઐક્ય સ્થાપી દીધું. ચંદ્રને 'નવો નવો ભવતિ જાયમાનઃ' (અથર્વવેદ) કહ્યો છે તે તેની ક્રમિક ક્ષયવૃદ્ધિ દ્વારા જન્મ, મૃત્યુ અને પુનર્જન્મની ઘટમાળનું પ્રતીક ગણાતો, તો સોમરસ પણ જીવનપ્રદ અને આયુષ્યવર્ધક મનાતો. ચંદ્ર 'ઓષધિપતિ' કહેવાતો, તો સોમ 'વનસ્પતિ.' વૈદિક સાહિત્યમાં ચંદ્ર તેમ સોમ દેવી પ્રજનનશક્તિના પ્રતીક, પ્રેરક કે દ્યોતક કહેવાયા છે. બંને ચળકતા, સોનેરી રંગના અને તિમિરનાશક છે. આ બધાંને પરિણામે 'સોમ' તેના મૂળ અર્થ ઉપરાંત ચંદ્રવાચક પણ બને છે. બંનેની એકતા સ્થાપવાનો આરંભ બ્રાહ્મણગ્રંથોમાં કલ્પિત દેવકથાઓમાં જોવા મળે છે. શતપથ બ્રાહ્મણ કહે છે:

'એષો વૈ સોમો રાજા દેવાનામ્ અન્નં યચ્ચન્દ્રમાઃ'

(દેવોનું અન્ન જે આ સોમરાજા છે તે જ ચન્દ્રમા છે.) પ્રશિષ્ટ સંસ્કૃતમાં 'સોમ' બંને અર્થમાં ચાલુ છે. 'સોમ' પરથી વિશેષણ 'સૌમ્ય' મુખ્યત્વે કોમળ, શાંત પ્રકૃતિ કે નરમ સ્વભાવ માટે વપરાય છે.

ગુજરાતીમાં 'સોમ' શબ્દ ઉક્ત બંને અર્થોમાં હવે પ્રાયઃ સાહિત્યભાષા કે કાવ્યભાષા પૂરતો જ મર્યાદિત છે. 'સોમરસ', 'સોમપાન'. સોમવલ્લી', 'સોમયજ્ઞ' જેવા સંદર્ભોમાં મૂળનો અર્થ, તો 'સોમગ્રહણ', 'સોમવાર' જેવામાં ચંદ્રનો અર્થ જળવાયો છે; પણ 'સોમવાર', 'સોમવતી અમાસ' જેવામાં હવે સામાન્યરીતે ચંદ્રનું અર્થભાન લુપ્ત થયું છે. અમુક વારના વિશેષનામથી વધુ અર્થ તે ધરાવતો નથી. 'ચાંદો', 'ચંદ્ર', 'ચંદ્રમા' એ જ સામાન્ય વ્યવહારભાષાના શબ્દો છે.

હરિવલ્લભ ભાયાણી

તો શૂન્યતાની વાત સચોટતાથી વણાઈ છે:
ઘરની ભીતર તો શૂન્યતા વ્યાપી છે એવી કે
ભાગી જવાને ક્યાંક વિચારે છે બારણું.
'પીંછું', 'મૃત્યુ', સીમાઓ,' 'પગલાં', 'દરિયો', 'દિશા', 'ભીંત મૂગી રહી', 'ફીણ', 'એથી જ', 'મારા અભાવ' આદિ સુંદર ગઝલો બની શકી છે. 'રસ્તા વસંતના' કે 'ફીણ' જેવી રચનાઓમાં આલેખાએલાં સુંદર કલ્પનાચિત્રો ચિત્તાકર્ષક છે, તો 'ભીંત મૂંગી રહી' કે 'સૂરજમુખી' જેવી ગઝલોમાં તીવ્ર વેદનાની નવીન અભિવ્યક્તિ પણ વેધક બની શકી છે.'

'પોઢયો હું કંપ', 'જંગલ વિષે', 'દેવચકલીના ગીતમાં', 'મારી આંખમાં', 'સારસટહુકા' 'સવાર' આદિ સારી ગીતરચનાઓ છે. ગીતોમાં કવિએ મુખ્યત્વે મધ્યમ લંબાઈના લય પસંદ કર્યો છે. અહીં લય કરતાં શબ્દચિત્રો અને ભાવચિત્રોની જ મઝા છે. ગીતોમાં કવિને પ્રકૃતિપ્રેમ પ્રગટ થાય છે. 'સારસટહુકા' અને 'સવાર' જેવાં ગીતો તો સરસ પ્રકૃતિચિત્રો છે. 'મારી આંખમાં' જેવી રચનામાં લોકઢાળનો ઉપયોગ કર્યો છે, તો મિલનઝંખનાની તીવ્રતાની નાવીન્યપૂર્ણ અભિવ્યક્તિ પણ સાધી છે. અન્ય કાવ્યોમાં પણ વિરહસ્મૃતિના આનંદ અને તેની વેદના અભિવ્યક્તિ પામ્યા છે. 'અરધી રાતે' તેમ જ 'ને આજે આષાઢ હવે તો' જેવી કૃતિઓમાં વિરહની વેદના તીવ્રતાથી આવી છે. આ બીજી કૃતિમાં તો વર્ષાનો ઉદ્દીપક પ્રકૃતિ તરીકે ઉપયોગ કરીને વિરહની વેદના રજૂ કરવાનો સારો પ્રયાસ થયો હોવા છતાં કૃતિનો પ્રસ્તાર એની તીવ્રતાને થોડી શિથિલ બનાવી જાય છે. કવિ પાસેથી વધુ સારી ગઝલો અને વધુ સારાં ગીતોની અપેક્ષા આ સંગ્રહ જગાડી આપે છે. પ્રકાશક ઉપર મુજબ; રૂ. ૩. –ધીરુ પરીખ

આર્થિક વિકાસ

અર્થશાસ્ત્ર અને વાણિજ્યસંચાલનનું માસિક

કૉલેજોમાં શિક્ષણનું માધ્યમ ગુજરાતીમાં સ્વીકાર્યું છે ત્યારે અર્થશાસ્ત્ર અને વાણિજ્યની સમસ્યાઓને સરળ રીતે સમજાવવાના ઉદ્દેશથી ગુજરાતી ભાષામાં શરૂ થએલું આ માસિક ખરેખર આવકારપાત્ર છે. તેના પ્રારંભના પાંચ અંકોમાં સંપાદકીય નોંધો, લબ્ધપ્રતિષ્ઠ લેખકોના લેખો અને 'વાચન-થાળ', 'ગ્રન્થપરિચય' તથા 'સામયિક પરિચય' જેવા વિભાગોથી વિદ્યાર્થીઓ માટે આ એક ઉપયોગી સામયિક બન્યું છે. આ સામયિક ભાષા-વિકાસમાં પણ પોતાનો ફાળો આપી શકે તેમ છે. સંશોધનના સારાંશો, પારિભાષિક શબ્દાવલી, વિદેશી વિશ્વવિદ્યાલયોનો પરિચય વગેરે વિભાગો પ્રગટ કરવાની સંપાદકની નેમ પ્રશસ્ય છે. અનુસ્નાતક વિદ્યાર્થીઓ, અર્થશાસ્ત્ર તથા વાણિજ્ય વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો, સંશોધકો અને ઉદ્યોગો ઉપરાંત નાગરિકોને પણ એ ઉપયોગી છે, કેમ કે વસ્તુ, ભાષા અને વિષયની રજૂઆત સરળ અને સચોટ છે. આ નવા સાહસ ને સફળતા ઇચ્છીએ છીએ. સંપાદક: પ્રા. બી. એમ. પટેલ, ૧૧ ચૂનીભાઈ કૉલૉની કાંકરિયા, અમદાવાદ-૨૨; વાર્ષિક રૂ. ૧૨, વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો માટે રૂ ૬.

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારાના જીવન તેમ જ કવનનો પરિચય

[૧૬] — કરાવનાર · જલન માતરી



'અમર' પાલનપુરી

આઈ. એન. ટી.નાં સફળ નાટકો-'નેતા-અભિનેતા', 'ગુનેગાર', 'મસ્તરામ' અને 'સમર્પણ'માં નાયકની અદાકારી કરી કુશળ નટ તરીકે કીર્તિ કમાનાર ભાઈ 'અમર' પાલનપુરી એટલા જ સફળ ગઝલકાર પણ છે. એમની ગઝલોમાંનું મીઠું દર્દ જોતાં લાગે કે જીવનની શરૂઆતમાં જ આ શાયરનું હૈયું ચોટ ખાઈ ગયું છે, એના હૈયાને કોઈ દઝાડી ગયું છે. નહિતર પૈસેટકે સુખી આ લખપતિ શાયરની કલમમાંથી શિકાયત કરતા શેર ટપકે નહિ.

જે ધરતીએ સર્વશ્રી 'શૂન્ય' પાલનપુરી અને 'સૈફ' પાલનપુરી જેવાં તેજસ્વી શાયરો આપ્યા છે એ જ ધરતી પાલનપુરનું 'અમર' પણ સંતાન છે. મૂળ નામ પ્રવીણચંદ્ર મણિલાલ મહેતા; તખલ્લુસ 'અમર' પાલનપુરી; જન્મ તા. ૧-૯-૧૯૩૫ એસ. એસ. સી.ની પરીક્ષા પાસ કર્યા પછી આ મોજીલા શાયરે અવેતન રંગભૂમિની દુનિયામાં ઝંપલાવી કીર્તિ સંપાદન કરી. અને પછી એ ક્ષેત્રને સલામ કરી ઝવેરાતના ધંધામાં પડીને એમાં પણ એટલા બધા આગળ વધી ગયા છે કે ૩૫ વર્ષની યુવાન વયે તો લાખોપતિ બની ગયા છે.

'કોઈને સ્વપ્નમાં માગી અમર હમણાં જ સૂતો છે.'

આવી આવી પંક્તિઓવાળી ભાઇ 'અમર'ની ગઝલ હમેશ માટે અમર જ રહેવાની છે.

જેને ફનાનું પૂર ડુબાડી નથી શકવાનું એ શાયર 'અમર'ના થોડાક શેરોનો આસ્વાદ લઈએ:

રોનક છે એટલે કે બધે તારું સ્થાન છે,
નહિતર આ ચૌદે લોક તો સૂનાં મકાન છે.

દીવાનગીએ હદ કરી તારા ગયા પછી;
પૂછું છું હર મકાન પર કોનું મકાન છે?

દિલ જેવી બીજે ક્યાંય પણ સગવડ નહિ મળે
આવી શકે તો આવ આ ખાલી મકાન છે.

મિલન બાદ વસમી જુદાઈ છે ઓ દિલ:
મને કોઈના ઘરનો મહેમાન કર મા.

દુનિયાની સર્વ રાહને વાળું હું આ તરફ,
નીકળો જો આવવાને તમે મારા ઘર સુધી.

તું જો નહિ મળે તો કયામત થઈ જશે,
એથી ડરું છું આવતાં હું તારા ઘર સુધી.

લેવાનું કશું પણ નથી, દેવાનું બધું યે;
શોધે ન કોઈ સાર જગે પ્યાર કરીને.

છે સામે રૂપ કિંતુ આંખ ઊંચી થઈ નથી શકતી,
વિજયની છે સરસ બાજી ને હૈયું હાર માગે છે.

હીરાનો પારખુ હું 'અમર' જિંદગી મહીં
પથ્થરથી ખાધી થાપ-મને એનો રંજ છે?

સૂતા હતા જે શૂળની શય્યા ઉપર 'અમર',
મરવું પડયું છે એમને ફૂલોના પ્યારમાં.

'અમર' એવા લડાવો લાડ ના દિલને જવાનીમાં
જીવન હળવું બની જાયે ને મૃત્યુનું વજન લાગે.

મરણ માને ભલે એને આ દુનિયા,
બહુ વર્ષે હૃદયને કળ વળે છે?

શોધી રહ્યો છે કોને ભલા જીવ દર-બદર?
ભટકી ન જાય ક્યાંક એ ખુદના મકાનથી.

કાંટાના ડંખ હોય તો વેઠી શકાય, પણ
દિલમાં જે વેદના છે એ ફૂલોનું ઝેર છે.

ડૂબ્યો નથી, 'અમર'ને ડુબાડયો છે કોઈએ,
નહિતર કાં એની લાશને તરવાનું મન થયું?

ડૂબી જવા મહીં 'અમર' ઈજ્જત રહી જશે,
નીકળીને ક્યાં જશો? હવે કાંઠા તણાય છે?

પહોંચાશે કેમ આ રીતે સંધ્યા સુધી 'અમર'?
તું તો હતાશ થઈ ગયો વહેલી સવારથી!

એ બીકથી મેં ના કર્યો ઉલ્લેખ આપનો,
લાગે ન ક્યાંક ફૂલને નાનમ વસંતમાં.

નક્કી સમજજો એ જ હશે આપનો 'અમર',
દિલ હો ફકીરનું જો કોઈ બાદશાહમાં.

દયા તો શું, હવે સંજીવની
પણ કામ નહિ આવે,
જીવનના ભેદને પામી
'અમર' હમણાં જ સૂતો છે.

ટપાલટિકિટની કથા-૧

આ સાઉ ટપાલની આવનજાવન આંગડિયા-પદ્ધતિ જેવી હતી. જેને ટપાલ મળે તે ખર્ચ ચૂકવી દે. પણ કોઈ ટપાલ સ્વીકારે જ નહિ તો ? આના ઉકેલ તરીકે રૉનલ્ડ હિલ નામના એક મંહુસે અગાઉથી પૈસા લઈ ટપાલટિકિટો આપવાનો વિચાર રજૂ કર્યો અને તે અનુસાર ગ્રેટબ્રિટનમાં ઈ. ૧૮૪૦ની છઠ્ઠી મેથી દુનિયાની પહેલી બે ટપાલટિકિટો ચલણમાં આવી. એક પેની ને બે પેનીની કિંમતની એ ટિકિટો અનુક્રમે કાળા અને બ્લ્યૂ રંગમાં છપાએલી તે પરથી આજે એ 'પેની બ્લૅક' ને 'ટુ પેની બ્લ્યૂ' તરીકે ઓળખાય છે. આ ટિકિટો પર રાણી વિક્ટોરિયાની છબિ ને કિંમત હતી પણ દેશનું નામ નહોતું. અને છેક ત્યારથી આજ સુધી ગ્રેટબ્રિટનની ટપાલટિકિટો પર દેશના નામને બદલે રાજકર્તાનું મહોરું મુકાય છે. ૧૭૦ વર્ષ પહેલાંની હોવા છતાં આ ટિકિટો અપ્રાપ્ય નથી.



'પેની બ્લૅક' અને 'ટુ પેની બ્લ્યૂ'

પરંતુ બર્મ્યુડાના હૅમિલ્ટન નગરના પોસ્ટમાસ્ટરે ઈ. ૧૮૪૮થી ૧૮૫૫ દરમિયાન જુદી જ રીત અજમાવેલી. ત્યાં પત્ર સાથે ટપાલપેટીમાં એક પેનીનો સિક્કો નાખવાનો નિયમ હતો. પરિણામ કલ્પી શકાય તેવું છે. આથી પોસ્ટમાસ્તરે પહેલેથી જ કિંમત ઉઘરાવી લેવા કાગળના ટુકડા પર ટપાલનો સિક્કો મારી તેના પર હાથે કિંમત લખી પોતાની સહી કરીને આપવા માંડી. એ 'હાથબનાવટની ટિકિટો'ને પ્રથમ તો સંગ્રાહકો માત્ર રદ્દીકરણની છાપ જ સમજતા. પછી જ્યારે પેલી કિંમત અને સહી તરફ લક્ષ ઘેરાતાં એનું મહત્ત્વ વધી ગયું.

(યશવંત મહેતા)



બર્મ્યુડાની પોસ્ટમાસ્તરની સહી વાળી છાપ



અરઘ્યુ ધરી

જે અહીંથી નીકળ્યાં સાચનાં ફૂલ વધાવી
હૈયે એણે ઘાર હુતાશન વેદના વાવી.
આ જ છે મારગ, અહીં છે તારા પગનો દીવો,
ઝેરકટોરો સાચનો ઝાઝા હેતથી પીવો;
ઘૂંટડે ઘૂંટડે જીવન બોલશે: જીવો! જીવો! —મકરન્દ દવે

એક ઉજમાળી રેખાની અર્ધશતાબ્દી

આ અંક વાચકોના હાથમાં આવશે ત્યારે ગુજરાતના પત્રકારત્વના ઇતિહાસમાં એક ઉજ્જ્વલ પદચિહ્ન (અંકાયા ભેગું) લુપ્ત થયાની અર્ધ-શતાબ્દીની સંવત્સરી હશે. આજની પેઢીને તો શું, પણ જેમણે એ તેજ જોયું-માણ્યું હશે એ ગઈ પેઢીના પણ ભાગ્યે જ કોઇને એ તારીખનું આજે સ્મરણ થયું હશે. પરંતુ આ લખનારના જીવનમાં તો, કવિ નાનાલાલના શબ્દોમાં 'બીજની કલા સમી ઊગી ને આથમી' ગએલી એ ટૂંકજીવી તેજકલા ધ્રુવતારક સમી જીવનપથપ્રેરક બની ગઈ હતી.

ઠીકઠીક સારી કહી શકાય એવી અભ્યાસની કારકિર્દીને કાપી નાખીને કૉલેજમાં જવાના કોડને રોળી નાખનાર કૌટુંબિક સંજોગોએ જીવનને એક કારમો આઘાત પહોંચાડયો; અને એની કળ વળ્યે ગોંડલની હાઇસ્કૂલમાં શિક્ષણકાર્ય કરતાં કરતાં, ત્યાંની શાળા તથા શહેરની લાયબ્રેરીઓ દ્વારા, પેલા નહિ સધાએલા ધ્યેયનું સમકક્ષ જ્ઞાન મેળવવાનો પુરુષાર્થ મેં ખેડવા માંડયો. એ કાળે, વિવિધ ગ્રંથો-સામયિકોના વાચન સાથે ઈંગ્લંડના 'બિબ્બીઝ ઍન્યુઅલ'થી માંડીને 'સ્ટ્રૅન્ડ' 'પીઅર્સન્સ' અને 'લંડન', 'પંચ' 'વિન્ડસર' અને 'બુકમૅન', 'નૅશ' 'આઈડલર' અને 'પૅલપૅલ' આદિ મૅગ્ઝીનોના સંપર્કથી કલા અને સાહિત્યના ગંગાજમની સંગમ જેવા સચિત્ર પત્રકારત્વના અરમાનની નાનકડી કેડી મને લાધી ગઈ; અને ઈ. ૧૯૧૬ના એપ્રિલમાં, ગુજરાતમાં સાક્ષાત્ અવતરેલા એના હિંદી અવતાર સમા સચિત્ર માસિક 'વીસમી સદી'ના પ્રકાશને એ કેડીને વ્યવહારુ શકયતાના ભાનથી ઉજમાળી કરી દીધી. એને પગલે પગલે કરેલી હસ્તલિખિત 'જ્ઞાનાંજલિ'ની શરૂઆતથી તે ખુદ એ માસિકના જ તંત્રસંચાલનમાં જઇને બેસવાની મળેલી મોંઘી તક ઈ. ૧૯૨૧ના જાન્યુઆરીની ૨૧મીએ થએલા એના તંત્રીના અવસાનથી અણધારીરીતે ઓઝલ થઈ ત્યાં સુધીની વાતની લકીર શ્રી રવિશંકર રાવળના આત્મકથાનકમાં જોવા મળી હશે.

'વીસમી સદી'ના એ અસ્તને આ મહિને બરાબર પચાસ વર્ષ પૂરાં થાય છે એ વખતે, 'કુમાર' દ્વારા મૂર્તિમંત થએલા જીવનના અરમાનને તેના ઉગમકાળે પોષનાર એ સામયિકનું ઋણસ્મરણ કરીને તથા તેના સર્જક, ને ગુજરાતના સચિત્ર પત્રકારત્વના પિતા હાજીમહમ્મદ અલારખિયા શિવજીને અર્ધશતાબ્દીની તર્પણ-અંજલિ અર્પીને કૃતકૃત્યતા અનુભવું છું.

'મુંબાઈ સમાચાર' દૈનિકમાં 'દિલની વાતો'-ના મથાળા નીચે પ્રકટ થતી શ્રી રસિક ઝવેરીની આકર્ષક લેખમાળામાંથી રસપ્રદ ચયન કરીને એમણે એ જ નામથી એક નમણું પ્રકાશન બહાર પાડયું છે. એમાં એમણે આપેલું હાજીમહમ્મદનું રેખાચિત્ર એમનો ટૂંકો પણ સુરેખ પરિચય આપી રહે એવો હોઇને અહીં અવતરિત કરું છું.

—બ. રા.

હાજીમહમ્મદ અલારખિયા →



હાજીમહમ્મદ અલારખિયા શિવજી

હાજી મહમ્મદ અલારિખયા શિવજી એમનું નામ. જાતે ખોજા. જન્મ તા. ૧૩-૧૨-૧૮૭૮. આયખું વરસ બેતાલીસનું. મૃત્યુ તા. ૨૧-૧-૧૯૨૧. ભણતર અંગ્રેજી ૭ ધોરણ. નખશીખ ગર્ભશ્રીમંત. પેડર રોડ પર બંગલો. શહેરમાં વડીલોપાર્જિત મકાનો. બાપનો ધીખતો ધંધો ચાલે, પણ દીકરાને છંદ લાગ્યો સાહિત્યનો. સત્તર વરસની વયે હિન્દીમાં ટૂંકી વાર્તા લખી 'ગુલઅફશાન' માસિકમાં આપી. ૧૮૯૮માં 'સ્નેહવિરહ પંચદશી' નામનું હિન્દી પુસ્તક લખ્યું. ૧૮૯૯માં 'મુંબઈ સમાચાર'માં લખવાનું શરૂ કર્યું અને એ જ પત્રમાં ૧૯૦૪માં 'મહેરુન્નિસા' અને ૧૯૦૭માં 'નૂરે આલમ'માં 'રશીદા' એ બે ચાલુ અનુવાદિત કથાઓ લખી જે ૧૯૦૮માં પુસ્તક રૂપે પણ પ્રસિદ્ધ થઈ. ૧૯૦૧માં એક રૂપિયાના લવાજમવાળું 'ગુલશન' નામનું સચિત્ર માસિક શરૂ કર્યું, જે એક વરસ નભ્યું. ૧૯૦૦માં 'ઈમામનાં મોતી' અંગ્રેજી પરથી પ્રસિદ્ધ કરીને છપાવેલું. આ ઉપરાંત 'કયસરે હિંદ'માં ચાલુ મુસ્લિમ કૉલમ અને 'સાંજ વર્તમાન'માં તે વેળાના ખૂબ લોકપ્રિય પટેટીના ખાસ અંકો માટે લખવાનું યે ચાલુ હતું.

લખવાની પ્રવૃત્તિની સાથોસાથ વાચનનો હાજીને ગજબનાક ચસકો. ઢગલાબંધ સચિત્ર અંગ્રેજી સામયિકો ખરીદવાનું એમને ભારે વ્યસન. એમની લાયબ્રેરી ઘણી સમૃદ્ધ હતી. ઉમર ખય્યામની રૂબાયતોનો એક બેનમૂન સંગ્રહ એમણે ભેગો કરેલો: એની પ્રસિદ્ધ થયેલી ૧૨૭ જુદી જુદી આવૃત્તિઓમાંથી ૧૧૦ એકઠી કરેલી, અને એ બધીને વટાવી જાય એવી ૧૨૮મી આવૃત્તિ પ્રગટ કરવાની એમની તમન્ના હતી!

શ્રીમંતનો નબીરો આવા આવા શોખ રાખે ત્યાં સુધી તો જાણે ઠીક, પણ આમાંથી સાંપડેલી એની સૌંદર્યદૃષ્ટિમાં એક દિવાસ્વપ્ન આવીને બેસી ગયું: ગુજરાતી ભાષામાં, કોઈએ ન કાઢ્યું હોય એવું, ચિત્રોથી શણગારાએલું, દુર્બોધ નહિ અને છતાં લલિત સાહિત્યથી ઓપતું, આમજનતા જેને પચાવી શકે એવું, એક મનભર અને મનહર માસિક કાઢવાના સુખદ અરમાને એના મન પર કબજો જમાવવા માંડયો. એ તરંગલહરીઓએ એના અંતરમાં જાણે એક તુફાન મચાવી દીધું. રાતદિવસ બસ એ એક જ ઝંખના એમના ચિત્ત પર સવાર થઈ બેઠી. એ ગેલછાએ હાજી મહમ્મદને ખુવાર કરી નાખ્યા અને ગુજરાતી સાહિત્યને સમૃદ્ધિથી છલકાવી દીધું. એમની એ સ્વપ્નિલ દુનિયા તો ઘણી વિશાળ હતી. મરાઠી માસિક 'મનોરંજન' એ વખતે આરંભદશામાં. આ માસિકના નિયામક કાશીનાથ મિત્ર સાથે એમને ભારે ભાઈબંધી. મરાઠી 'મનોરંજન', હિન્દી 'સરસ્વતી', એક ગુજરાતી અને એક અંગ્રેજી, એમ ચાર માસિકોને સાથે ભેળવી એક સિન્ડિકેટના હાથમાં મૂકવાં; એ ચારેય એક જ વખતે ને એક જ રૂપેરંગે, પ્રગટ થાય, ને તેમાંના લેખો અને લેખકો, ચિત્રો અને ચિત્રકારો સમસ્ત ભારતનાં હોય; એવી એક દેશવ્યાપી યોજના જતે દહાડે પાર ઉતારવી એવી ગણતરી હાજીના મનમાં રમતી હતી.

૧૯૧૪માં 'વીસમી સદી' માસિક બહાર પાડવાની યોજના હતી. સુશોભનઘેલછા તો એવી કે એના પહેલા અંકના કવરપેજના બ્લૉક બનાવવા ઠેઠ વિલાયત મોકલેલા. ૧૯૧૪માં અચાનક લડાઈ ફાટી નીકળી અને આખી વાત ખોરંભે પડી. ૧૯૧૬ના એપ્રિલમાં નવાં ઠાઠ, રૂપ, રંગ, રોનક અને સાહિત્ય સાથે 'વીસમી સદી'નો પહેલો અંક પ્રસિદ્ધ થયો. એ પ્રકાશને સાહિત્યની દુનિયામાં સનસનાટી મચાવી દીધી.

'વીસમી સદી'નો ઇતિહાસ જેણે વાંચવો હોય અને એની અસલિયત પારખવી હોય એણે સમય મેળવી, કોઈ સારી લાયબ્રેરીમાં જઈ એની ફાઇલો ઊથલાવી જવી અને 'હાજીમહમ્મદ સ્મારક અંક' વાંચી લેવો. પણ હાજીએ જે પાયાનું કામ કર્યું તે તો હતું ધૂળધોયાનું કામ. એણે ખૂણેખાંચરે પડેલા વેરવિખેર લેખકોને ભેગા કર્યા અને પ્રકાશમાં આણ્યા. ખોજા મહોલ્લાના એના મકાનમાં સાહિત્યકારોનો જે અડ્ડો



વીસમી સદીનું એક પાનું

જામતો એ તો સાહિત્યના ઇતિહાસમાં અજોડ રહેશે. સાહિત્યકારો, સાહિત્યરસિકો અને કલાકારોનું એ જાણે કે સુરાલય હતું. ત્યાં સાહિત્યગોષ્ઠિની નશીલી રંગત જામતી. ૧૯૨૦માં રામુભાઈ ઠક્કરનો એક લેખ 'વીસમી સદી'માં છપાયો. એ વેળા એ બાદશાહી રોનકની કંઇક ઝાંખી કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થએલું. હાજીનો દરબાર એની ઘેલી ઉદારતા, મસ્ત રંગ અને દરિયાવ દિલની નીપજ હતી. એ બધું હવે કયાં?

અને એ રંગત મહેલમાં લોકો પણ આવતા કેવાકેવા? દી. બ. કૃષ્ણલાલ કાકા, નરસિંહરાવ, બલવંતરાય ઠાકોર, કવિ ન્હાનાલાલ, ખબરદાર, મુનશીજી, રણજિતરામ, શ્રીમાન પુરુષોત્તમ, રવિશંકર રાવળ, ચંદ્રશંકર પંડયા, પઢિયાર, લલિતજી, વિશ્વભરનાથ જજ્જા, આગા હશ્ર, શયદા, ચતુરસેન શાસ્ત્રી, જાગીરદાર, નૃસિંહ વિભાકર, રમણીક મહેતા, કાંતિલાલ પંડયા, દીવાના, મિસ્કિન, મનહર, મસ્તફકીર, ભોગીન્દ્રરાવ, તારાપોર, દેવારે, ભેદવાર, ધુરંધર, ગોરક્ષકર, મૂલર, અરે, કોને ગણાવું અને કોને ભૂલું? એ રંગત, ઠાઠ, ગોષ્ઠિ, વિનોદ, વિસામો, ખેલદિલી, ખાણીપીણી, ગલ્પબાજી એ બધાં હાજીની કરામતનાં કામણ હતાં.

'વીસમી સદી'ની સાહિત્વિક ગુણવત્તા વિશે કદાચ મતભેદ હોઈ શકે; પણ હાજીમહમ્મદની નિષ્ઠા વિષે અને કલાભક્તિ વિષે કોઈ એક અવળો હરફ ઉચ્ચારી શકશે નહિ. હાજીનું દૃષ્ટિબિંદુ સદાય વાચકનુ હતું અને વાચકો શાથી રીઝશે, શાથી આકર્ષાશે એ સમજવાની એમનામાં ગજબની કોઠાસૂઝ હતી. આ દૃષ્ટિબિંદુ નજર સમક્ષ રાખવું એ કામ લાગે છે એવું સહેલું નથી. સાહિત્યકારોનું પોતાની કૃતિઓ વિષેનું આડંબરી અભિમાન ઘવાય નહિ એ રીતે તેમની પાસેથી વાચકનું મનરંજન થાય એવું કામ લેવું એ કોઈ વિરલ તંત્રી જ કરી શકે. હાજીમાં આવી વિરલતા હતી. ગુજરાતમાં કલાનો શોખ કેળવાય, કલાકારોની કિંમત અંકાય, કલામયતા પ્રસરે, આ જ એમનો જીવનઆદર્શ અને જીવનાનંદ હતો.

હાજીએ 'વીસમી સદી' મારફત એક મોટું કામ કર્યું. એમણે સામાન્યમાં સામાન્ય માણસને સાહિત્યમાં રસ લેતો કર્યો. એમણે સામયિકો માટે

એક ભૂમિકા ઊભી કરી. એમણે વાર્તાઓને લોકપ્રિય બનાવી. એમણે સાહિત્યકારોને કડિયા-કારીગર અને મુનીમ-વાણોતર સુધી પહોંચતા કર્યા. એમણે આમજનતા માટેનું સાહિત્ય સચિત્ર, સુંદર અને શોભાભર્યું બનાવ્યું. એમણે સાહિત્યનાં અનેક અંગોને સમૃદ્ધ કર્યાં અને લેખક એ પણ ગૌરવ કરવા યોગ્ય વ્યક્તિ ગણાય એ પ્રણાલિકા એમણે જ શરૂ કરી.

સાહિત્ય માટે થઇને જ આ માણસે પોતાનો બંગલો વેચ્યો, ધંધો ખોયો, ઉપરથી ચાલીસ હજારનું કરજ વહોર્યું, હેરાન થયો, શહીદ થયો. એમણે પોતાની સાહિત્યઘેલછા માટે મહાન ત્યાગ કર્યો. સગવડો ખોઈ અગવડોને આવકારી. આવા અનેક ત્યાગોને પરિણામે જ ગુજરાતી સાહિત્ય જે કાંઈ છે, તે છે. આપણે શહીદની અનેક વાતોને અંતરમાં મઢીએ છીએ, તેમ સાહિત્યક્ષેત્રનાં બલિદાનોની કથા પણ જાણવા જેવી છે. હાજીના અવસાન સાથે 'વીસમી સદી'નું આયખું યે પૂરું થયું. એના એ સ્વપ્નની ખાખમાંથી જ 'ગરવી ગુજરાત', 'ગુજરાત', 'સુવર્ણમાળા', 'વિશ્વમિત્ર', 'રંગભૂમિ', 'નવચેતન', 'કુમાર' એ બધાં માસિકો જન્મ્યાં એમ કહી શકાય. ('દિલની વાતો' સુમન પ્રકાશન મુંબઈ-૯; રૂ.૧૦)

સ્વ. ડૉ. સર સી. વી. રામન

જગવિખ્યાત નોબેલ પારિતોષિક મેળવી ભારતને ગૌરવ અપાવનાર માત્ર બે મહાનુભાવોમાંના એક 'ભારતરત્ન' ડૉ. સર ચંદ્રશેખર વ્યંકટ



રામનનું ૨૧મી નવેમ્બરે અવસાન થયું. ઈ. ૧૮૮૮માં તિરુચિરાપલ્લીમાં એમનો જન્મ. અભ્યાસ દરમિયાન ઉચ્ચોચ્ચ પદ મેળવી ૧૯૦૭માં ઇન્ડિયન ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટમાં જોડાયા. વિજ્ઞાનનાં સંશોધનો પણ સાથોસાથ જારી રાખ્યાં અને કોઈ પણ માધ્યમમાંથી પસાર થતા પ્રકાશના વક્રીભવનને કારણે તેના બદલાતા રંગ વિષે 'રામન ઈફેક્ટ' તરીકે જાણીતી એમની એક બહુ મહત્ત્વની શોધ કરી. શોધના આ જ માર્ગે આગળ વધી એમણે 'રામન સ્પેક્ટ્રોસ્કોપ' પણ બનાવ્યું. પરિણામે અણુ-પરમાણુના આંતરિક સ્વરૂપની સમજણ થતાં ઔદ્યોગિક ક્ષેત્રે કેટલોક નવો વિકાસ શક્ય બન્યો. એમની શોધોએ એમને ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક અપાવેલું અને બ્રિટિશ રાજ્યના નાઇટહૂડથી માંડી ૧૯૫૪માં 'ભારતરત્ન' થતાં સુધીમાં બ્રિટન, અમેરિકા, ફ્રાંસ, રશિયા આદિ દેશોએ એમનું સન્માન કરેલું. વૈજ્ઞાનિક સંશોધનોને નામે થતા જાલીમ ખર્ચોના તેઓ વિરોધી હતા. દેશમાં પ્રયોગશાળાઓ વધી પણ ખરા વિજ્ઞાનીઓ વધ્યા નથી એનો એમને રંજ પણ હતો. એમનું વિસ્તૃત ચરિત્ર 'કુમાર'ના ૬૯-૭૦ અંકમાં આવી ગયું.

ઍપોલો-૧૫ના ઉતરાણસ્થળની જાહેરાત

આગામી જુલાઈમાં 'ઍપોલો-૧૫' હેડલી-ઍપેનાઈન પ્રદેશ તરીકે ઓળખાતા ચંદ્ર-મેદાનમાં ઊતરશે, જ્યાં એક બાજુ ચંદ્રના ઊંચા ઍપેનાઈન પર્વતો અને બીજી બાજુ છસો ફૂટ ઊંડી હેડલી રિલેની ખીણ છે.

પૃથ્વી પર દેખાતા ચંદ્રને ઘડિયાળના ચંદા કલ્પીએ તો હેડલી-ઍપેનાઈન મેદાન બપોરના બાર ને એક મિનિટે મોટો કાંટો જે સ્થળે હોય એ લાઈનમાં મધ્યબિંદુથી એકતૃતિયાંશ જેટલા અંતરે છે. એટલે કે અત્યાર સુધીમાં પસંદ કરાએલાં સ્થાનોમાં સૌથી વધારે ઉત્તરનું છે. ઉતરાણ-સ્થળ ચાન્દ્ર વિષુવવૃત્તથી ૭૦ માઈલની અંદર જ આવેલાં છે.


વળી આ અવકાશયાત્રીઓ પહેલી જ વાર જીપને મળતા આવતા બૅટરીથી ચાલતા વાહનમાં ચંદ્ર પર ફરશે. આને કારણે તેઓ ઉતરાણના સ્થળથી વધારે દૂર સુધી જઈ ને વધારે સંશોધન-સામગ્રી અને ચંદ્રના નમૂનાઓ લઈ આવી શકશે. વળી પૃથ્વી પર રેડિયો દ્વારા વધુ મહત્ત્વના અને વધુ પ્રમાણમાં માહિતી મોકલી શકે એવાં યંત્રો પણ તેઓ ચંદ્રની ધરતી પર ગોઠવતા આવશે.

આ પછી ૧૯૭૨ના જાન્યુઆરી અને જુલાઈમાં ઍપોલો-૧૬ અને ઍપોલો-૧૭ રવાના થવાનાં છે. તેનાં ઉતરાણ-સ્થળોની પસંદગી પણ ઘણી વહેલી કરી નાખવાની રહેશે. જો કે ઍપોલો-૧૪ દ્વારા લેવાએલી તસ્વીરોનો અભ્યાસ કર્યા પછી જ આ નિર્ણય લેવાશે એમ મનાય છે.


ઍપોલો-૧૪ ફ્રા મોરો ઉતરાણ-સ્થળે ઊતરવાનું છે, જ્યાં ઍપોલો-૧૩ના યાત્રીઓ ઊતરવાના હતા, પણ યાન પરની પ્રાણવાયુની ટાંકી ફાટી જતાં તેઓને પાછા ફરવું પડયું હતું. આ સિવાય અમેરિકાએ કોઈ બીજાં માનવરહિત ઉડ્ડયનો વિચાર્યાં નથી, એટલે ચાર ઍપોલો-ઉડ્ડયનો પછી ચંદ્ર સંશોધનનો કાર્યક્રમ અનિશ્ચિત મુદ્દત સુધી મોકૂફ રહેશે.

ચિત્રાલેખનનું પ્રાથમિક શિક્ષણ

(૧) આકૃતિ કાગળની વચ્ચોવચ, એટલે કે ચારે બાજુ એકસરખી જગ્યા રહે તેવી રીતે લાવવા પ્રયત્ન કરો.



(૨) આકૃતિ બને તેટલી મોટી




આલેખો. જુઓ, ઉપરનું ચિત્ર. એ ખરી રીત છે. ડાબી બાજુની ચોકડી મારેલી આકૃતિવાળી રીત ખોટી છે.

(૩) પહેલાં અંદાજે આકૃતિનું ખોખું હળવી લીટીઓથી કરો. તે માટે પહેલાં તેની લંબાઈ-પહોળાઈ માપીને ચીતરવાની જગ્યા નક્કી કરો.



(૪) આકૃતિ બરોબર ઊભી દેખાય છે કે નહિ તે જોવા માટે, જમણી બાજુની આકૃતિમાં બતાવ્યા મુજબ, નીચેની બેઠકની એક, તથા તેને બરાબર કાટખૂણે તેના મધ્યભાગે એક, એમ બે હળવી રેખાઓ દોરો. અને પછી તેના ટેકે આકૃતિ આલેખો.

(૫) મધ્યરેખાની બંને બાજુના આકૃતિના બંને ભાગ એકસરખા માપના ને એકસરખા જ અંતરે આવે તેની ચોક્સાઈ રાખો. દરેક નાના-મોટા ગાળાને પરસ્પર બે-ત્રણ રીતે સરખાવી જુઓ. ડાબી બાજુની આકૃતિમાં કરકરિયાળી લીટીથી આ બતાવ્યું છે.



(૬) આકૃતિના એક જ ભાગને પાકી રેખાઓથી દોરવાની શરૂઆત ન કરશો. પહેલાં આધારની રેખાઓ ધ્યાનમાં રાખી બધી બાજુનાં માપ લઈને આખા ચિત્રનુંઝાંખું ઊભું કરો.

(૭) આમ, ઝાંખી રેખાઓથી તૈયાર કરેલી આકૃતિમાં બધી ચોક્સાઈ આવી ગએલી જણાય ત્યાર પછી જ પાકી રેખાઓ દોરવા માંડો.

(૮) રબર બહુ વાપરશો નહિ. અને લીટીઓ દોરવા માટે ચિત્રને આડું કે ઊંધું કરશો નહિ. ભીંત પર ચીતરવાનું હોય તો શું કરો?

(૯) માપ ને હિસાબ સમજ્યા વિના એક પણ લીટી દોરશો નહિ.

(૧૦) ઉપરાઉપરી ખાંચા મારતી લીટીઓ દોરવી નહિ, પણ પાણીના રેલા જેવી સળંગ અને એકધારી દોરવી. —રવિશંકર રાવળ

ભારતનું મોટું ટિકિટ-પ્રદર્શન

ઈન્પેક્સ-૭૦

ઈંગ્લંડમાં સર રોલૅન્ડ હિલે રજૂ કરેલા વિચાર પરથી ઈ. ૧૮૪૦માં દુનિયાની પહેલી ટપાલટિકિટ ચલણમાં આવી. ઈ. ૧૮૫૨માં હિંદુસ્તાનમાં સિંધ પ્રાંતમાં સૌ પહેલી ટપાલ-ટિકિટ બહાર પડી, જે તેની ઉપરના લખાણ પરથી 'સિંધ ડાક' નામે ઓળખાય છે. ઈ. ૧૮૫૪-માં સમગ્ર દેશના વપરાશ માટે પહેલી ટપાલ-ટિકિટ ચાલુ થઈ. પણ ટિકિટસંગ્રહનો શોખ ક્યારથી શરૂ થયો તે નિશ્ચિત નથી.

આરંભમાં નિશાળિયાઓના ગાંડપણમાં ગણાયા પછી ધીરે ધીરે તેના પદ્ધતિસરના સંગ્રહના વ્યાસંગનો વિકાસ થયો અને આજે તેનાં અનેક પાસાંઓના ઊંડા અભ્યાસ સાથે તે એક આગવા જ ક્ષેત્ર તરીકે 'ફિલાટેલી'નું નામ પામ્યો છે. પછી તો એક વ્યાપક વ્યાસંગ થઈ પડવાથી તેના સરખેસરખા રસિયાઓનાં મંડળો સ્થપાયાં ને તેમના સંગ્રહો શરૂમાં અંદરોઅંદર પ્રદર્શિત થવાથી માંડી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો યોજાવા સુધી વિકાસ થયો. પ્રથમ ટપાલટિકિટની અર્ધ શતાબ્દી નિમિત્તે ઈ. ૧૮૯૦માં લંડનમાં આવું પહેલું આંતરરાષ્ટ્રીય ટિકિટપ્રદર્શન યોજાયું હતું. તે પછી પારી(સ), ધ હાગ, આમસ્ટર્ડામ, વિયેના વગેરે શહેરોમાં પણ એવાં પ્રદર્શનો થયાં. અમેરિકામાં આવું વ્યાપક પહેલું પ્રદર્શન ઈ. ૧૯૧૩માં થએલું. આજે તો દર વર્ષે કોઈ ને કોઈ દેશમાં એકાદ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન યોજાતું જ હોય છે. આ ઉપરાંત લગભગ બધા દેશોમાં રાષ્ટ્રીય પ્રદર્શનો પણ યોજાતાં રહે છે.

ભારતમાં ગઈ સદીની આખરમાં કેટલાંક ટિકિટ-પ્રદર્શનો થએલાં પણ આપણી ટપાલ-ટિકિટની શતાબ્દી નિમિત્તે ઈ. ૧૯૫૪માં આપણે ત્યાં મોટા પાયા પર આંતરરાષ્ટ્રીય પ્રદર્શન 'ઈન્ડિપેક્સ' યોજાયું હતું. તે પછી મુંબાઈ, મદ્રાસ, કલકત્તા, બૅંગલોર, હૈદરાબાદ, તિરુચી, જલંધર, કાનપુર વગેરે શહેરોમાં પણ અનેક ટિકિટ-પ્રદર્શનો થયાં. પણ છેલ્લે તાજેતરમાં ૨૩મી ડિસેમ્બર-૧૯૭૦થી છઠ્ઠી જાન્યુઆરી '૭૧ દરમિયાન દિલ્હીમાં જે ભરાઈ ગયું તે પહેલું મોટું પ્રદર્શન હતું. એમાં દેશના ટપાલખાતાએ રજૂ કરેલી ભારતની વિવિધ શ્રેણીની ખાસ ટિકિટો, ભારતનાં જૂનાં દેશી રાજ્યોની ટિકિટો, પરદેશમાં વપરાતી ભારતની ટિકિટો, રદ્દીકરણની અનેકવિધ છાપો, ટપાલખાતાની અન્ય સામગ્રીઓ, અહીંના સંગ્રાહકોના સંગ્રહમાંની બહુમૂલ્ય ટિકિટો વગેરે ખાસ ગણના-




પાત્ર હતી. આ ઉપરાંત ટિકિટોના વેચાણની, તેમજ આ પ્રસંગ નિમિત્તની રોજેરોજની ખાસ રદ્દીકરણની છાપ લગાડી આપવાની તથા રોજ સાંજે 'ફિલાટેલી' વિષયક માહિતીપ્રદ ફિલ્મો બતાવવાની વ્યવસ્થા પણ હતી. આ સાથે વિવિધ વિષયના ખાસ ટિકિટસંગ્રહો માટે વિવિધ સંસ્થાઓ સંગ્રાહકો તથા વેપારીઓ દ્વારા પાંચ ખાસ ઈનામો તથા પંદર સુવર્ણચંદ્રકો, ત્રીસ રૌપ્ય ચંદ્રકો અને પચાસ કાંસ્યચંદ્રકો પણ અપાયા હતા.

આ પ્રદર્શન નિમિત્તે ફર્સ્ટ ડે કવર અને રદ્દીકરણની ખાસ છાપ સાથે વીસ પૈસા અને એક રૂપિયાની કિંમતની ટપાલટિકિટો પણ બહાર પાડવામાં આવી હતી જે અહીં આપી છે. 'ઈન્પેક્સ-૭૦' નિમિત્તે બહાર પડેલી ભારતની બે ખાસ ટપાલટિકિટો જેના પરનાં આ વિશ્વવ્યાપી વ્યાસંગનાં સૂચક ચિત્રો છે. ટિકિટ નીચે આપેલી ૨૭મી ડિસેમ્બરે બહાર પડેલી. ભારતમાં ગર્લ ગાઇડ આંદોલનની હીરકજયંતી નિમિત્તની છે તેમાં જમણી બાજુ મથાળે ગાઇડોના વિશ્વસંઘની સંજ્ઞા ને નીચે ભારતીય સ્કાઉટગાઇડોનું પ્રતીક છે. (પ્રેષક: ડાહ્યાલાલ સી. પરમાર, અમદાવાદ-૧૮).

ભારતની ગર્લ ગાઇડ આંદોલનની હીરકજયંતી નિમિત્તેની ટિકિટ



ભારતનો વાંસ




ઊભા સોટા જેવી અને આંતરે આંતરે ગાંઠ અને પાનવાળી એક વનસ્પતિ. તેનું થડ ઉપયોગી છે. કાંટાવાળા વાંસ જાડા અને ઘણા ઊંચા થાય છે. તેમાં ઘઉંના જેવા દાણા થાય છે જે ખવાય છે. બિયાંને સોડવી તેનું પીણું પણ બનાવાય છે. વાંસના કંદમાંથી ફણગો એટલા જોરથી બહાર નીકળે છે કે તેના પર જો પથ્થર હોય તો તેને પણ તે ઉડાડી દે યા તેના સોંસરો બહાર આવે!

વાંસ ઘર બાંધવાથી માંડી અનેક ઉપયોગમાં લેવાય છે. વાંસમાં જે પાણી વળે છે તે ઠરી જઈ તેનું કપૂર જેવું સફેદ વંશલોચન થાય છે. વંશલોચન કફઘ્ન, શીતળ, વૃષ્ય અને ગ્રાહી તથા કૌવતપ્રદ છે. ક્ષય, શ્વાસ, ઉધરસ અને રક્તદોષમાં તે ૫ થી ૧૫ ગ્રેઇનની માત્રામાં અપાય છે. તેનાથી અતિસાર અને રક્તસ્રાવ પણ બંધ થાય છે. બીજાં ઔષધો સાથે પણ તે પ્રયોજાય છે. વજનમાં વંશલોચન ઘણું હલકું હોય છે. તેના પર તેજાબની અસર થતી નથી.

વાંસની ગાંઠ ને પાંદડાં પણ ઔષધમાં વપરાય છે ને તેની કુમળી ટીશીઓ ખવાય છે. તેનાં છોગલાંનું શાક અને અથાણું થાય છે. હોડીનો ડોલ બનાવવામાં કાઠી વાંસ વપરાય છે. મીઠામાં નાખેલા વાંસના કંદ વર્ષ બે વર્ષ સુધી ટકે છે. આપણે ત્યાં આ ઝાડ ૫૦ થી ૬૦ ફૂટ ઊંચું વધે છે ને તેનાં ઝટકઝટક ઝૂમખાં થાય છે. વાંસને ૬૦ વર્ષે ચમર આવે છે ને ત્યાર પછી તે મરી જાય છે. દક્ષિણ ભારતમાં બંને કિનારાનાં મેદાન ને મૈસૂરમાં વાંસની સારી પેદાશ થાય છે. વાંસના કાગળ પણ બને છે. વંશ, ત્વક્સાર, કર્માર, ત્વચિસાર, તૃણધ્વજ, શતપર્વા, યવફલ, વેણુ, મસ્કર, તેજન બધાં વાંસનાં નામ છે. જેમાં છિદ્ર પાડી વાંસળી બનાવાય એવા વાંસને કીચક કહે છે.

આ માસ (જાન્યુઆરી) ઇતિહાસમાં

તા. ૪, ૧૮૦૯ અંધજનો માટેની ઊપસેલાં છ ટપકાંવાળી 'બ્રેઈલ લિપિ' વિકસાવનાર અને સ્વયં અંધ લૂઈ બ્રેઈલનો જન્મ. અલબત્ત, એ લિપિનો વિચાર પૂર્ણતઃ એનો આગવો નહોતો પણ એણે અગાઉ થએલા પ્રયત્નોમાં કરેલા સુધારાથી લિપિ પૂર્ણ કક્ષાએ પહોંચી અને એટલે જ એ એના નામે બ્રેઇલ લિપિ કહેવાય છે. આજે તો ટાઈપ-રાઈટરો, સામયિકો,



બ્રેઈલ લિપિમાં અંગ્રેજી મૂળાક્ષરો તથા કેટલાક એકાક્ષરી શબ્દો


જાહેર સૂચનાનાં બોર્ડ વગેરે પણ બ્રેઈલમાં તૈયાર થાય છે. ભારતમાં હિંદી બ્રેઇલ પણ વિકસી છે. પારી(સ) નજીક કૂપ્રે નામના ગામના એક સાધારણ મોચીનો એ પુત્ર નાનપણમાં આંખમાં આર ભોંકાઈ જતાં અંધ બનેલો, પણ ત્યારે દુનિયાની પહેલી જ સ્થપાએલી અંધશાળામાં ભણી ઓગણીસમે વર્ષે ત્યાં જ શિક્ષક બન્યો ને જીવનભર એ કાર્ય કર્યું. દરમિયાન એક લશ્કરી અમલદારે બારબાર ટપકાંવાળી સાંકેતિક લિપિ યોજેલી તેમાં સુધારાવધારા કરી એણે એક પૂર્ણ લિપિ બનાવી. આરંભમાં એ લિપિના સ્વીકાર અંગે પણ વિવાદો થએલા, પરંતુ તેની લેખન અંગેની પૂર્ણતાને કારણે અંતે તેનો સ્વીકાર થયો ને જગતભરના અંધજનો માટે શિક્ષણનાં દ્વાર ખૂલી ગયાં. બ્રેઇલ ઉત્તમ કોટિનો વાદ્યકાર પણ હતો અને ઑર્ગન વગાડવામાં એની નામના હતી. ક્ષયને કારણે ઈ. ૧૮૫૨ની ૨૩મી ફેબ્રુઆરીએ એનું અવસાન થયું.

તા. ૭, ૧૦૨૬ મહમદ ગઝનીએ સોમનાથ લૂંટ્યું. અવારનવાર હિંદ પર ચડી આવી લૂંટ ને કતલ ચલાવી અહીંથી અઢળક દ્રવ્ય ને સંખ્યાબંધ માણસોને કેદ કરીને લઈ જતા મહમદ ગઝનીને સૌરાષ્ટ્રના જ્યોતિર્લિંગ સોમનાથની સમૃદ્ધિ લલચાવે એ તો સ્વાભાવિક હતું. એ માટે હજાર માઈલ દૂર, માર્ગમાં અનેક રાજ્યો ને ભયંકર રણ વટાવી છેક સૌરાષ્ટ્રના દક્ષિણ સુધી એ પહોંચી ગયો, સોમનાથનું મંદિર તોડ્યું, સદીઓથી ભેટ રૂપે ત્યાં આવેલી સમૃદ્ધિ અને નવ ફૂટનું વિશાળ શિવલિંગ તોડી અંદરનું મબલખ ઝવેરાત એ ઉઠાવી ગયો. પરંતુ માર્ગમાં એનો પુરવઠો સુધ્ધાં કોઈ તોડી ન શક્યું એટલું જ નહિ, પણ ભગવાન સોમનાથ સૌને તારી લેશે એવી અંધશ્રદ્ધાભરી ઘેલછાથી લોકો મંદિરમાં જઈ ભરાયા ને મહમદે એમની કતલ કરી. મહમદની આવી મોટી સફળતાથી બીજા આક્રમણકારો પણ હિંદની કમજોરી પારખી ગયા ને પરિણામે વર્ષો પછી દેશ સમસ્ત વિદેશીઓનો ગુલામ બનવાની નાલેશી પામ્યો. ('શ્રી મુનશીની પાત્રસૃષ્ટિ' માટે શ્રી ર. મ. રા.એ કરેલું ગઝનીનું લાક્ષણિક ચિત્ર આ સાથે આપ્યું છે.)


મહમદ ગઝની
રૂપ ('કુમાર' અંક ૫૬૫)

તા. ૧૦, ૧૬૧૬ સર ટૉમસ રો વેપારની મંજૂરી માટે જહાંગીરના દરબારમાં આવ્યો હતો. અગાઉ આ જ માસમાં તા. ૬, ૧૬૦૩માં ચાર વર્ષની દીર્ઘ સફર ખેડી મિલ્ડનહૉલ નામે એક અંગ્રેજ વેપારી હિંદ આવીને ત્રણ વર્ષ સુધી અકબરના દરબારમાં રહ્યો અને આ દેશમાં અંગ્રેજોને માટે વેપારની છૂટનું વચન લઈ પાછો ગયો હતો.

તા. ૧૫, ૧૭૭૮ કૅપ્ટન કૂકે હાવાઈ ટાપુઓ શોધ્યા. પ્રશાંત મહાસાગરની દિશામાંથી ઉત્તર અમેરિકાને મથાળે વાયવ્ય માર્ગની શોધ કરવા નીકળેલા કૅપ્ટન કૂકે આફ્રિકા, ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડ થઈને, એટલે કે પશ્ચિમમાંથી પૂર્વમાં આવીને પ્રશાંત મહાસાગરમાં પ્રવેશ કરી ઉત્તરમાં હંકાર્યું ત્યારે ટાહિટી ટાપુઓ પછી ઉત્તરમાં તે હાવાઈ ટાપુઓ પહોંચ્યો. અત્યાર સુધી આ ટાપુઓ જાણીતા નહોતા. અહીંથી આગળ એ ઉત્તરે છેક બેરિંગની સામુદ્રધુનિ પાર કરી ગયો પછી બરફ નડતાં પાછો વળી ફરી હાવાઈ રોકાયો



જ્યાં એક નજીવા કારણસર ત્યાંના આદિવાસીઓ સાથેની ઝપાઝપીમાં એનું અવસાન થયું. આજે આ ટાપુઓ અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાંના પચાસમા રાજ્ય તરીકેનું સ્થાન ધરાવે છે.

તા. ૧૮, ૧૯૨૭ લૉર્ડ ઇરવિનના હાથે નવું દિલ્હી ખુલ્લું મુકાયું. અગાઉ ઈ. ૧૬૫૮માં આ જ માસની ૩૦ તારીખે આ નવી દિલ્હી જ્યાં વસેલું છે એ જ સ્થાન પર શાહજહાંનાબાદનો કિલ્લો અને મહેલનું કામ પૂરું થએલું.

તા. ૧૯, ૧૮૩૯ એડન અંગ્રેજોના હાથમાં ગયું. ઈ. ૧૫૧૩માં પોર્ટુગલના નિષ્ફળ હુમલા બાદ ૧૫૩૮માં તુર્કોના હાથમાં ને ત્યાંથી ૧૭૩૫ સુધી સાનાના સુલતાન પાસે ને ત્યાર પછી લાહેજના શેખ પાસે હતું તે એની પાસેથી આંચકી લઈ અંગ્રેજોએ એને હિંદ સાથે જોડી દીધું હતું. સુએઝની નહેર ખોદાયા પછી હિંદનો વેપાર આ એડન દ્વારા ખૂબ વિકસ્યો હતો. ૧૯૩૭માં એડન સ્વતંત્ર સંસ્થાન બન્યું.

તા. ૨૩, ૧૫૩૫ તાલીકોટના યુદ્ધમાં વિજયનગરનું મહાન હિંદુ સામ્રાજ્ય પડ્યું અને તેનો આમૂલ ધ્વંસ કરવામાં આવ્યો.

તા. ૨૬, ૧૯૪૮ અમેરિકાના નામીચા શહેર શિકાગોમાં કિશોરોમાં વધી પડેલી ગુનાખોરી અટકાવવા અઢાર વર્ષની અંદરના કિશોરોને કોઈ પુખ્ત ઉંમરના માણસ વગર રાતના દસ વાગ્યા પછી બહાર ફરવાની મનાઈ ફરમાવવામાં આવી.

ભૂખ ન જાણે ભાવતું, પ્રીત ન જાણે જાત,
ઊંઘ ન જાણે સાથરો, જ્યાં સૂતાં ત્યાં રાત.

જર્મનીના રાજા મહાન ફ્રેડરિકે એક વાર જેલની મુલાકાત લઈ કેદીઓના મુખે એમની કેફિયત સાંભળવા માંડી ત્યારે લગભગ દરેકે કહ્યું કે પોતે નિર્દોષ છે અને વેરવૃત્તિથી કે અન્યાયથી જેલમાં મોકલાયો છે. માત્ર એક જ કેદીએ કહ્યું કે પોતે ગુનેગાર છે અને યોગ્ય શિક્ષા પામ્યો છે. ફ્રેડરિકે જેલરને કહ્યું: 'આને અત્યારે જ અહીંથી મુક્તિ આપો, નહિતર એ ગુનેગાર હોઈ આ બીચારા નિર્દોષોને બગાડશે!'

કહેવતોના અર્થ: ગયા અંકમાં આપેલી 'આપણે 'મમ-મમ'થી કામ છે? કે 'ટપ-ટપ'થી?' એ કહેવત પાછળ એવી લોકવાત છે કે નઠ્ઠી વાતોમાં પણ વહુનો વાંક કાઢ્યા કરતી એક વાંકદેખી સાસુએ ટીકા કરી કે આ વહુને રોટલા ઘડતાં યે નથી આવડતા; રોટલા ઘડતી વખતે તો ખાસ્સો 'ટપ-ટપ' અવાજ થવો જોઈએ. એ પરથી તેના વરે ઉપર્યુક્ત ઉક્તિનો ઉત્તર આપ્યો.

ગણિતગમ્મત: ધારો કે તમે બજારમાંથી એક આનાના અમુક લીંબુ લાવો. એ દરેક લીંબુમાંથી પાંચ બી કાઢો. પછી ધારો કે એ બધાં બી વાવી દરેક બી દીઠ એક એક ઝાડ ઉગાડો અને દરેક ઝાડ ઉપરથી સાત સાત લીંબુ ઉતારી જે ભાવે લાવ્યા હો તે ભાવે વેચી દો તો તમને કિંમત માત્ર રૂ. ૨-૩-૦ જ ઊપજશે. પછી ગમે તેટલાં લીંબુ વેચો. (કશ્યપકુમાર ઠાકર)



જે ગ્લાસ કે વાસણમાં પ્રવાહી રેડવા માટેના છજા કે ખાંચ ન હોય તેમાંથી કોઈ સાંકડા મોંના શીશીમાં ધાર પાડવી મુશ્કેલ બને છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે દવા હલાવવાના કાચના સળિયો, પ્યાલા પર કિનારને અડીને રાખીને રેડવાથી સીધી ધાર થશે.

અનેકાર્થી શબ્દ: રેખું = યોગ્ય કે લાયક; અમુકના જેવું, કે જેટલી કિંમતનું; લાકડાં, બળતણ.



ગુપ્ત વંશના સિક્કાઓ બધા મોટે ભાગે સોનાના જ હતા જે પ્રતીકોનાં રૂપોની વિવિધતા તથા મૌલિકતાની દૃષ્ટિએ તેમણે હિંદી સિક્કામાં નાખી જ ભાત પાડી છે. સમુદ્રગુપ્તનો પુત્ર ચન્દ્રગુપ્ત બીજો 'વિક્રમાદિત્ય' તેના પિતા પેઠે મહાપ્રતાપી હતો. તેના રાજ્યકાળના વિવિધ સિક્કાઓમાં અશ્વારૂઢી, સિંહ વિક્રમી, છત્રધર, બાણાવળી વગેરે અનેક પ્રકારની છાપમાંથી છેલ્લા પ્રકારનો નમૂનો ઉપર આપ્યો છે. તેમાં એક બાજુએ રાજા ભાથામાંથી બાણ કાઢતો દર્શાવ્યો છે. એના જમણા હાથ આગળ ગરુડધ્વજ છે, જેમાં ધ્વજદંડના મથાળે બેઠેલા ગરુડનું આલેખન છે. ડાબા હાથ નીચે 'ચન્દ્ર' એવો શબ્દ ને ગોળાકારે 'દેવ શ્રી મહારાજાધિરાજ શ્રી ચન્દ્રગુપ્ત' એમ લખેલું છે. પાછલી બાજુ કમલારૂઢ લક્ષ્મી છે જેના ડાબા હાથમાં કમળ ને જમણા હાથમાં પાશ છે.



સ્ફિંક્સ એક ગ્રીક કલાકણિકા: કથા છે કે પાંખવાળા સિંહશરીર અને સ્ત્રીમુખવાળું આ સ્વરૂપ થીબ્સના રાજમાર્ગ પરથી જનાર સૌને એક સવાલ પૂછતું અને ઉત્તર ન આપી શકે તેને મારી નાખતું. પણ ઇડિપસે એને ખરો ઉત્તર આપતાં તે દરિયામાં અદૃશ્ય થઈ ગયું ને થીબ્સનો માર્ગ મોકળો થયો. (જુઓ પૃ. ૮)

અનુસંધાન] દ ગૉલ [પૃષ્ઠ ૭થી

પડયા વર્દૂનો એ વિજેતા, એક આખી નવી પેઢી ઊછરી ગયા પછી–બાવીસ વર્ષે હવે સમગ્ર દેશનું સંરક્ષણ સંભાળી શકે તેટલો શક્તિમાન રહ્યો નહોતો. શ્રદ્ધા અને શક્તિ બંને હવે તેનામાં ખૂટતાં હતાં. આખરે નાઈલાજ થઈ એણે શરણાગતિ સ્વીકારી લેવાનો વિચાર કર્યો.

પણ પ્રજામાં પેતાંના નામનો હજી યે પ્રભાવ હતો. જો એ નમી પડે તો એનામાં શ્રદ્ધા રાખનારાં સૈન્ય અને પ્રજાજનોનું બળ અચૂક ભાંગી પડે. યુરોપભરમાં સમૃદ્ધ દેશ ને ઉત્તર આફ્રિકાથી દૂર પૂર્વ સુધી સત્તાવિસ્તાર ને ઇંગ્લંડ પછી બીજા નંબરનું વિશાળ નૌકાદળ ધરાવનાર ફ્રાંસ આમ પોતાના જ સ્વાતંત્ર્ય માટે ડચકાં લેવા લાગે એ કેમ ચાલે? એની અવદશા રોમની અધોગતિ જેવી જ અસરકર્તા બની જાય. ને ફ્રાંસ પડે તો યુદ્ધસાથી ઈંગ્લંડનું શું થાય? એ તો એક ટાપુ જ હતો. દુનિયા આખી જાણે ફ્રાંસના અંતિમ નિર્ણય પર મીટ માંડી થંભી ગઈ હતી.

૧૭મી જૂને કૉમ્પેનના જંગલમાં રેલવેના એક ડબ્બામાં મારશલ પેતાં જર્મન હાઈ-કમાન્ડને યુદ્ધવિરામની સંધિ કરવા મળ્યા. એની શરતોમાં પૂર્ણ શરણાગતિ સિવાય જર્મનો શું માગે?

આવી ભયંકર નિરાશાની પળે દ ગૉલે એકલે પંડે હિંમત કરી. એક સૈનિક તરીકે તે પોતાના ઉપરી અધિકારીઓના નિર્ણય ને આજ્ઞા માનવા-ને બંધાએલા હતા. પણ એમના અંતરમાં ફ્રાંસના ગૌરવનું મહત્ત્વ વધુ હતું. પોતે શિસ્તબદ્ધ લશ્કરી અમલદાર હતા અને મારશલ પેતાંએ શરણાગતિ સ્વીકાર્યા પછી એની ચારે તરફ જાસૂસો ને દેશદ્રોહીઓ ફરતા હોવાની પૂરેપૂરી શક્યતા હતી, છતાં એણે એક સાહસ કર્યું.

૧૮મી જૂને તે કેટલાંક સરકારી દફતરોમાં ગયા. બપોરે ત્યાં ફરી જવાના હતા, પણ તે દરમિયાન બ્રિટિશ સંપર્ક અધિકારી જનરલ સ્પીઅર્સને વિદાય આપવા એ વિમાનમથકે ગયા.ત્યાં વિમાનનું એન્જિન ચાલુ રખાવી સ્પીઅર્સ એમની રાહ જ જોતા હતા. બંને મળ્યા અને વાતો કરતા કરતા વિમાન તરફ ગયા. સ્પીઅર્સ વિમાનમાં ચડયા અને જેવાં પૈડાં ફરતાં થયાં કે દ ગૉલ ફૂદકો મારી અંદર ચડી બેઠા! તુરત વિમાને ગતિ પકડી ને થોડી વારમાં તો ઊંચે વાદળોમાં એ અદૃશ્ય થઈ ગયું.

અને એ જ દિવસે સાંજે લંડનથી એણે વાયુપ્રવચન કરી પોતાના દેશવાસીઓને સંબોધ્યા: ફ્રાંસના યોદ્ધાઓ!

ફ્રાંસની સરકારે અર્પેલી શરણાગતિ અને દુશ્મનોએ મૂકેલી શરતો સૌ જાણો છો... પણ જ્યાં સુધી સાથી રાષ્ટ્રો લડી રહ્યાં છે ત્યાં સુધી ફ્રાંસની સરકારને શત્રુને શરણે જવાનો કોઈ અધિકાર નથી... અલબત્ત, અનેક કારણોસર આપણે ઘણું ગુમાવ્યું છે, પણ હજી ફ્રાંસનું સામ્રાજ્ય ઘણું વિશાળ છે. આપણી પાસે હજી મોટી નૌસેના છે. હજી ઘણું સોનું છે. આપણી પડખે આપણાં સાથી રાષ્ટ્રો છે, અને તેમની પાસે હજી ઘણું બધું બાકી છે, દરિયા પર એમનું હજી વર્ચસ્વ છે, હજી અમેરિકાની ઔદ્યોગિક તાકાતનો આપણે લાભ લઈ શકીએ... પાંચેક હજાર વિમાનો ને છએક હજાર ટૅન્કો જો આપણને હરાવી શકે તો આપણે હજી સાથીઓની સહાયથી વીસ હજાર ટૅન્કો ને વીસ હજાર વિમાનો એકઠાં કરી દુશ્મનોને પણ એ જ રીતે હરાવી શકીએ. આ યુદ્ધ માત્ર ફ્રાંસ ને જર્મની વચ્ચે નથી કે એનો અંતિમ નિર્ણય લેવાઈ જાય. આ તો વિશ્વયુદ્ધ છે. ફ્રાંસ આમાં એકલું નથી. એને વિશાળ પીઠબળ છે. તમે સહેજ પણ શંકિત ન બનશો... ફ્રાંસની ભૂમિના છેલ્લા તસુ સુધી આપણે તેનો બચાવ કરીશું ને છતાં યે આપણને ત્યાંથી હાંકી કાઢશે તો દરિયો વળોટી આફ્રિકા જઈને ત્યાંથી યે લડવાનું જારી રાખીશું... ફ્રાંસ ફરી જાગ્રત થશે જ. ફરી એ સ્વતંત્ર બનશે જ, ને વિજયી બનીને જ ઊભું રહેશે.

બધા જ મુક્ત ફ્રાંસવાસીઓ લડતા રહો, જ્યાં હો ત્યાં લડો, જેમ લડી શકાય તેમ લડો... દેશભરમાં ઠેરઠેર ફ્રેન્ચ મુક્તિસેનાઓ ઊભી

કરો, જોડાઈ શકે તે ફ્રેન્ચ સૈન્યનો સાથ લો... બને તેટલી યુદ્ધસામગ્રી પેદા કરો અને શક્ય હોય ત્યાં બધે પહોંચતી કરો... ફ્રાંસના પ્રતિકારની જ્વાળા હરગીઝ બુઝાવી ન જોઈએ...'

એ પછીની કથા બીજા યુદ્ધના લંબાએલા વિનાશક કાળ જેટલી જ થકવનારી રહી. લંડનમાં નિર્વાસિત સરકાર જેવા બેઠેલા દ ગૉલ પાસે એણે ઉપાડેલા મહાકાર્ય માટે પૈસા કે સત્તાવાર પીઠબળ નહોતું. શરણાગતિ પછીના વહીવટદારોએ તો ઊલટા ઠરાવ્યા હતા એને દેશદ્રોહી! પણ ફ્રાંસમાં એમનો પડકાર ઝીલી લેનારા ઘણા હતા. ફ્રાંસની ભૂગર્ભ લડત જારી રહી ને અંતે ઈ. ૧૯૪૪માં સાથી આક્રમણો પછી જ્યારે દ ગૉલ ફ્રાંસ પાછા ફર્યા ત્યારે તો તેઓ રાષ્ટ્રીય ગાથા બની ગયા હતા.

હવે દ ગૉલની દોરવણી નીચે જ ફ્રાંસનું ચોથું પ્રજાસત્તાક સ્થપાયું. જૂના રાજનૈતિક પક્ષો પણ ફરી ઊભા થયા અને ડાબા-જમણી ખેંચાખેંચ ચાલુ થઈ. પણ દ ગૉલે તો પક્ષાપક્ષીથી અલિપ્ત રહીને પોતાનું ગૌરવ જાળવી રાખ્યું. એ કહેતા : 'દ ગૉલ ડાબી બાજુ યે નથી ને જમણી બાજુએ પણ નથી; પરંતુ એ સૌની ઉપર છે.' આગલી સરકારોને સ્થગિત કરી દેનારાં એ બધાં પરિબળો સામે એ ઝઝૂમ્યા. પણ અંતે લશ્કરી ખર્ચ ઘટાડવાના પ્રશ્ન અંગે તેઓ ગૌરવથી ખસી ગયા.

ઈ. ૧૯૫૮માં અલ્જિરિયાના પ્રશ્ને ફ્રાંસમાં આંતરવિગ્રહ જેવી સ્થિતિ સર્જી. રાજનૈતિક નેતાઓ દ્વારા પોતાની ઉપેક્ષા થતી માની લશ્કરી અધિકારીઓ બળવો કરીને સરકાર ઉથલાવવા તૈયાર થઈ ગયા. એ કટોકટીની પળે પ્રમુખ કોતીએ ફરી દ ગૉલને સરકાર રચવા આમંત્રણ આપ્યું ને બીજા યુદ્ધના કપરા દિવસોમાં પોતાના હામી બનનાર દ ગૉલને ફ્રાંસે જંગી બહુમતિથી વડા પ્રધાન તરીકે ચૂંટી કાઢ્યા...અને એ જ વર્ષે પોતાના સરતાજ તરીકે સ્થાપ્યા. સત્તા પર આવતાં જ એમણે અલ્જિરિયાને સ્વતંત્રતા આપી ફ્રાંસનો મોટો આર્થિક બોજ ઘટાડી નાખ્યો. બીજી બાજુ અનેક આંતરિક સમસ્યાઓમાંથી બહાર કાઢીને ફ્રાંસનું એમણે જાણે એક નવું જ ઘડતર કર્યું. દેશને એમણે નવું બંધારણ આપ્યું અને ફ્રાંસના પાંચમા પ્રજાસત્તાકના તેઓ પ્રમુખ બન્યા.

ફ્રાંસની આગેવાનીમાં યુરોપનાં રાષ્ટ્રોને એકત્રિત કરી અમેરિકા અને રશિયા વચ્ચેની એક નવી મહાસત્તા ઊભી કરવાની એમની મહેચ્છા હતી. એ માટે 'યુરોપિયન કૉમન માર્કેટ'ની એક યોજના ઘડાઈ. બ્રિટને તેમાં ભળવા બહુ પ્રયત્નો કર્યા પણ એની પાછળ અમેરિકાનો પગપેસારો થવાના ભયે તેમણે બ્રિટનને આ સંગઠનથી દૂર રાખવાનો આગ્રહ રાખ્યો. ઈ. ૧૯૬૮માં વિદ્યાર્થીઓ ને પ્રજાના વ્યાપક અજંપાને એમણે શમાવ્યો. ૧૯૬૯ના એપ્રિલમાં સરકારી કેન્દ્રીકરણ અને સેનેટના સુધારા પર લોકમત લેવા. પોતાનું સ્થાન પણ હોડમાં મૂક્યું પણ પ્રજા એમને એવી સત્તા આપતાં અચકાઈ એટલે સમય વર્તી તદ્દન નિઃસ્પૃહ ભાવે તેઓ રાજકારણમાંથી ખસી ગયા. જોકે રાજકારણમાંનો પોતાનો રસ હજી જારી રાખ્યો હતો અને સાથોસાથ નિવૃત્તિમય જીવનને પણ તેઓ એટલા જ આનંદથી માણતા રહ્યા હતા.

એમની દૃષ્ટિ વિશાળ ને દૂરગામી હતી, આત્મશ્રદ્ધા તો એમનામાં ભારોભાર હતી. રાજકીય દબાણોને લેશમાત્ર વશ થયા વિના તે પોતાનું મંતવ્ય સ્પષ્ટ કરી દેતા. એમનું ધ્યેય સદા સ્પષ્ટ રહેતું, એમના નિર્ણયો અડગ રહેતા ને તેમાં બાંધછોડને ક્યાંયે અવકાશ ન રહેતો. યુરોપના રાજકારણમાં અમેરિકાની ડખલગીરી એમને માન્ય નહોતી અને એ સામેની એક લડત રૂપે તેઓ નાટો કરારમાંથી ફ્રાંસને ખસેડી લઈ ત્યાંનું નાટોનું વડું મથક પણ ખસેડાવી લીધું હતું. એક કાળના કટ્ટર વેરી જર્મની સાથેના સંબંધો સુધારવાના પ્રયત્નો પણ તેમણે કરેલા. કોરિયન યુદ્ધ પછી પેકિંગનો સ્વીકાર એમણે જ પહેલો કરેલો. બબ્બે વાર ફ્રાંસના હિતસ્વી ને હામી તરીકે ઊપસી આવેલા છતાં એમના યે વિરોધીઓ તો હતા



જ. બધાં મળી લગભગ દસેક વાર એમને મારવાનાં કાવતરાં ઘડાએલાં ને બે વાર તો રીતસર હુમલા પણ થએલા; પણ તેને તેઓ 'ભૂંડી મજાક' ગણી હસી કાઢતા. એમનાં બધાં સ્વપ્નો મૂર્ત થાય એવાં કદાચ નહોતાં અને ફ્રાંસ રાજકીય કે આર્થિક દૃષ્ટિએ એટલું શક્તિશાળી પણ નહોતું— અને એમના સાથીઓ એ જાણતા પણ હતા એમનું વ્યક્તિત્વ અનેક વિરોધાભાસથી ભરેલું હતું અને તેમનાં વાણીવર્તન પણ વિવાદાસ્પદ રહેતાં.

આમ છતાં, કેવળ ફ્રાંસ જ નહિ પણ આખી દુનિયાના લોકો તેમને માત્ર ફ્રાંસની આકાંક્ષા ને અસ્મિતાના મૂર્તિમંત સ્વરૂપે કે નૂતન ફ્રાંસના નિર્માતા તરીકે જ નહિ, પણ માનવહક્કના મહાન પુરસ્કર્તા તરીકે યાદ કરશે. કટ્ટર વિરોધીઓ પણ એમની વિશેષતા ને મહાનતા કબૂલ્યા વિના રહેતા નહિ. અને એટલે જ તો એમને અંતિમ અંજલિ આપવા સો ઉપરાંત દેશોના રાજવીઓ, પ્રમુખો, વડા પ્રધાનો ને અગ્રણીઓ આવ્યા હતા. અને છતાં એ અંતિમ ક્રિયા કેવી હતી?


લગભગ ૧૯ વર્ષ પહેલાં એમણે પોતાના સાથી પૉમ્પિદૂને પોતાના મરણ પછી જ ખોલવા માટે એક કવર આપી રાખ્યું હતું, જેમાં પોતાની અંતિમક્રિયામાં રાજનૈતિક માન આપવાને બદલે નોત્રદામ દ કૉલોમ્બીના ચર્ચયાર્ડમાં, પોતાની એક અપંગ ને મૃત પુત્રીની બાજુમાં એક અદના ફ્રાંસવાસી પેઠે તદ્દન સાદાઈથી, દફનાવવાની અને પોતાની કબર પર માત્ર 'ચાર્લ્સ દ ગૉલ : ૧૮૯૦ થી …?' એટલું જ લખવાની સૂચના તેમણે લખી રાખી હતી.

ગઈ તા. ૯મી નવેમ્બરનો દિવસ પણ નિવૃત્તિકાળના છેલ્લા અઢાર માસની જેમ જ એમણે સ્વાભાવિકતાથી વિતાવ્યો. સાંજે ૭-૪૫ વાગ્યે રોજની જેમ ટેલિવિઝનના સમાચાર માટે એ ઊઠયા, પણ એકાએક ઢળી પડયા. પત્નીને બૂમ મારી દાક્તર અને કુટુંબના મિત્ર સમા પાદરીને બોલાવવા કહ્યું, ને દાક્તર આવ્યા પછી થોડી વારે અવસાન પામ્યા. એમના મરણની જાણ પ્રથમ નજીકનાં કુટુંબીઓને ને પછી, પૉમ્પિદૂને કરવામાં આવી, ને પ્રજાને તો છેક સાડા સત્તર કલાક પછી ખબર અપાઈ. આમ, એમની ઇચ્છાનુસાર એમની સત્તાવાર સ્મશાનયાત્રા કે તોપના અવાજો નહોતા થયા. જીવતાં જેણે પ્રસિદ્ધિ, આકર્ષણ ને વિરોધનાં અસંખ્ય તાણાવાણા પોતાની આસપાસ ગૂંથાવા દીધેલા તે પોતાની અંતિમક્રિયા તદ્દન સાદાઇથી પતાવવાની વિગતે સૂચના આપે ને રાજ્યની સત્તાવાર અંજલિ પણ નકારે એ પણ અનોખી ગૌરવપ્રદ હકીકત છે.

વિશ્વયુદ્ધમાં નાઝીઓની શરણાગતિ સ્વીકારવાની બદનામીમાંથી અને બીજી વાર આંતરવિગ્રહમાંથી એમ, બબ્બે વાર ફ્રાંસને બચાવી લેનાર, છેક લૂઈ ને નેપોલિયન પછી પોતાના પાંચમા પ્રજાસત્તાકની સ્થાપના દ્વારા ફ્રાંસને પહેલી વાર જ મજબૂત સરકાર આપનાર તથા ફ્રાંસની તારણહારિણી જોન ઑવ આર્કના જ ક્રૉસને પોતાના સંજ્ઞા-ધ્વજ પર મુકાવી ફ્રાંસના ગૌરવ માટે પોતાની રીતે જીવનભર ઝઝૂમનાર ચાર્લ્સ દ ગૉલના અવસાનથી એક વિવાદાસ્પદ છતાં મહાન એવી વ્યક્તિની દુનિયાને ખોટ પડી છે. એમના અનુગામી પૉમ્પિદૂના જ શબ્દોમાં કહી એ તો 'એમણે ફ્રાંસને પોતાનું આગવું શાસન આપ્યું, ને જગતમાં એનું સ્થાન સ્થિર કર્યું.' એક વારના એમના શાસનમાંના સંસ્કૃતિ-પ્રધાન ને વિખ્યાત લેખક આંદ્રે માલરોએ દ ગૉલને 'ગઈ કાલની પહેલાંના અને આવતી કાલ પછીના માનવી' ગણાવ્યા છે. 'ભવ્યતા ને પ્રતાપ વિનાનું ફ્રાંસ ફ્રાંસ ન રહી શકે' એમ દ ગૉલ માનતા અને ફ્રાંસ માટે ભવ્યતા ને પ્રતાપ પેદા કરવા તેઓ સદા પ્રયત્ન રહ્યા. 'કીર્તિ ને ઐશ્વર્ય એમને જ વરે છે, જેઓ સદા એનાં સ્વપ્નો સેવે છે.' આવું એમણે છેક ઈ. ૧૯૩૪માં લખેલું. એમના જીવનથી એ સ્પષ્ટ થાય છે કે એમણે એ સ્વપ્નાં જરૂર સેવ્યાં હશે.

—બિહારીલાલ ટાંક







શ્રી બેન્દ્રેની સુંદર પ્રમાણભારવાળી દૃષ્ટિમધુર સંયોજનાઓ.

ઉપર: કરગઠિયાં વીણતી ગ્રામનારીઓ

ડાબી બાજુ મથાળે: ચાલણગાડી

ડાબી બાજુ નીચે: પરબ (તાજેતરના પ્રદર્શન-માં રજૂ થએલું.)